
નિશ્ચયસે સતગુરુદેવ મુઝસે દુર નહિ હૈ,
જહાં મૈં હું વહાં હી મેરે ગુરુ હૈ.........
સોનગઢ કી ચિન્મય, ભવ્ય દિવ્યમૂર્તિકો
અધિક સમીપ હોકર ગહન દષ્ટિસે દેખતા રહતા હું.



# દ્રવ્ય દૃષ્ટિ પ્રકાશ

ॐ

શ્રી સદ્‌ગુરુ દેવાય નમઃ

# દ્રવ્યદૃષ્ટિપ્રકાશ

( ભાગ ૩જો )

—: ગુજરાતી અનુવાદક :—

શશીકાંત મ. શેઠ

—: પ્રકાશક :—

શ્રી વીતરાગ સત્‌ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ

૫૮૮, સર પટ્ટણીરોડ, લોઢાવાળી ચાલી,

ભાવનગર. ( સૌરાષ્ટ્ર ) ૩૬૪૦૦૧

: પ્રકાશક :

વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ

૬૦૨, માણેકવાડી,

ભાવનગર–૩૬૪ ૦૦૨.

પ્રથમ આવૃત્તિ સંવત્ ૨૦૩૫

પ્રત ૧૦,૦૦૦

**મૂલ્ય રૂા. ૪–૫૦**

: મુદ્રક :

**રજનીકાન્ત એમ. પટેલ**

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ

જગાફોકના ડેલામાં, લોખંડબજાર,

ભાવનગર–૩૬૪ ૦૦૧.

# સમર્પણ

પૂજ્ય શ્રી સદ્‌ગુરુદેવના પરમયોગથી અને તેમની અપૂર્વ સત્ અમૃત વાણીથી મારા જેવા પામર પર અપાર ઉપકાર થયો છે. આ થતાં જ નિજ સુપ્ત ચેતના તત્ક્ષણ સહસા જાગૃત થઇ ગઇ. વળી તેમના પ્રતાપથી આ ભરત-ભૂમિમાં અદ્‌ભુત અને અલૌકિક ધર્મપ્રભાવના થઇ રહી છે. એમના મુખારવિંદથી જિનધર્મ અને જિનવાણીનો વિશાળ પ્રવાહ અખંડ અતૂટ ધારાવાહી વહી રહ્યો છે. આ આધ્યાત્મિક સ્રોતથી નીકળેલી જ્ઞાનગંગામાં સ્નાન કરીને અનેક જીવો પાવન બની રહ્યા છે. અહો! અપૂર્વ આધ્યાત્મિક સહજાનંદ–વૃત્તિધારક, મહાન્ અનુભવી, પ્રખર ધર્મ–ઉપદેશક, કરુણાસિંધુ, પરમપૂજ્ય પરમોપકારી સદ્‌ગુરુદેવ શ્રીકાનજીસ્વામીનાં કરયુગલમાં અત્યંત અનન્ય ભક્તિપૂર્વક વિનમ્રભાવે આ ગ્રંથ સમર્પણ કરીને અત્યધિક આનંદ અનુભવી રહ્યો છું.

—રમેશચન્દ્ર સોગાની

# સંપાદકીય

આ નાનો છતાં અધ્યાત્મરસપૂર્ણ ગ્રંથ અધ્યાત્મરસિક જીવો સમક્ષ પ્રથમ વારજ ગુજરાતી ભાષામાં અનુવાદિત કરીને પ્રસિદ્ધ કરતા અમોને આનંદ થાય છે.

સ્વ. શ્રી. સોગાનીજીએ અવારનવાર મુમુક્ષુઓ સાથે આધ્યાત્મિક ચર્ચાઓ કરેલી તે ચર્ચાઓ યાદ કરીને પાછળથી લખી લેવાયેલી. તેનું સંપાદન કરીને, આ ગ્રંથ રૂપે સંકલન કરીને સંપાદન કરવામાં આવેલ છે. તેઓશ્રીની દૃષ્ટિપ્રધાન કથનશૈલીની વિશિષ્ટતા ગ્રંથના પરીચયથી સહજ જણાય આવે તેમ છે. સમ્યક્‌દર્શનના વિષયભૂત શુદ્ધાત્મ તત્ત્વ તે તેમની ચર્ચાનો મુખ્ય વિષય છે. જે તેમની મૌલિક શૈલીમાં તેમણે પ્રગટ કર્યો છે. અધ્યાત્મના ઉચ્ચ સિદ્ધાંતોનું રહસ્ય આ ગ્રંથમાં હોવાથી અધ્યાત્મ રસિક મુમુક્ષુઓને આત્મલાભમાં નિમિત્તભૂત થાય તે આ ગ્રંથ પ્રકાશનનો હેતુ છે. આ ગ્રંથમાં કેટલા વિષયોનો કયાં કયાં સમાવેશ છે. તે વિષય અનુક્રમ ઉપરથી જાણી શકાશે.

સ્વ. શ્રી. સોગાનીજીનો આધ્યાત્મિક નૂતન જન્મ થવામાં પરમ પૂજ્ય ગુરૂદેવ શ્રી કાનજી સ્વામીનો અનુપમ ઉપકાર છે. જે તેમણે પોતાની વિશિષ્ટ શૈલી દ્વારા અનેકવાર દર્શાવેલ છે. તેથી પરમકૃપાળુ ગુરૂદેવશ્રી જ આ ગ્રંથના મૂળમાં છે. કે જેઓ સમસ્ત ભારતવર્ષમાં દિગબંર જૈન ધર્મનો મહાન ઉદ્યોત કરી રહ્યા છે.

આ અનુવાદ ભાઈશ્રી રમણલાલ માણેકલાલ શાહે કાળજીપૂર્વક તપાસી આપેલ છે. જે બદલ તેમનો આભાર માનીએ છીએ.

શ્રી રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસના માલિક શ્રી રજનીકાંત પટેલે આ ગ્રંથનું સુંદર મુદ્રણકાર્ય શીઘ્ર કરી આપવા બદલ તેમનો આભાર

માનવામાં આવે છે. આ ગ્રંથની પડતર કીંમતમાં ૨૫% ટ્રસ્ટ તરફથી ઘટાડેલ , તે ઘટાડેલ કીંમતમાં ૨૦% વધુ કીંમત ઘટાડવા બદલ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદીર ટ્રસ્ટ, સોનગઢનો આભાર માનવામાં આવે છે. તદ્‌ઉપરાંત કીંમત ઘટાડવા માટે જે જે દાતાઓની રકમો આવેલ છે તેની સાભાર નોંધ અન્યત્ર આપેલ છે.

અંતમાં આ ગ્રંથમાં જૈન દર્શનનું જે અમૂલ્ય રહસ્ય ભર્યું છે તેના નિમિત્તે મુમુક્ષુઓ આત્મકલ્યાણને સાધે તેવી ભાવના છે.

**ભાવનગર.**
તા. ૧૪–૯–૭૯
ભાદરવા વદી ૯

ટ્રસ્ટી ગણ
**શ્રીવીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
**ભાવનગર.** ( સૌરાષ્ટ્ર )

# संक्षिप्त જીવન-પરિચય

પરમ પુનિત પુણ્યભૂમિ અજમેરમાં સ્વનામધન્ય પિતાશ્રી નેમીચન્દજી સોગાનીના ઘરમાં યશસ્વી પુત્ર નિહાલચન્દજી સોગાનીનો જન્મ થયો હતો. કેવું અહોભાગ્ય છે કે, મૂળ જૈન દિગંબર સંપ્રદાયમાં જન્મ લીધો. આ પુણ્યાત્મામાં ઉદાર હૃદય અને વિશાળ વ્યક્તિત્વની સાથે નિર્ભીકતાનું તો જાણે સામ્રાજ્ય જ તેમના એ વ્યક્તિત્વમાં સમાયેલું હતું.

સમયાનુસાર તેમણે શિક્ષણ પણ પ્રાપ્ત કર્યું, અને બુદ્ધિમાન્ તો અલ્પ શિક્ષાથી પણ પૂર્ણ લાભ પ્રાપ્ત કરી લે છે. ૨૨ વર્ષની અવસ્થામાં તેમણે ગૃહસ્થ-જીવનમાં પ્રવેશ કર્યો.

જોકે કુટુંબ મોટું હતું, ભૌતિક સુખોની ઓછપ નહોતી પરંતુ પુણ્યાત્મા વ્યક્તિને આવાં સાંસારિક સુખ રુચતાં નથી હોતાં. આથી મનઃસ્થળમાં શાંતિની પ્રાપ્તિ માટે ઝંઝાવાત જેવું લાગવા માંડ્યું. જીવનની કઠોર વાસ્તવિકતા જ્યારે શાંતિના આદર્શો સાથે અથડાઇ ત્યારે બે-મેળ ભાવનાઓના કારણે માનસમાં નીરવતા-બેચેની અને ધુંધલાપણાની છાયા પરિવ્યાપ્ત બની ગઇ અને આ મૂંઝવણે શાંતિની પ્રાપ્તની વ્યગ્રતાને વળી વધારે ઉગ્ર બનાવી દીધી ને ધર્મના આશ્રયમાં ખેંચીને લઇ ગઈ.

નિરંતર એ જ પોકાર ઊઠતો કે શાંતિ! શાંતિ!! પણ શાંતિ કયાં હતી? બસ, આ શાંતિના સમુદ્રમાં વૈભવનો આ સંસાર ફિક્કો લાગવા માંડયો. મનમાં ભાવના ઊઠી કે 'શું શાંતિ મળશે?' અરે! મળશે, અવશ્ય મળશે; પરંતુ કયારે અને કેવી રીતે? આ તરફ ધૂન હતી શાંતિની અને બીજી તરફ ગૃહસ્થ હોવાના કારણે

સંસારમાં પણ યોગ દેવો પડતો હતો, પરંતુ મન એમાં રમતું નહોતું; પ્રત્યેક સાંસારિક કાર્ય ઝેર જેવાં લાગતાં હતાં, તે એટલે સુધી કે ખાવાનું પણ એવી અરુચિ સાથે ખવાતું હતું કે શું ખાધું તેનું તેમને ભાન રહેતું નહીં. મનમાં શાંતિ માટે એક ચક્ર જેવું ચાલતું હતું. કોને પૂછે શાંતિનો તે માર્ગ—આ સંસારમાં તો—

" અહીં કોણ કોનું સુણે છે ?
સહુ પોતપોતાની ધૂન લગાવે છે. "

૩૨ વર્ષની ઉંમરમાં તો જીવન બોજારૂપ લાગવા માંડયું. જીવવું એ પણ એક બોજા જેવું બની ગયું. અનંત શાંતિની અનંત ખોજ માટે હૃદય તલસતું રહેતું હતું. આ આત્મિક શાંતિની પ્રાપ્તિ માટે કેટલાંયે વર્ષો સુધી કયા કયા ધર્મોના દરવાજા ખખડાવ્યા નહીં હોય ! બધાયે ધર્મોનું યથાસાધ્ય તત્ત્વાવલોકન કર્યું, રામાયણ અને ગીતાનું યથાશક્ય અધ્યયન કર્યું, હઠ-યોગીઓના હઠવાદને સાધ્યો, સ્વાધ્યાય કર્યો, પરંતુ નહીં—નહીં, એ આત્મિક શાંતિ ન મળી. અમૂલ્ય એવા મનુષ્ય-ભવનો એક અંશ તો આ રીતે ભટકવામાં ચાલ્યો ગયો.

જીવનનો ઉદ્દેશ તો એ જ બની ગયો હતો કે—

" આ પથનો ઉદ્દેશ્ય નથી થકિત ભવનમાં ટકી રહેવું;
કિંતુ પહોંચવું એ સીમા સુધી, જેની આગળ માર્ગ નથી. "

કદાચ આ માર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રનો હતો જેની સીમા છે મોક્ષ.

અંતે એક જણે કહ્યું, અરે ! જૈનશાસ્ત્રોમાં જ તો એ શાંતિ છે. આથી રાતોની રાતો જાગીને અનેક જૈનશાસ્ત્રોનું ગહન અધ્યયન કર્યું, પૂજાદિ બધી ધાર્મિક ક્રિયાઓ પણ કરી, ગાર્હસ્થ્ય જીવનથી અલગ પોતાનો નિવાસ રાખ્યો, અધ્યયન-મનન અને

ચિંતનની ત્રિવેણી વહેતી કરી પરંતુ મગજમાં શાંતિ માટે ભડભડતી જ્વાળાની ભઠ્ઠી ન ઓલવાઇ કે ન શાંતિ થઈ. અનંત સુખની શોધમાં, સહજાનંદની પ્રાપ્તિ માટે રાતોની રાતો અહીંથી ત્યાં ભટકયા કર્યું. મન કહેતું હતું કે, 'જો શાંતિ નહિ મળે તો મારા આ નશ્વર શરીરનું આ અસાર સંસારથી ચાલ્યા જવું શ્રેયસ્કર થશે.'

પરંતુ 'જ્યા ચાહ છે ત્યાં રાહ છે' તો પછી આત્માર્થી જ એનાથી વંચિત શા માટે? પુરુષાર્થથી જ્યારે બધાને ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ થઇ જાય છે તો પછી અનંત સુખનો શોધક આત્મ સુખથી છેવટે કેટલા દિવસ દૂર રહી શકે? આ ધર્માનુરાગી ભાઇને પણ એક એવા આત્માર્થી સજ્જન (શ્રી નેમીચંદજી પાટની) મળી ગયા, જેમણે પરમ ઉપકારી ગુરુદેવ શ્રી કહાન સ્વામીજીનાં વચનામૃતોથી અંકિત 'આત્મધર્મ' આપ્યું. બસ, ઝણઝણાટ કરતી સ્વરલહરી નીકળી પડી. અરે! મળી ગયું! જે સુખની શોધ હતી તે મળી ગયું! 'આત્મધર્મ'ની સારગર્ભિત વાત હતી; 'ષટ્ આવશ્યક શા માટે? એક જ આવશ્યક છે.' એથી એમના અંતરમાં ઘા લાગી ગયો. બસ, ત્યારથી 'આત્મધર્મ'માં અંકિત ગુરુદેવના ચિત્રને જોતાં જ મન ઉલ્લાસથી ભરાઇ ગયું અને આ શબ્દોની સાથે એ ભવ્ય ચિત્રને અર્ઘ અર્પણ કર્યો :–

"उदकचन्दनतन्दुलपुष्पकैश्चरुसुदीपसुधूपफलार्घकैः ।
धवलमंगलगानरवाकुले जिनगृहे जिननाथमहं यजे ॥"

'ચેતન ભિન્ન જુદી છે કાયા' આ મૂળ તત્ત્વ અધ્યાત્મયોગી ગુરુદેવની વાણીથી મુખરિત, રસથી ઓતપ્રોત આત્મધર્મમાં મળી ગયું. અહા! આવા સંત મહાત્માનાં દર્શન માટે મન તલસવા લાગ્યું. પરમ ઉપકારી ગુરુદેવનાં દર્શનની લાલસાની વ્યાકુળતા દિન–પ્રતિદિન વધતી જ ગઈ.

છેવટે આરાધક પોતાના આરાધ્ય ગુરુનાં ચરણનું શરણ લેવા અને ગુરુચરણની રજ મસ્તકે લગાડવા સં. ૨૦૦૨ માં સોનગઢ પહોંચ્યા. એવા મહાન મુક્તિદાતાનાં દર્શન કરીને હૃદય પુલકિત બની ગયું.

પુણ્યાત્માને ગુરુદેવનાં 'જ્ઞાન અને રાગ જુદા છે' એ વચનથી એકદમ શાંતિ મળી ગઇ. ગુરુદેવનાં અમૃત વચનોને સાંભળતાં જ લાગ્યું કે, અરે ! જે મુક્તિની શોધમાં ઠેરઠેર ભટકયો, તે પરમ ઉપકારી ગુરુદેવના પ્રથમ પ્રવચનમાં જ (એ મુકિત) એટલી સહજ લાગી અને ભાવ જાગૃત થયો કે, 'તો શું હું મુક્ત થનારો છું ?'

અહો ! ગુરૂદેવનું આ મિલન અને સામીપ્ય તેમને માટે કલ્યાણકારી સિદ્ધ થયું અને લક્ષ્ય તરફ ધપવાની પ્રેરણા મળી.

અહા ! કેટલા માર્મિક અને મહત્ત્વપૂર્ણ હતા તે શબ્દો 'જ્ઞાન અને રાગ જુદા છે' કે સાંસારિક જાળમાં ભટકતા એક પ્રાણીને તત્ક્ષણ સાચો પુરુષાર્થ જાગૃત થયો ! સ્વર્ણનગરી (સોનગઢ) ની સમિતિના એક ઓરડામાં બેસીને આખી રાત અતીન્દ્રિય, ધ્રુવસ્વભાવનું ઘોલન કર્યું અને તે જ રાત્રે નિર્વિકલ્પ દશા પ્રાપ્ત કરી લીધી. તેમની આ નિર્વિકલ્પ દશાની અખંડ ધારા જીવન પર્યંત નિરંતર ચાલતી રહી.

પૂ. ગુરુદેવની આ સ્વર્ણનગરીમાં આવીને સ્વયંને તેમજ કુટુંબીજનોને એવા ભૂલી ગયા કે જાણે તેમની સાથે ક્યારેય સંબંધ જ નહોતો. અરે ! જ્ઞાનાનંદની મસ્તીએ તેમને બેહોશ બનાવી દીધા હતા, નિરંતર એ જ ભાવના ઉઠતી હતી કે હજારો વર્ષો સુધી પણ હું એ મસ્તીને પીધા કરું તોય તૃપ્તિ થશે નહીં. —એવા ભાવ થતા હતા જાણે—

'હમ છોડ ચલે' યહ લોક તભી, લોકાંત બિરાજે ક્ષણમેં જા;
નિજ લોક હમારા વાસા હો, શોકાંત બને ફિર હમકો ક્યાં ?'

અતીંદ્રિય આનંદના ભોક્તા શ્રી ગુરુદેવ પ્રત્યે ઉપકારની ચર્ચા ચાલતાં જ આત્માર્થી ગદ્‌ગદ્‌ થઈ જતા, મૌન બની જતા, અવિરલ અશ્રુધારા વહેવા લાગતી, મનના ઉદ્‌ગાર આંખોના માર્ગે નીકળતા રહેતા.

'ગુરુદેવ માટે મારા હૃદયમાં શું છે ? તે વાણી દ્વારા હું વ્યક્ત કરી શકતો નથી. આ પામર ઉપર ગુરુશ્રીની અનંત કૃપા થઈ છે. બસ, નિરંતર એ જ ભાવના છે કે ગુરુચરણોમાં સદૈવ પોતાને પામું.' સંસારથી પૂર્ણરૂપે ઉદાસીનતાએ વારંવાર ગુરુચરણોમાં આવવાની વ્યાકુળતા બતાવી પરંતુ લાખ વાર ઇચ્છવા છતાંયે નિરંતર ગુરુચરણની સેવાનો યોગ મળ્યો નહિ.

સંસાર અરુચિકર હતો છતાંયે સંસારના આ કાદવમાં ફસાવું પડયું. આ સાંસારિક કાદવમાં પોતાના જડ શરીરનો યોગ હોવા છતાંયે આત્મા નિરંતર પોતાના ઘોલનમાં હતો. જ્યારે જ્યારે પણ બાહ્ય સંસાર પોતાની તરફ બોલાવતો–ગાર્હસ્થ્ય જીવનની ઝંઝટો પોતાની તરફ આકર્ષણ કરતી ત્યારે તેઓ જ્ઞાની એમ કહેતા કે, "અરે ! મારી પાસેથી કંઈ પણ આશા ન રાખશો, પાંગળો સમજીને મને બે વખતનું ભોજન આ શરીરને ટકાવવા માટે આપજો."

કરોડપતિઓની વિશાળ નગરી કલકત્તા, ૬૦–૭૦ લાખની ત્યાં વસ્તી છે. ત્યાં પણ આત્માર્થીને ભાન રહ્યા કરતું હતું જાણે આ અગાધ મનુષ્ય સમુદાયમાં હું એક એકલો ( આત્મા ) જ સુખી છું.' અરે ! નિશ્ચિત જ સુખી હતો. આત્માનંદનું રસાસ્વાદન કરનારો સ્વયંને સુખી તો શું–સર્વસુખી હોવાનો અનુભવ કરતો હતો.

પુણ્યાત્માને શરીર તો એક નિરર્થક બોજા જેવું લાગતું હતું. કાળનું જાણે સદા સ્વાગત હતું. જેની જેવી ઇચ્છા ( ભાવના ) હોય છે, તેવો જ યોગ પણ થઇ જાય છે. પરમ પૂજ્ય પુણ્યાત્માને પણ એવો યોગ બેઠો કે અકસ્માત્ હૃદયની ગતિ રોકાઈ જતાં આત્માર્થીને શરીરનો આ વ્યર્થનો બોજો હઠી જતાં તેમને માટે વાસ્તવિક વનવાસનો માર્ગ પ્રશસ્ત કરી દીધો.

તા. ૭, જૂન ૧૯૬૪નો તે હૃદયગ્રાહી દિવસ ભૂલાઇ શકાતો નથી, જ્યારે દેવાત્માના હૃદયમાં દર્દ થવા લાગ્યું, આખા દિવસનો ઉપવાસ, સતત શ્રીમદ્ રાજચંદ્રના પુસ્તકનું અધ્યયન, આત્મઘોલન અને શાંતમુદ્રા. સંધ્યાકાળે આ વેદનાનું કંઇક અધિક ભાન થયું છતાંયે સ્નાન કર્યું, જાણે સંસારથી પ્રસ્થાન કરવા માટે જડ શરીરની શુદ્ધિ કરી. વાતાવરણમાં પણ એક આશ્ચર્યકારક વાદળછાયો ઘુંઘવાટ, ઘર્ષણ અને ઉદાસીનતા ભરેલાં હતાં, જાણે એવું લાગતું હતું કે કોઇ અવ્યકત વેદનાના ઊંડા સાગરમાં ડુબતા રહેતા હોય. ગૃહસ્થપણાની પૂરી વિકલ્પ-જાળથી મુકત થઈ એકાંતમાં પોતાના જડ શરીરનો બોજો હઠાવી દીધો. તેમના જડ શરીરને સંપૂર્ણ આદર ભાવથી ચંદન અને કપૂરની ચિતા પર સુવાડી દીધો.

આ આકસ્મિક સ્વર્ગવાસના સમાચાર જ્યારે મહારાજશ્રીએ સાંભળ્યા ત્યારે વૈરાગ્યપૂર્વક સહજ ઉદ્ગાર નીકળી પડયા, "અરે ! આત્માર્થીએ મનુષ્ય-જીવન સફળ કરી લીધું છે, તેઓ સ્વર્ગમાં ગયા છે અને નિકટ ભવી છે."

અંતે તેમના આત્માની શાંતિની પ્રાપ્તિ માટે નિરંતર પ્રાર્થના કરતાં એ જ ભાવના છે કે, અમે બધાં પણ સહજાનંદના એ અલૌકિક આનંદની, અનંત સુખની, અમાપ શાંતિની પ્રાપ્તિ કરીને મનુષ્ય–જીવન સફળ કરીએ.

—કુમુદ સોગાની

# વિષયસુચિ


૧ દૃષ્ટિનું પરિણમન અને દૃષ્ટિનો વિષય:—

૨, ૭, ૮, ૯, ૧૧, ૧૨, ૧૩, ૧૯, ૨૩, ૨૬, ૨૯, ૩૦, ૩૨, ૪૦, ૫૦, ૫૩, ૫૪, ૭૧, ૭૫, ૭૬, ૭૮, ૯૫, ૧૧૫, ૧૫૯, ૧૬૧, ૧૮૦, ૧૯૧, ૧૯૭, ૧૯૯, ૨૦૩, ૨૦૬, ૨૦૭, ૨૨૮, ૨૩૦, ૨૩૭, ૨૪૦, ૨૪૭, ૨૫૧, ૨૫૫, ૨૬૬, ૨૬૯, ૨૭૭, ૨૮૧, ૨૮૨, ૨૮૬, ૨૮૯, ૨૯૪, ૨૯૫, ૨૯૬, ૩૦૬, ૩૧૩, ૩૬૦, ૩૬૮, ૩૭૦, ૩૭૩, ૩૭૫, ૪૦૬, ૪૦૭, ૪૨૯, ૪૩૭, ૪૪૨, ૪૬૭, ૪૭૦, ૪૮૦, ૪૮૧, ૫૧૧, ૫૧૨, ૫૨૨, ૫૪૧, ૫૫૨, ૫૬૦, ૫૬૧, ૫૬૨, ૫૬૬, ૫૬૯, ૫૭૮, ૫૮૩, ૫૮૫, ૫૮૯, ૫૯૧, ૫૯૪, ૬૦૬, ૬૦૮, ૬૧૭, ૬૨૫, ૬૨૭, ૬૨૯, ૬૩૭.

૨ આત્મા કઈ રીતે પ્રાપ્ત થાય:—

૨૫, ૭૦, ૯૦, ૨૫૦, ૫૦૬, ૫૬૮, ૫૮૧.

૩ માર્ગદર્શન:—

૬૮, ૭૨, ૮૧, ૮૪, ૮૬, ૧૦૨, ૧૦૩, ૧૦૪, ૧૨૫, ૧૨૭, ૧૩૩, ૧૩૮, ૧૬૦, ૧૬૩, ૧૭૭, ૧૭૮, ૧૮૫, ૨૦૧, ૨૧૦, ૨૧૮, ૨૨૧, ૨૨૭, ૨૨૯, ૨૩૨, ૨૩૬, ૨૪૧, ૨૪૮, ૨૫૪, ૨૫૬, ૨૫૭, ૨૬૫, ૨૬૭, ૨૬૮, ૨૭૨, ૨૯૨, ૩૦૨, ૩૨૭, ૩૩૦, ૩૫૭, ૩૫૮, ૩૭૭, ૩૮૬, ૩૯૪, ૪૧૩, ૪૧૬, ૪૨૬, ૪૨૮, ૪૩૦, ૪૩૧, ૪૩૮, ૪૩૯, ૪૫૪, ૪૫૮, ૪૬૪, ૪૬૬, ૪૭૩, ૪૮૯, ૪૯૧, ૪૯૫, ૫૦૨, ૫૦૩, ૫૧૭, ૫૨૧, ૫૨૬, ૫૩૦, ૫૩૨, ૫૩૩, ૫૩૫, ૫૫૧, ૫૫૯, ૫૬૪, ૫૭૧, ૫૮૦, ૫૯૭, ૫૯૯, ૬૦૩.

૪ પ્રયોજન ( પર્યાય અપેક્ષાએ કર્તવ્ય ):—

૧૪, ૧૯૨, ૨૭૩, ૨૮૩, ૩૦૯, ૩૧૮, ૩૪૦, ૩૫૧, ૫૨૯, ૫૫૮, ૫૯૨, ૫૯૫.

૫ પાત્રતાના લક્ષણ:—

૨૦, ૧૧૩, ૧૮૩, ૪૨૧, ૪૨૭, ૪૭૬.

૬ મુમુક્ષુની ભૂમિકા:—

૨૪, ૪૯, ૬૪, ૯૨, ૧૧૮, ૩૨૮, ૫૦૧.

૭ આત્માની રુચિ:—

૮૫, ૮૭, ૧૧૭, ૨૩૯, ૩૧૧, ૩૩૧, ૪૧૦, ૪૧૮, ૪૪૭, ૪૫૬, ૪૯૭, ૪૯૮.

૮ પુરુષાર્થનું સ્વરૂપ:—

૨૨, ૩૦૮, ૩૨૪, ૩૬૨, ૩૮૦, ૫૦૫, ૫૪૯, ૫૮૨, ૬૩૮.

૯ ધ્યાન, ધ્યેય:—

૯૩, ૩૨૯, ૫૩૪, ૬૨૧.

૧૦ ભક્તિ:—

૩૯૨, ૪૪૬, ૪૫૫, ૪૮૩, ૪૯૯.

૧૧ આત્મિક સુખ:—

૨૧. ૩૩, ૯૧, ૧૮૬, ૨૭૪, ૩૦૫, ૩૪૪, ૩૭૧, ૩૭૯, ૪૧૭, ૪૪૫, ૪૫૩, ૬૦૪.

૧૨ સમ્યક્‌જ્ઞાનની પ્રવૃત્તિ:—

૩૫, ૫૫, ૫૬, ૧૬૬, ૧૮૮, ૧૯૩, ૧૯૮, ૨૦૫, ૨૧૧, ૨૧૩, ૨૫૨, ૨૫૯, ૨૮૪, ૩૦૪, ૩૩૬, ૩૩૮, ૩૪૧, ૩૪૨, ૩૫૫, ૩૯૧, ૪૪૯, ૪૫૦, ૪૬૨, ૪૬૮, ૫૭૦, ૬૦૧, ૬૧૪, ૬૧૯, ૬૨૪.

૧૩ પ્રમાણનો વિષય:—

૩, ૪, ૫, ૪૩, ૧૮૭, ૫૨૦, ૫૨૪, ૬૦૭.

**૧૪ નિશ્ચય વ્યવહાર:—**

૧૭, ૨૮, ૧૦૭, ૧૪૯, ૨૩૩, ૪૦૪, ૪૬૩, ૫૧૮, ૫૯૮, ૬૧૮, ૬૨૦, ૬૩૬.

**૧૫ જ્ઞાતાદૃષ્ટાપણું (ભેદજ્ઞાન):—**

૩૪, ૩૬, ૧૧૧, ૧૫૨, ૧૮૪, ૩૩૨, ૪૫૯, ૫૭૯, ૫૯૩.

**૧૬ જ્ઞાની-અજ્ઞાનીનો ભેદ:—**

૫૭, ૨૦૪, ૩૦૭, ૪૨૩, ૪૨૪, ૫૧૯.

**૧૭ બહિર્મુખ પરિણામમાં દુ:ખ:—**

૫૧, ૧૨૨. ૧૩૪, ૧૪૧, ૧૪૨, ૧૯૫, ૨૨૦, ૨૯૭, ૩૧૨, ૩૩૭, ૩૪૬, ૩૪૭, ૩૭૮, ૩૮૧, ૩૯૩, ૩૯૯, ૪૧૨, ૪૩૬, ૪૫૨, ૪૯૨.

**૧૮ મિથ્યા અભિપ્રાયનું સ્વરૂપ:—**

૫૮, ૬૯, ૭૭, ૯૭, ૧૦૫, ૧૧૦, ૧૧૬, ૧૩૧, ૧૫૦, ૨૭૬, ૨૭૯, ૨૯૯, ૩૨૬, ૪૦૫, ૪૭૯, ૪૯૩, ૫૦૭, ૫૨૭, ૫૪૫, ૫૪૮, ૫૫૭, ૫૬૫, ૬૦૨, ૬૨૩.

**૧૯ પરલક્ષી ક્ષયોપશમજ્ઞાન-અટકવાનું સ્થાન:—**

૧૮૯, ૩૦૩, ૪૪૮, ૪૮૮, ૫૪૨, ૫૭૬.

**૨૦ દ્રવ્યલિંગીની ભૂલ—**

૬૦, ૮૩, ૧૨૧, ૨૬૩, ૬૨૬, ૬૩૦.

**૨૧ પરસન્મુખતાનો નિષેધ:—**

૧૫, ૧૬, ૪૬, ૪૭, ૪૮, ૬૧, ૬૨, ૧૦૧, ૧૦૬, ૧૦૯, ૧૨૪, ૧૩૦, ૧૪૦, ૧૪૭, ૧૪૮, ૧૫૩, ૧૫૪, ૧૫૫, ૧૫૬, ૧૬૨, ૧૬૪, ૧૬૫, ૧૮૧, ૨૦૨, ૨૧૪, ૨૨૨, ૨૨૪, ૨૨૫, ૨૪૩, ૨૪૬, ૨૫૮, ૨૬૨, ૨૮૫, ૨૯૧, ૩૧૬, ૩૧૯, ૩૪૮, ૩૪૯, ૩૫૯, ૩૬૬, ૩૮૮, ૩૮૯, ૩૯૭, ૪૦૩, ૪૦૮, ૪૧૧, ૪૪૧,

૪૬૫, ૪૮૨, ૪૮૬, ૫૨૩, ૫૨૫, ૫૩૮, ૫૩૯, ૫૫૬, ૫૬૩, ૫૭૪, ૬૨૨.

**૨૨ પર્યાયથી નિરપેક્ષતા:—**

૭૪, ૮૦, ૮૮, ૯૬; ૧૫૭, ૧૭૯, ૩૨૫, ૩૩૫, ૩૬૫, ૩૬૭, ૩૭૨, ૪૦૨, ૪૦૯, ૪૨૫, ૪૪૩, ૪૭૭, ૪૭૮, ૪૯૪, ૪૯૬, ૫૧૬, ૫૫૩, ૫૮૬, ૫૮૮, ૫૯૬, ૬૩૯.

**૨૩ પર્યાયના કર્તાપણાનો નિષેધ:—**

૬૫, ૧૭૧, ૧૭૫, ૨૧૯, ૨૨૩, ૨૩૪, ૨૪૨, ૨૪૪, ૨૯૮, ૩૨૨, ૩૩૩, ૩૯૫, ૪૧૫, ૪૧૯, ૪૩૨, ૪૩૩, ૪૪૪, ૫૧૪, ૫૨૮, ૫૭૫, ૫૮૪, ૫૮૭, ૫૯૦, ૬૦૫, ૬૦૯, ૬૧૧, ૬૪૨.

**૨૪ સિદ્ધાંતિક નિરૂપણ:—**

૧, ૬, ૧૮, ૨૭, ૩૧, ૩૭, ૩૮, ૩૯, ૪૧, ૪૨, ૪૪, ૪૫, ૫૨. ૬૩, ૭૩, ૭૯, ૮૨, ૮૯, ૯૪, ૯૮, ૯૯, ૧૦૦, ૧૦૮, ૧૧૪, ૧૨૦, ૧૨૬, ૧૨૮, ૧૨૯, ૧૪૩, ૧૪૪, ૧૪૫, ૧૫૧, ૧૫૮, ૧૬૭, ૧૬૮, ૧૬૯, ૧૭૨, ૧૭૪, ૧૭૬, ૧૮૨, ૧૯૦, ૧૯૪, ૧૯૬, ૨૦૦, ૨૦૮, ૨૦૯, ૨૧૨, ૨૧૫, ૨૧૬, ૨૧૭, ૨૨૬, ૨૩૧, ૨૩૫, ૨૩૮, ૨૪૫, ૨૪૯, ૨૬૧, ૨૬૪, ૨૭૫, ૨૭૮, ૨૮૦, ૨૮૭, ૨૮૮, ૨૯૦, ૨૯૩, ૩૦૧, ૩૧૦, ૩૧૫ ૩૨૦, ૩૨૧, ૩૨૩, ૩૩૯, ૩૪૫, ૩૫૦, ૩૫૨, ૩૫૩, ૩૬૧, ૩૬૩, ૩૬૪, ૩૭૪, ૩૭૬, ૩૮૨, ૩૮૭, ૩૯૦, ૩૯૬, ૩૯૮, ૪૦૦, ૪૧૪, ૪૨૦, ૪૨૨, ૪૩૪, ૪૪૦, ૪૫૧, ૪૫૭, ૪૬૦, ૪૬૯, ૪૭૧, ૪૭૨, ૫૦૦, ૫૦૪, ૫૦૮, ૫૧૦, ૫૧૫, ૫૨૬, ૫૩૭, ૫૪૦, ૫૪૩, ૫૪૬, ૫૪૭, ૫૫૦, ૫૫૪, ૫૫૫, ૫૬૭, ૫૭૨, ૫૭૯, ૬૦૦, ૬૧૦, ૬૧૨, ૬૧૫, ૬૧૬, ૬૩૩.

**૨૫ મૃત્યુ પહેલા તૈયાર રહો:—**

૩૦૦, ૩૧૭, ૪૬૧, ૪૭૪, ૪૭૫, ૬૧૩.

**૨૬ ગુરુ મહિમાઃ—**


૬૭, ૧૩૨, ૧૩૯, ૧૭૦, ૨૫૩, ૨૭૧, ૩૧૪, ૩૬૯, ૩૮૩, ૪૦૧, ૫૦૯, ૫૪૪, ૫૭૩, ૬૩૧.

**૨૭ અંગતઃ—**

૧૦, ૫૯, ૬૬, ૧૧૨, ૧૧૯, ૧૨૩, ૧૩૫, ૧૩૬, ૧૩૭, ૧૪૬, ૧૭૩, ૨૬૦, ૨૭૦, ૩૩૪, ૩૪૩, ૩૫૪, ૩૫૬, ૩૮૪, ૩૮૫, ૪૩૫, ૪૮૪, ૪૮૫, ૪૮૭, ૪૯૦, ૪૯૭अ, ૫૧૩, ૫૩૧, ૬૨૮, ૬૩૨, ૬૩૪, ૬૩૫, ૬૪૦, ૬૪૧, ૬૪૩, ૬૪૪, ૬૪૫.

## * શુદ્ધિ પત્રક *

| પાના નં. | બોલ નં. | લીટી | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|---|
| ૧૮ | ૬૬ | ૩ | વિકારની | વિચારની |
| ૬૪ | ૨૩૮ | ૧૭ | પરિણામ જશે | પરિણામ જશે ક્યાં ? |
| ૭૬ | ૨૮૨ | ૭ | અનંતગુણ પુરૂષાર્થ | પુરુષાર્થ અનંતગુણો |
| ૭૬ | ૨૮૨ | ૭ | ચરિત્રનો | ચારિત્રનો |
| ૭૮ | ૨૯૩ | ૧૫ | લેવું-ફેવું | લેવું-દેવું |
| ૮૧ | ૩૦૨ | ૪ | પોતનો | પોતાનો |
| ૧૨૦ | ૪૭૪ | ૧૪ | તયાર | તૈયાર |
| ૧૨૪ | ૪૮૭ | ૮ | છોડી | થોડી |
| ૧૩૩ | ૫૨૫ | ૯ | આંબળો | આમળો |
| ૧૪૦ | ૫૬૨ | ૧૪ | ઠેઉ | ઉઠે |
| ૧૪૧ | ૫૬૮ | ૧૮ | પ્રદોશો | પ્રદેશો |
| ૧૩૬ | ૫૪૪ | ૬ | (મજબૂત પાયા) | (મજબૂત પાયાની શરૂઆતથી) |



પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

ॐ

**શ્રી સદ્‌ગુરુદેવાય નમઃ**

( ૧ )

"પરિણામ યોગ્યતા અનુસાર થઈ જાય છે, હું તે (પરિણામ જેટલો) નથી." તેમાં કોઈને એમ લાગે કે શું પરિણામ જડમાં થાય છે? અથવા નિશ્ચયાભાસ લાગે છે. પરંતુ આમ કહેવામાં તો અપરિણામીનું જોર બતાવવું છે.

( ૨ )

પ્રશ્ન:—આપ શુદ્ધપર્યાયને દૃષ્ટિની અપેક્ષાએ ભિન્ન કહો છો કે જ્ઞાનની અપેક્ષાએ?

ઉત્તર:—દૃષ્ટિની અપેક્ષાથી ભિન્ન કહીએ છીએ, જ્ઞાનની અપેક્ષાએ તો નહીં. દૃષ્ટિ કરવાના પ્રયોજનમાં ભિન્નતાનું જોર દીધા વિના દૃષ્ટિ અભેદ નથી થતી; તેથી દૃષ્ટિની અપેક્ષાએ જ ભિન્ન કહીએ છીએ; અને મારી તો આ દૃષ્ટિ પ્રધાન જ શૈલી છે, તેથી આમ જ કહીએ છીએ.

( ૩ )

નિર્વિકલ્પ થતાં જ પોતાનામાંથી જ એક જ્ઞાન ઉઘડે છે, જે બંન્ને (સામાન્ય વિશેષ) પડખાંને સહજ જાણી લ્યે છે, તેને પ્રમાણ જ્ઞાન કહે છે.

( ૪ )

પરિણામ અને ત્રિકાળ—અપરિણામી એમ બે થઈને જ આખી એક વસ્તુ છે, જે પ્રમાણનો વિષય છે. વેદાંત-આદિ તો એકલો નિષ્ક્રિય નિષ્ક્રિય કહે છે, તેઓ પરિણામને માનતા જ નથી; તેથી નિષ્ક્રિય પણ જેવો છે તેવો તો તેમની માન્યતામાં આવતો જ નથી. અહીં તો પરિણામ ને ગૌણ કરીને નિષ્ક્રિય કહેવામાં આવે છે.

( ૫ )

( જેમ ) એક ચક્રને અનેકપાસા છે, બધા પાસા અલગ અલગ ડીઝાઈનના છે, જ્યારે એક પાસાની વાત ચાલતી હોય ત્યારે બીજા પાસાની વાત નહિ સમજવી જોઈએ. તેમ વસ્તુના અનેક ધર્મોમાંથી ભિન્ન ભિન્ન ધર્મોની વાત ચાલતી હોય ત્યારે એક બીજામાં ગોટાળો નહીં થવો જોઈએ.

( ૬ )

[ અંતઃતત્ત્વ અને બહિર તત્ત્વની અપેક્ષાએ બતાવતાં કહેલું ]

( જ્યારે ) શુદ્ધપર્યાય બહિર તત્ત્વ છે, ધ્યાન બહિર તત્ત્વ છે, ત્યારે ધ્રુવ તત્ત્વ ( પરમ પારિણામિકભાવ, કારણ પરમાત્મા ) અંતઃતત્ત્વ છે. બે ઘરની વાત ચાલતી હોય ત્યારે તેમાં ત્રીજા ઘરની ટાંગ ( વાત ) નાખવાથી ગોટાળો,

થઇ જાય છે.

ધ્રુવતત્ત્વ અંતઃતત્ત્વ છે, ત્યારે શુદ્ધપર્યાય બહિર તત્ત્વ છે.

જ્યારે શુદ્ધ પર્યાયને અંતઃતત્ત્વ કહીએ ત્યારે અશુદ્ધ પર્યાયને બહિર તત્ત્વ કહીએ છીએ.

અશુદ્ધ પર્યાયને અંતઃતત્ત્વ કહીએ ત્યારે કર્મને બહિર તત્ત્વ કહીએ છીએ. કર્મને અંતઃતત્ત્વ કહીએ ત્યારે નોકર્મને બહિર તત્ત્વ કહીએ છીએ.

એમ બધે ઘટાવી લેવું.

(૭)

સિદ્ધ ( પર્યાય )થી પણ હું અધિક છું. કારણ કે સિદ્ધ ( દશા ) તો એક સમયની પર્યાય છે, અને હું તો એવી એવી અનંતપર્યાયોનો પિંડ છું.

(૮)

જેમ મેરૂ પર્વત અડગ છે, હું પણ ( સ્વભાવથી ) એવો જ અડગ છું. મેરૂમાં તો પરમાણું આવે જાય છે, પરંતુ મારામાં તો કાંઈ આવતું જતું નથી; એવો હું અડગ છું.

(૯)

હું વર્તમાનમાં જ મુક્ત છું, આનંદની મૂર્તિ છું, આનંદથી ભરચક સમુદ્ર જ છું, એવી દૃષ્ટિ થાય, તો, પછી મોક્ષથી પણ પ્રયોજન નથી, મોક્ષ થાઓ તો થાઓ

ન થાઓ તો પણ શું. ? ( પર્યાયની આટલી ગૌણતા દ્રવ્ય-દૃષ્ટિમાં થઈ જાય છે. ) મને તો વર્તમાનમાં પણ આનંદ આવી રહ્યો છે, પછી પરિણતિમાં તો મોક્ષ થશે જ ( એવી પ્રતીતિ આવી જાય છે ) પરંતુ મારે તો તેથી પણ પ્રયોજન ( દૃષ્ટિ ) નથી.

( ૧૦ )

'કાંઈ કરવુ' ( કર્તૃત્વબુદ્ધિથી ) તે મરવા બરાબર છે. પ્રથમથી જ ( મને ) 'કાંઈ કરવું' ના ભાવમાં મરવા જેવો બોજો લાગતો હતો. શુભ પરિણામ થતાં હું ભઠ્ઠીમાં બળી રહ્યો છું, એમ લાગતું હતું. સમુદ્રના પાણીમાંથી એક બિંદુ ઉડીને બહાર રેતીમાં પડે તો તે બિંદુને રેતી ચુસીને ખતમ કરી દેશે, અને રેતી ગરમ હોય તો બિંદુ તરત ખતમ થઈ જાય. તે રીતે જ પરિણામ બહાર જાય છે તેમાં દુ:ખ જ દુ:ખ છે.

( ૧૧ )

દ્રવ્યદૃષ્ટિના હિસાબે તો શુદ્ધ પર્યાય જ પરદ્રવ્ય છે, મારા અસ્તિત્વમાં તે નથી, રાગની તો વાત જ શું ?

( ૧૨ )

પર્યાયમાં તીવ્ર અશુભ પરિણામ હો, અથવા ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ શુદ્ધ પર્યાય હો, મારામાં ( એકરૂપ દ્રવ્ય સ્વભાવમાં ) કાંઈપણ બગાડ સુધાર નથી થતો, હું તો

જેવો ને તેવો જ છું..

( ૧૩ )

( દ્રવ્યદૃષ્ટિના જોરમાં ) કેવળજ્ઞાનથી પણ અમારે પ્રયોજન નથી—મોક્ષથી પણ પ્રયોજન નથી—તે તો થઇ જાય છે.

( ૧૪ )

જ્ઞાનનો વિષય દૃષ્ટિના વિષયને સાધવા પુરતો લક્ષ-માં લેવો ઠીક છે, બાકી તેનું ( તેનાથી વધારે ) પ્રયોજન નથી.

( ૧૫ )

સાંભળી સાંભળીને મળી જશે, તે દૃષ્ટિ જુઠ છે. ( કાર્યસિદ્ધિ ) પોતાના ( અંતરપુરૂષાર્થ ) થી જ થશે. સાંભળવું, સંભળાવવું, વાંચવું, તે બધું ( બહિરમુખભાવ કાર્યસિદ્ધિ માટે ) બેકાર છે. તે હોય તો ભલે હોય, પરંતુ તેનો ખેદ થવો જોઇએ, નિષેધ આવવો જોઇએ.

( ૧૬ )

હું પહેલા તો બધું સાંભળી લઉં, જાણી લઉં, પછી પુરૂષાર્થ કરીશ. આમ પછીવાળા સદાય પછી—પછી જ રહેશે. ( અહીં તો ) વર્તમાન આ ક્ષણથી જ કરવાની વાત છે.

( ૧૭ )

વ્યવહારનયને અભૂતાર્થ કહેવામાં સંક્ષેપમાં પરિણામ

માત્ર ( જે વ્યવહારનયનો વિષય છે. ) અભૂતાર્થ છે ( એમ કહ્યું છે. ) ચાહે તો પરિણામ અશુભ હો, શુભ હો, કે શુદ્ધ હો.

( ૧૮ )

પોતાના પરિણામ સુધી જ પોતાની ( કાર્ય ) સીમા છે. તેનાથી આગળ કોઈ દ્રવ્ય જઈ શકતું નથી.

( ૧૯ )

પરિણામ પોતાનું હોવા છતાં પણ તેને પોતે ખૂદ જ ( કર્તા બુદ્ધિથી ) પલટાવી શકતો નથી. અને પરિણામમાં કર્તા–કર્મપણાનો ધર્મ છે. તેથી તે તો પલટશે જ. ( જ્યાં સુધી ) દૃષ્ટિ બહાર ઝૂકી છે, દૃષ્ટિનો પ્રસાર પોતાને છોડીને બહારમાં છે; તો ( ત્યાં સુધી ) પરિણામ પણ બહાર ઝૂકશે. અને ( જો ) દૃષ્ટિ પોતાના સ્વભાવ તરફ છે, તો પરિણામ પણ પોતાની તરફ ઝૂકશે. મારે તો પરિણામ પણ પલટાવવું ( ફેરફાર કરવો ) નથી. હું તો અપરિણામી છું અને પલટવું મારો ધર્મ જ નથી. તે તો પરિણામનો ધર્મ છે. દૃષ્ટિના હિસાબથી તો શુદ્ધ પરિણામ પણ મારાથી જુદા જ છે. જ્ઞાન તેને પોતાનો અંશ જાણી લે છે.

( ૨૦ )

પ્રશ્ન:—પ્રથમ પાત્રતાનું શું સ્વરૂપ છે?

ઉત્તર:—પોતાના દ્રવ્યમાં દૃષ્ટિને તાદાત્મ્ય કરવી, પ્રસારવી. બહિર્મુખમાં તાદાત્મ્ય કરતી દૃષ્ટિને પોતામાં તાદાત્મ્ય કરવી તે જ પ્રથમ પાત્રતા છે.

( ૨૧ )

( આત્મિક આનંદના વિષયમાં આપે કહેલું ) જ્યાં એકવાર આનંદની ઘૂંટ પી લીધી, ત્યાં તો વારંવાર તે જ ઘૂંટ પીવા માટે પોતાની તરફ આવવું પડશે. બીજી કોઈ જગ્યાએ પરિણતિને રસ જ નહિં પડે. વારંવાર પોતાની તરફ આવવાનું જ લક્ષ રહેશે. બીજો બધો રસ ઉડી જશે.

( ૨૨ )

( સહજ પુરૂષાર્થના વિષયમાં આપે કહેલું ) પુરૂષાર્થ કરૂં, પુરૂષાર્થ કરૂં—તે વાત પણ નથી—( સહજ પુરૂષાર્થનું એવું સ્વરૂપ નથી. ) હું વર્તમાનમાં જ અનંત પુરૂષાર્થનો પિંડ છું ( એવા સ્વ આશ્રયમાં ) પર્યાય દ્રવ્ય તરફ ઢળી જાય છે. તેથી ( ઉપદેશમાં ) પર્યાયની અપેક્ષાએ પુરૂષાર્થ કરવાનું કહેવામાં આવે છે.

( ૨૩ )

હું ખૂદ જ વર્તમાનમાં ભગવાન છું. ( તેમાં ) ભગવાન થવું પણ ક્યાં છે? પોતાના સ્વભાવમાં દૃષ્ટિનો પ્રસાર થતાં, પર્યાય પોતાની તરફ ઝૂકતાં ઝૂકતાં પર્યાયમાં કેવળજ્ઞાન—સિદ્ધ દશા આદિ થશે જ. મારે તો તેનાથી પણ

પ્રયોજન ( દૃષ્ટિ ) નથી.

( ૨૪ )

પહેલાં તો ( તત્ત્વની ) ધારણા બરાબર હોવી જોઈએ. પરંતુ ધારણા અંતરમાં ઉતરે ત્યારે સમ્યક્જ્ઞાન થાય છે. ધારણામાં પણ આ તરફનું ( આત્માનું ) લક્ષ હોવું જોઈએ.

( ૨૫ )

પોતાના ત્રિકાળી અસ્તિત્વમાં અહંપણું થવાથી પર્યાયબુદ્ધિ છૂટી જાય છે.

( ૨૬ )

વિભાવ તો મારાથી બહુ જ દૂર છે. અહીં તો પરિણામ ( શુદ્ધપર્યાય ) પણ મારાથી ભિન્ન છે, હું તો અપરિ-ણામી છું. એક સમયના પરિણામની સાથે વહેતો નથી.

( ૨૭ )

પ્રશ્ન:—દ્રવ્યને પરિણામી કહીએ તો શું વાંધો ( હર-કત ) છે ?

ઉત્તર:—પરિણામ–પરિણામી કહેવામાં થોડો શબ્દ ફેર છે. પરિણામથી પરિણામીને બતાવવામાં પણ પરિણામનું લક્ષ થાય છે. તેથી ( પરિણામનું લક્ષ નહિ કરવાના હેતુથી ) પરિણામ–પરિણામી નહિં, પરંતુ અપરિણામી અને પરિ-ણામ એમ કહો.

( ૨૮ )

શાસ્ત્રમાં વ્યવહારની કેટલીક વાત, જીવ સ્વછંદમાં

ન ચડી જાય તે હેતુથી હોય છે. તો તે વાતને પકડીને જીવ ગોટાળામાં ચઢી જાય છે. ( વ્યવહારને ઉપાદેય માની લે છે. )

( ૨૯ )

હું ( ત્રિકાળી ) પરિણામમાં જતો નથી. ( ત્રિકાળી સ્વભાવમાં અહંપણું થતાં ) પરિણામ સહજ જ મારી તરફ આવે છે.

( ૩૦ )

હું વર્તમાનમાં જ પરિપૂર્ણ છું, કૃતકૃત્ય છું. મારે કાંઈ કરવું-ધરવું છે જ નહિં, એવી દૃષ્ટિ થતાં, પરિણામમાં આનંદનો અંશ પ્રગટ થાય છે, અને વધતાં વધતાં પૂર્ણતા થઈ જાય છે.

( ૩૧ )

પ્રશ્ન:—શુદ્ધ પરિણામમાં દ્રવ્ય વ્યાપક છે કે નહિ ?

ઉત્તર:— આખા દ્રવ્યની અપેક્ષાએ જોવામાં આવે તો દ્રવ્ય પરિણામમાં વ્યાપક છે. પરંતુ દૃષ્ટિના વિષયની અપેક્ષાથી તો દ્રવ્ય અપરિણામી, ( છે, ) પરિણામમાં વ્યાપક નથી.

( ૪૯ )

દૃષ્ટિનું વિષયભૂત દ્રવ્ય એકાંતે કુટસ્થ જ છે. પર્યાય અપેક્ષાએ પર્યાય એકાંત અનિત્ય જ છે.

( ૩૩ )

પ્રશ્ન:—નિર્વિકલ્પ ઉપયોગમાં કેવો આનંદ આવે છે ?

ઉત્તર:—નિર્વિકલ્પ ઉપયોગના સુખની તો શું વાત કહીએ! પરંતુ સમજાવવા માટે (જેમ) શેરડીના રસના ઘૂંટડાં પીવાય છે, તેમ આનંદના ઘૂંટડા એક પછી એક ચાલતા જ રહે છે, તેમાંથી નીકળવાનો ભાવ જ ન આવે!

( ૩૪ )

[ શુભાશુભ પરિણામ થવા છતાં અંતરંગ સ્થિતિ બતાવતાં કહ્યું ]

અશુભ પરિણામના કાળમાં આ તરફનો (સ્વ-સન્મુખતાનો) ઝૂકાવ મંદ થાય છે, શુભ પરિણામના કાળમાં આ તરફનો વધારે ઝૂકાવ થાય છે. દૃષ્ટિનો ઝૂકાવ તો તેવોને તેવોજ છે. લડાઈના કાળમાં બહાર લડાઇની ક્રિયા થાય છે, અને રાગમાં અશુભ રાગની ક્રિયા થાય છે અને હું તો મારામાં જ અચલ રહું છું. મારામાં તો તે જ સમયે રાગની ક્રિયાનો પણ અભાવ છે.

( ૩૫ )

હું અડગ છું, કોઇથી ડગવાવાળો નથી, એવો નિશ્ચય કરીને નિર્ણયનું ફળ આનંદ આપવું જોઇએ, ત્યારે જ નિર્ણય સાચો છે.

( ૩૬ )

[ ભેદ જ્ઞાનનું સ્વરૂપ ]

હરસમય વિકલ્પથી ભેદજ્ઞાન કરવું નથી પડતું,

સહજરૂપ થઈ જાય છે.

( ૩૭ )

દૃષ્ટિ દ્રવ્યમાં તાદાત્મ્ય થવા છતાં પણ પરિણતિ થોડી ચ્યુત થઈને પર તરફ ચાલી જાય છે. તો પણ સ્વરૂપાચરણની ચ્યુતિ તો થતી જ નથી.

( ૩૮ )

( સ્વરૂપ ) દૃષ્ટિ થવા છતાં પણ ચારિત્રગુણની યોગ્યતાજ એવી હોવાથી ચારિત્રગુણ પુરો ( શુદ્ધ ) પરિણમી જતો નથી. શ્રદ્ધાગુણનો સ્વભાવ જ એવો છે કે એક જ ક્ષણમાં દ્રવ્યમાં પુરે પુરા વ્યાપ્ત થઈ જવું. ચારિત્રગુણનો સ્વભાવ જ એવો છે કે ક્રમે ક્રમે જ પુરૂ થવું. આમ બે ગુણના સ્વભાવ જ જુદા જુદા છે.

( ૩૯ )

જ્યારે દૃષ્ટિ પોતાના સ્વરૂપમાં તાદાત્મ્ય થાય છે, તો ( પણ ) થોડો કાળ રાગ આવે તો છે. પરંતુ રાગ લંગડો થઈ જાય છે, તેને આધાર નથી રહેતો.

( ૪૦ )

હું તો કયારેય પણ ખસું નહીં, એવો ખૂટો છું. પરિણામ આવે છે અને જાય છે. પરંતુ હું તો ખૂંટાની જેમ અચલિત જ રહું છું.

( ૪૧ )

બહિર્મુખ હોવાથી જ્ઞાન ખીલતું નથી, અને અંત-

મુખ હોવાથી અંદરથી જ કેવળજ્ઞાન પ્રગટ થઇ જાય છે. પોતાની તરફ જ દેખવાની વાત છે.

( ૪૨ )

( એક જિજ્ઞાસુ ) આત્માને પકડવાની વાત છે!

( ભાઇશ્રી ) પકડવું શું? હું તો સ્વયં છું જ. પકડવું, ફકડવું બધું પરિણામની અપેક્ષાએ કહેવામાં આવે છે. પરિણામ પોતાની તરફ ઝૂકયો તો પરિણામની અપેક્ષાએ આત્માને પકડ્યો, એમ કહેવાય છે.

( ૪૩ )

પોતાના દ્રવ્યમાં દષ્ટિ તાદાત્મ્ય થતાં જ જ્ઞાન પ્રમાણ થઇ જાય છે, ત્યારે જ્ઞાન ( અન્ય ) બધી વાતો ( યથાર્થપણે ) જાણી લે છે.

( ૪૪ )

જ્યાં પોતાની તરફથી ખસીને બહારમાં જવાનો જ નિષેધ છે, તો અશુભમાં જઇને પરમાં રસ પડી જાય, ત્યાં તો દષ્ટિ પોતાના દ્રવ્યમાં રહી જ કયાં? એ તો પરમાં ચાલી ગઇ!

( ૪૫ )

"અનેકાંત પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ સિવાય, અન્ય હેતુએ ઉપકારી નથી." શ્રીમદ્‌નું આ વાકય મને બહુ પ્રિય લાગે છે.

( ૪૬ )

બીજા પાસેથી સાંભળવું—માગવું બધી પામરતા છે દીનતા છે, ભીખારીપણું છે. મારામાં શું ખામી છે, કે હું બીજા પાસે માગું ! હું તો પરિપૂર્ણ છું.....

( ૪૭ )

"અહો! જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય, તે ભાવ પણ નુકશાન કર્તા છે" આ વાત કહેવાની કોની તાકાત છે? એ તો ગુરુદેવનું જ સામર્થ્ય છે!

( ૪૮ )

તીર્થંકરની દિવ્ય ધ્વનિથી પણ લાભ થતો નથી, તો પછી બીજા કોનાથી લાભ થાય? તે ( દિવ્યધ્વનિ ) પણ પોતાને છોડીને એક ( ભિન્ન ) વિષય જ છે.

( ૪૯ )

વિકલ્પથી અને મનથી કરેલો નિર્ણય સાચો નથી. પોતાની તરફ દૃષ્ટિનું તાદાત્મ્ય કરવાથી જ, પોતાથી કરેલો નિર્ણય જ સાચો નિર્ણય છે. પહેલા વિકલ્પથી, અનુમાનથી નિર્ણય થાય, તેમાં પણ લક્ષ તો અંતરમાં ઢળવાનું જ હોવું જોઈએ.

( ૫૦ )

હું તો અડગ છું, કોઈથી ડગવાવાળો નથી. જેમ આ દેહાકારમાં સ્થિત આકાશ અડગ છે, હાલતું ચાલતું નથી, તેમ હું પણ અડગ છું.

( ૫૧ )

અંતરમાં આનંદના ઘૂંટડા પીતાં, બહારમાં આવવું ગમે જ કોને? બહારમાં આવતાં તો, બોજો જ બોજો લાગે છે.

( ૫૨ )

પ્રશ્ન : ચોથા ગુણસ્થાનમાં (નિર્વિકલ્પ) અનુભવ કેટલા સમયના આંતરે આવતો હશે?

ઉત્તર : એ રીતે અનુભવના કાળની કોઈ મર્યાદા નથી. એ તો વિશેષ અશુભમાં હોય તો કાળ લાંબો પણ હોય અને શુભમાં હોય તો જલદી જલદી પણ અનુભવ થાય. કોઇને મહિનામાં દસ વાર પણ થઈ શકે છે.

( ૫૩ )

ચૈતન્ય ગાંસડી હું જ છું, એવી પક્કડ થઈ જવાથી મતિ–શ્રુતજ્ઞાન અંતરમાં ઢળી જાય છે. તેથી અંતરમાં ઢળવાનું (ઉપદેશમાં) કહેવામાં આવે છે.

( ૫૪ )

હું વર્તમાનમાં જ સમજણનો પિંડ છું.

( ૫૫ )

(અશાતાના ઉદયમાં) સમ્યગ્દૃષ્ટિને દુ:ખનું વેદન થાય છે, પરંતુ પોતાના સ્વભાવની અધિકતાના વેદનમાં તે દુ:ખની ગૌણતા થઈ જાય છે. જ્ઞાનમાં શાંતિના વેદનની સાથે સાથે દુ:ખનું વેદન આવે છે, પરંતુ તે વેદન મુખ્ય થતું

નથી. પોતાના સ્વભાવની જ જ્ઞાનીને અધિકતા રહે છે, પોતાના સ્વભાવની અધિકતા ક્યારેય છૂટતી નથી.

( ૫૬ )

જ્યારે દૃષ્ટિ પોતાના સ્વભાવમાં પ્રસરી જાય છે, ત્યારે પાંચ સમવાય પોતાના જ્ઞાનમાં જ્ઞેય થઈ જાય છે.

( ૫૭ )

અજ્ઞાની ઉત્પાદ–વ્યયની સાથે સાથે ચાલ્યો જાય છે. ( પરિણામના ઉત્પાદ–વ્યય થતાં, પર્યાયદૃષ્ટિ હોવાથી પોતાનો જ ઉત્પાદ વ્યય અનુભવે છે ) અને જ્ઞાનીએ નિત્ય (દ્રવ્ય) માં પોતાનું અસ્તિત્વ સ્થાપ્યું છે, તેથી ઉત્પાદ વ્યયની સાથે ચાલ્યો જતો નથી, પરંતુ ઉત્પાદ વ્યયને જાણી લે છે.

( ૫૮ )

જ્ઞાનની પર્યાય આવે છે અંદરથી, અને (અજ્ઞાનીને) બહારનું લક્ષ હોવાથી દેખાય છે ( કે ) બહારથી આવે છે, તેથી અજ્ઞાનીને પરથી જ્ઞાન થાય છે એવો ભ્રમ થઈ જાય છે.

( ૫૯ )

અનંત તીર્થંકરો થઈ ગયા. પરંતુ અમને તો ગુરુદેવશ્રી બધાથી અધિક છે. જેમ પોતાને ધનની જરૂરત હોય અને કોઈ લખપતિ પોતાની જરૂરત અનુસાર ધન આપે, તો તે પોતા માટે બીજા કરોડપતિથી પણ અધિક છે. તેમ ગુરુદેવશ્રી અમારા માટે તીર્થંકરથી પણ અધિક છે, જેનાથી

અમારૂ હિત થયું છે.

( ૬૦ )

( દ્રવ્યલિંગીની ભૂલ ) દ્રવ્યલિંગી થઈને અગિયાર અંગ સુધી ભણે છે, પરંતુ ત્રિકાળી ચૈતન્યદળમાં અહંપણુ કરતા નથી, તે જ ભૂલ છે, બીજી કોઈ ભૂલ નથી.

( ૬૧ )

પૂ. ગુરુદેવશ્રીએ શાસ્ત્ર વાંચતા સમયે કહ્યું, જેમ વેપારમાં ચોપડાના પાનાં ફેરવે છે, તેમ આ પાનાં છે, કોઈ ફરક નથી, જો અંતરની ( ધ્રુવ ચૈતન્યની ) દૃષ્ટિ નથી, તો બન્ને સમાન છે.

( ૬૨ )

તીર્થંકર યોગ અને વાણી મળી તો સારું છે, ભવિષ્યમાં પણ આ ભાવથી મળશે, એવી તેમાં હોંશ આવે છે તો તેનાથી કઈ રીતે છૂટશે ? લાભ માને છે, તો કઈ રીતે છોડશે ? તેનાથી ( એવા ભાવથી ) નુકસાન જ છે, લાભ નથી, લાભ તો મારાથી જ છે. વર્તમાનમાં જ મારાથી લાભ છે એવું જોર નહિ હોય તો પરમાં અટકી જશે.

( ૬૩ )

પ્રશ્ન : આત્માનુભવ થયા પછી જ્ઞાની જીવ ન્યાય-નીતિથી ધનાદિની પ્રવૃત્તિ કરે છે ને ?

ઉત્તર : કરવું, ફરવું રહ્યું નથી. જે પર્યાય આવવા-વાળી છે તે યોગ્યતા અનુસાર આવી જાય છે પરંતુ તેના

તરફ લક્ષ નથી, લક્ષ આ તરફ (અંતર જ્ઞાયકતત્ત્વ)નું છે. અંતરમાં એકત્વ થયું પછી પરિણામ (વિકાર) મર્યાદિત થઈ જાય છે પરંતુ મર્યાદિત જ હોય છે—થાય છે એમ કહેવાથી (જોર દેવાથી) તેની દૃષ્ટિમાં પરિણામને મર્યાદામાં રાખવાનો જ પ્રયત્ન રહે છે. અર્થાત્ પરિણામને જ દેખતો રહે છે તેથી કહે છે કે જે પરિણામ થવાવાળું છે તે થઈ જાય છે. પરિણામની મર્યાદા દેખતા રહેવાથી અપરિણામીનું જોર છૂટી જાય છે.

(૬૪)

તીવ્ર પ્યાસ લાગવી જોઈએ. તરસ લાગે તો ગમે તેમ કરીને છીપાવવાનો પ્રયત્ન કર્યા વિના રહે નહિ.

(૬૫)

પ્રશ્ન : અનુભવ માટે વિચાર, મનન, ઘૂંટણમાં રહેવું જોઈએ ?

ઉત્તર : પર્યાયમાં બેસીને ઘૂંટણ, મનન કરવામાં પર્યાયમાં ઠીકપણું રહે છે અને દ્રવ્યમાં બેસવાથી ઘૂંટણ–મનન સહજ થાય છે. ઘૂંટણ આદિ જોર નથી, સહજ થાય છે. જોર તો અહીં (અંતર તત્ત્વ)નું રહે છે. પર્યાયમાં બેસીને ઘૂંટણ કરવાથી અંદરમાં આવી શકાતું નથી.

(૬૬)

(પોતાના પૂર્વજીવન વિષે કહ્યું) મને પહેલેથી ઇન્દ્રિય-

વિષયો તરફનો રસ ન હતો અને વિકલ્પોમાં કષાયની ભઠ્ઠી સળગતી હોય, એમ લાગતું હતું. એવા વેદનમાં, તે શું છે–શું છે એવા વિકારની ધૂનમાં રહેતો હતો. (એટલી ધૂન હતી કે) મને શહેરના ખાસ પરિચિત રસ્તાઓ સિવાય, કોઈ રસ્તા વગેરેની પણ ખબર ન હતી. અને કોઈ વાતનો ખ્યાલ રહેતો ન હતો. વિચારનું જોર પહેલેથી જ હતું. તેમાં તીક્ષ્ણતા હતી. દિગંબર શાસ્ત્ર જોયું તો ત્યાંથી નીકળ્યો તો બીજે ક્રિયાકાંડમાં પડ્યો, તેમાં પણ કોઈ શાંતિ ન મળી. તે પણ છોડી દીધું. પછી 'આત્મધર્મ' વાંચતાં જ ચોટ લાગી અને બધી વાત ખ્યાલમાં આવવા લાગી.

( ૬૭ )

બધી વાતનો ગુરુદેવશ્રીએ મસાલો તૈયાર કરી રાખ્યો છે, તેથી કોઈ વાત વિચારવી પડતી નથી, નહિ તો, સાધક હોય તોપણ મસાલો તૈયાર કરવો પડે છે.

( ૬૮ )

પ્રશ્ન : અનુભવ થયા પછી પરિણામમાં મર્યાદા આવી જાય છે ને? વિવેક થઈ જાય છે ને?

ઉત્તર : વિવેકની વાત એક બાજુ રાખો. એકવાર વિવેકને છોડી દો (પર્યાયની સાવધાની છોડી દો) પરિણામ-માત્ર હું છું જ નહિ, હું તો અવિચળ ખૂંટો છું. મારામાં ક્ષણિક અસ્તિત્વ છે જ નહિ. વિવેકને બહાને પણ જીવ

પરિણામમાં એકત્વ કરે છે.

( ૬૯ )

(અજ્ઞાનીને) કષાયની મંદતામાં થોડા વિષયો છૂટતાં, તેમાં ઠીક માનવા લાગે છે, પરંતુ તે પણ તીવ્ર કષાય જ છે, તેમાં કષાય ભર્યો પડ્યો છે.

( ૭૦ )

પ્રશ્ન : શરૂઆતવાળાએ અનુભવનો પ્રયત્ન કઈ રીતે કરવો ?

ઉત્તર : હું પરિણામમાત્ર નથી, ત્રિકાળી ધ્રુવપણામાં અહંપણું સ્થાપી દેવું તે જ ઉપાય છે.

( ૭૧ )

પ્રશ્ન : શાસ્ત્રમાં તો પ્રયત્ન કરવો, પ્રયત્ન કરવો તે વાત આવે છે?

ઉત્તર : પ્રયત્ન કરવાનું કહેવામાં આવે છે, પ્રયત્ન થાય પણ છે, પરંતુ પ્રયત્ન પણ છે તો પર્યાય! હું તો પર્યાયમાત્રથી ભિન્ન છું. પ્રયત્ન શું કરું! સહજરૂપ થાય છે. પ્રયત્ન વગેરેનું 'થવું' પર્યાયનો સ્વભાવ છે. હું તેમાં ન આવું છું, ન જાઉં છું, હું ત્રિકાળી છું, એવી દૃષ્ટિમાં પ્રયત્ન સહજ થાય છે.

( ૭૨ )

વિચારમંથન પણ થાકી જાય, શૂન્ય થઈ જાય, ત્યારે

અનુભવ થાય છે. મંથન પણ છે તો આકુળતા. એકદમ તીવ્ર ધગશથી અંદરમાં ઉતરી જવું જોઈએ.

( ૭૩ )

પ્રશ્ન : રામચંદ્રજીને સીતાજી માટે લડવાનો ભાવ આવ્યો, અને ધર્મરાજાને દ્રૌપદીની સાડી ખેંચાવા છતાં પણ બચાવવાનો ભાવ આવ્યો ન હતો, તેનું શું કારણ?

ઉત્તર : તે તો પરિણામની યોગ્યતા જ એવી ભિન્ન ભિન્ન હોય છે. અનેક પ્રકારના કષાયોમાંથી જે થવા-વાળો છે, તે થાય છે. તેને કરે, છોડે શું ? તે પરિણામમાત્રથી સમ્યગ્દૃષ્ટિને ભિન્નતા રહે છે. હું કરવાવાળો જ નથી, એમ રહેવું તે જ ખાસ વાત છે.

( ૭૪ )

શાસ્ત્રમાં પરિણામ જોવાની વાત આવે છે તેથી ( અ-જ્ઞાની ) પરિણામ દેખતો રહે છે, ધ્રુવવસ્તુ રહી જાય છે. પરિણામને જ દેખતા રહેવામાં પરિણામની સાથે એકતા થાય છે. પરિણામીમાં એકતા રહેતી નથી. અનિત્યમાં નિત્ય ચાલ્યો જાય છે. પર્યાયની શુદ્ધિ આવી છે અને તેવી છે એવી પર્યાયની વાતમાં રસ પડી જવાથી નિત્યનું જોર રહેતું નથી. પર્યાયમાં જોર કરવાની તો આદત પડી જ છે.

( ૭૫ )

આખી વસ્તુ ( પ્રમાણનો વિષય ) દેખાડવામાં, નિત્ય અને અનિત્ય દેખવામાં આવે છે. તેમાં અનિત્ય બીજાનું

નથી એવું દેખાડવા માટે છે, પરંતુ દૃષ્ટિના વિષયમાં તો નિત્ય જ છું અને અનિત્ય મારાથી ભિન્ન જ છે. તેનો (ઉત્પાદ–વ્યયનો) ભાવ અને મારો (ધ્રુવનો) ભાવ વિરુદ્ધ છે.

(૭૬)

શક્તિની તરફ જુઓ તો એટલું ભારે ભારે લાગે છે કે આખું જગત ફરી જાય તોપણ તે (અનંત શક્તિઓનો પિંડ) ફરી શકતો નથી, એવું ઘન સ્વરૂપ છે. તેમાં કંઈ વિચલિતતા જ થતી નથી.

(૭૭)

(અજ્ઞાની) પરિણામમાં બેસીને શક્તિને જુએ છે: "શક્તિ આવી છે, આવી છે." તેમાં તો જોવાવાળો અને શક્તિ બે અલગ ચીજ થઈ જાય છે. જેમ બીજો બીજાની વાત કરે છે તેમ તે થઈ જાય છે.

(૭૮)

દર્પણમાં જે પર્યાય દેખાય છે, તે તો ઉપર ઉપર છે, અંદરમાં જે દળ પડ્યું છે તે તો જેવું ને તેવું છે. તે પર્યાયરૂપ થતું જ નથી. એ રીતે ત્રિકાળી સ્વભાવનું દળ તો જેવું ને તેવું જ છે, પર્યાયમાં આવતું નથી.

(૭૯)

શ્રદ્ધામાં ત્રિકાળીપણું આવી ગયું તો વિકલ્પથી

ભિન્નતા થઈ ગઈ, તે જ મુક્તિ છે. ચારિત્રમાં મુક્તિ થઈ જશે.

( ૮૦ )

પ્રશ્ન : વસ્તુસ્વભાવનું લક્ષ થઈ જવાથી કાર્ય થાય જ ને?

ઉત્તર : લક્ષ અને તેનું ધ્યેય બીજું હોવાથી વસ્તુ બીજી દેખાય છે, તેથી લક્ષની પર્યાયથી જોવું નહિ. હું તો ખુદ વસ્તુ છું એમ જોવાથી લક્ષની પર્યાય ગૌણ થઈ જાય છે. ત્યાં તે પર્યાય ઉપર વજન નથી આવતું–મુખ્યતા નથી થતી. તેમાં મુખ્યતા ત્રિકાળીપણાની રહે છે.

( ૮૧ )

બસ એક જ વાત છે કે "હું ત્રિકાળી છું" એમ જામી રહેવું જોઈએ. પર્યાય થવાવાળી થાઓ–યોગ્યતાનુસાર થઈ જાય છે. હું તેમાં જતો નથી. ક્ષયોપશમ હોય, ન હોય, યાદ રહે, ન રહે, પરંતુ અસંખ્ય પ્રદેશમાં વ્યાપક થઈ જવું જોઈએ.

( ૮૨ )

પ્રશ્ન : ભગવાનની વાણી બહુ જોરદાર હશે?

ઉત્તર : વાણીમાં જોર શું હોય? પોતામાં જોર હોય તો વાણીમાં જોરનો આરોપ દેવાય છે.

( ૮૩ )

દ્રવ્યલિંગીને ત્રિકાળી પ્રત્યે ઉત્સાહ આવતો નથી,

ઉત્સાહ આવત તો "ત્રિકાળી" થઈ જાત.

( ૮૪ )

કંઇ કરે નહિ તો ગમે નહિ તેવી ટેવ ( કર્તાબુદ્ધિ ) થઈ ગઇ છે. પરંતુ કંઇ કરે તો ગમે નહિ એમ હોવું જોઇએ.

( ૮૫ )

( આત્મા માટે ) રૂચિની આવશ્યકતા જોઇએ. દરકાર હોવી જોઇએ. ( વિકલ્પોથી ) થાક લાગવો જોઇએ. તીવ્ર પ્યાસ લાગે તો શોધે જ.

( ૮૬ )

જ્યાં સુધી ડૂબકી અંદરમાં ( આત્મામાં ) નથી મારતો ત્યાં સુધી પ્રયત્ન ચાલુ રાખવો જોઇએ.

( ૮૭ )

પ્રશ્ન : રુચિ વધતાં વધતાં વસ્તુની મહિમા વધતી જાય છે અને સુગમતા પણ વધુ ભાસે છે ?

ઉત્તર : રુચિ વધે છે, એવા ( પર્યાયના ) લક્ષમાં પણ પર્યાયમાં મહત્તા થાય છે, તેમા ( પર્યાયમાં ) હુંપણું દેખાય છે, તેથી ત્રિકાળીમાં જામી શકાતું નથી. તે તો વિકલ્પવાળી રુચિ છે. હું તો પરિણામ માત્રથી ભિન્ન છું એવા ત્રિકાળીનો અનુભવ આવવો તે જ અભેદની રુચિ છે.

( ૮૮ )

કોઇ એકાંત વેદાંતમાં ખેંચી જાય નહિ તેટલા માટે

બન્ને વાત બતાવી છે. પર્યાય બીજામાં થતી નથી, કાર્ય તો પર્યાયમાં જ થાય છે એમ કહે તો ત્યાં (પર્યાયની રુચિવાળા) ચોંટી જાય છે—આમ તો છે ને! આમ તો હોવું જોઇએ ને!

અરે ભાઈ! શું હોવું જોઇએ! છોડી દે બધી વાતો જાણવાની. હું તો ત્રિકાળી જ છું, ઉત્પાદ-વ્યય કંઇ મારામાં છે જ નહિ.

( ૮૯ )

પ્રશ્ન : શરૂઆતવાળાને, વિચારમાં બેસે છે, તો હું આવો છું-હું આવો છું તેમ કરે છે, તેમાં કલાક અરધા કલાકમાં થાક લાગે છે, તો કેમ?

ઉત્તર : વિકલ્પમાં તો થાક જ લાગે ને! હું આવો છું-એમ અનુભવ કરવામાં શાંતિ છે.

( ૯૦ )

એક જ માસ્ટર કી ( MASTER KEY ) છે, બધી વાતોમાં, બધા શાસ્ત્રોમાં એક જ સાર છે. ત્રિકાલીપણામાં અહંપણું જોડી દેવાનું છે.

( ૯૧ )

આનંદના અનુભવમાં તો રાગથી પણ ભિન્ન ચૈતન્યગોળો છૂટો એકલો અનુભવમાં આવે છે. તેના આનંદની શું વાત કરીએ! એ તો અંદરથી નીકળવું જ ગમે નહિ, બહારમાં આવતાં જ ભઠ્ઠી ભઠ્ઠી લાગે.

( ૯૨ )

પ્રશ્ન : પાકા નિર્ણય વિના, હું શુદ્ધ છું, ત્રિકાળી છું, ધ્રુવ છું, એમ અનુભવનો અભ્યાસ કરે તો, અનુભવ થઈ શકે કે કેમ ?

ઉત્તર : નહીં. પાકો નિર્ણય નહીં પરંતુ યથાર્થ નિર્ણય કહો. યથાર્થ નિર્ણય થયા બાદ નિર્ણયમાં પાકાપણું થાય છે. પછી અનુભવ થાય છે.

( ૯૩ )

પ્રશ્ન : સામાન્યનો વિચાર તો વધુ ચાલે નહિ અને વિશેષના વિચારમાં તો નિર્વિકલ્પતા થતી નથી ?

ઉત્તર : હું શુદ્ધ છું, એવા છું એવા વિકલ્પ કરવાની વાત નથી. અને વિચાર પણ એક સમયની પર્યાયમાં થાય છે. અહીં તો હું આવો જ છું—એવા ત્રિકાળીમાં અહંપણું થઈને અનુભવપૂર્વક એવું પરિણમન થઈ જવું જોઈએ. વિચારાદિ તો પર્યાયનો સ્વભાવ હોવાથી ચાલે જ છે, પરંતુ જોર ધ્યેય સ્વભાવની તરફ રહે છે, તો પરિણતિ ત્રિકાળીની તરફ ઢળી જાય છે.

( ૯૪ )

ચોથા ગુણસ્થાનવાળો જીવ દ્રવ્યલિંગ ધારણ કરે છે, તોપણ સ્થિરતા ઓછી છે અને પંચમગુણસ્થાનવાળો અશુભમાં વિશેષ રહે છે તોપણ સ્થિરતા ( ચોથાવાળાથી ) વિ-

શેષ છે, કેમ કે ચોથાવાળા દ્રવ્યલિંગીને શુભભાવમાં રસ અધિક છે—બાહ્ય ઉપયોગ અધિક છે અને પંચમવાળાને અશુભભાવમાં અધિક હોવા છતાં પણ અંતરમાં ઢલન અધિક રહે છે.

( ૯૫ )

પ્રશ્નઃ—ચોથા ગુણસ્થાનવાળાને વસ્તુનો અનુભવ છે અને સ્થિરતાનો પ્રયત્ન પણ છે, તો પછી અનુભવમાં કાળ કેમ લાગે છે?

ઉત્તરઃ—ચારિત્રની પર્યાયમાં તેટલી અસ્થિરતા છે, પુરુષાર્થની ઓછપ છે. પર્યાયની એવી યોગ્યતા છે. પરંતુ દૃષ્ટિમાં તેની ગૌણતા છે. વર્તમાનમાં જ પૂર્ણ છું–તેમાં પર્યાયની વૃદ્ધિ–હાનિ ગૌણ છે.

( ૯૬ )

અજ્ઞાની પર્યાયમાં જ અહંપણું, સંતોષ, અધિકતા આદિ રાખે છે. પર્યાયમાં ઉલ્લાસ તો છે ને! પર્યાયમાં વિશેષતા તો છે ને! આ પર્યાયે દ્રવ્યનું માહાત્મ્ય તો કર્યું ને! પર્યાય અંદરમાં તો ઢળે છે ને! એમ ને એમ કોઈ પણ પ્રકારે પર્યાયમાં જ વજન રાખે છે. પરંતુ પર્યાયથી હઠીને હું તો ત્રિકાળી દળ જેવો ને તેવો છું, પરિણામ–માત્ર મારામાં નથી, એ રીતે ધ્રુવપણામાં અધિકતા સ્થાપતો નથી. કેમ કે વેદનમાં તો પર્યાય આવે છે અને દ્રવ્ય તો

અપ્રગટ છે, તેથી અપ્રગટને તો દેખતો નથી, પર્યાયમાં જ અહંપણુ રાખે છે, પરંતુ અહીં તો કોઇ પણ પર્યાય હોય, સુખ અનંત હોય, અથવા જ્ઞાન અનંત હોય, અથવા વીર્ય અનંત હોય તોપણ મને કાંઈ પરવા નથી. હું તો સુખસ્વરૂપ જ સ્વભાવથી છું, એમ ધ્રુવસ્વભાવમાં જ અધિકપણાનુ વેદન કરવાનુ છે અને શુદ્ધ પર્યાયો પણ ગૌણ કરવાની છે– ગૌણપણે વેદન કરવાની છે. ધ્રુવવસ્તુમાં અહંપણું સ્થાપિત કર્યા વિના, પર્યાયથી એકત્વ છૂટી શકતું નથી.

( ૯૭ )

આ અપેક્ષાથી નિત્ય છું, આ અપેક્ષાથી અનિત્ય છું, એ રીતે બન્નેય ઠીક છે, એમ ( અજ્ઞાની ) કહે છે. અરે ! હું નિત્ય જ છું એવું જોર દેવું તો ભૂલી ગયો– તો શું રહ્યું ? અનાદિથી જે હતું તે જ રહ્યું !

( ૯૮ )

વિચાર મનનથી વસ્તુ પ્રાપ્ત થતી નથી ( અનુભવ થતો નથી ) કારણ કે તે બહિર્મુખી મનના સંગવાળી છે. વસ્તુ અંતર્મુખ ધ્રુવ છે.

( ૯૯ )

ચૈતન્યદળમાં અસંખ્ય પ્રદેશમાં પ્રસરી જવાથી પર્યાય દેખાતી જ નથી. ( અર્થાત ) આવી પર્યાયને છોડીને, આવી પર્યાય કરું, એમ થતું નથી. પર્યાયમાં સામ્યભાવ આવી

ગયો.

( ૧૦૦ )

પ્રશ્ન : કોઈ જીવ સિવાય, સામાન્યતઃ બધા જીવોને માર્ગના ક્રમનું સેવન કરવું પડે છે. ( શ્રીમદ્ રાજચંદ્રજીનો બોલ ) આમાં શું કહેવું છે ?

ઉત્તર : ક્રમ શું ! ( હસતાં હસતાં ) એ તો કોઈ જીવ સીધો અનુભવ કરીને વસ્તુને પકડી લે છે અને બહુ-ભાગ જીવોની પરિણતિ ચંચળ હોય છે તેથી ધીરે ધીરે શાસ્ત્ર આદિમાં રોકાતાં રોકાતાં અહીં ( અંતરમાં ) ઢળી જાય છે, તો ક્રમનું સેવન કર્યું.

( ૧૦૧ )

ભગવાનની વાણી સાંભળવામાં (સાંભળવાના લક્ષમાં) પોતાનો નાશ થાય છે. જેમ સ્ત્રીનો વિષય છે તેમ આ પણ વિષય છે ( પરલક્ષી બધા ભાવો વિષયના ભાવ સમાન જ છે, કારણ કે પરમાર્થે પરલક્ષ થવામાં આત્માના ગુણનો ઘાત જ થાય છે. )

( ૧૦૨ )

ખરેખર વાત તો એમ છે કે સાંભળવાથી જે મહિમા આવે છે, તે નહિ, પણ અંદરથી સહજરૂપે ( સ્વનું ) મહાત્મ્ય આવવું જોઇએ. ( બહારમાં ) તીવ્ર થાક લાગે તો અંદરથી જ આવે છે.

(૧૦૪)

શ્રવણ વાંચન આદિ તો બધી ઉપર ઉપરની વાત છે. અંદરથી સહજરૂપ (ભાવ) આવવો જોઈએ.

(૧૦૫)

અહીં તો દાતાર થઈ જવાની વાત છે. અહીંથી (બીજા ઉપદેશદાતાથી) લઈ લઉં, એવી વાત જ નથી. એક વખત લાભ મળ્યો, તો બીજી વખત પણ લાભ મળી જશે, આ પ્રત્યક્ષ લાભ મળી રહ્યો છે ને! એમ ને એમ કરીને તેમાં જ (અજ્ઞાની) રોકાઈ જાય છે. અંદરના દાતારની વાત તો રહી નામ માત્ર, અને બહારના દાતારની મુખ્યતા!

(૧૦૬)

શાસ્ત્રમાં વાત આવે કે બરફના સંયોગથી પાણી વધારે શીતળ થાય છે તેમ અધિક ગુણવાનના સંગમાં રહેવાથી વધારે લાભ થાય છે. એવું સાંભળતાં અજ્ઞાની ત્યાં ચોંટી જાય છે. અસંગની વાત છોડી દીધી, ગુણહીનનો સંગ છોડીને ગુણવાનનો સંગ કર્યો, પણ અસંગતા રહી ગઈ!

(૧૦૭)

શાસ્ત્રોમાં અનેક પ્રકારના કથન આવે છે તેથી અજ્ઞાની તેમાં ગૂંચવાઈ જાય છે. પરંતુ નિશ્ચયની વાત મુખ્ય

કરીને નિમિત્તનું જ્ઞાન કરવાનું છે, તે ભૂલી જાય છે. કેમ કે અનાદિનો સંગનો અભ્યાસ છે ને! તેથી એક સંગ ( અશુભ ) છોડીને બીજો ( શુભ ) સંગ પકડી લે છે.

( ૧૦૮ )

અનુભવની વાત તો શું કહેવી! એકવાર વિજળીના કરંટની જેમ અંદરમાં ઉતરી જવું જોઇએ. જેમ કરંટનો કાળ થોડો, તોપણ આખું શરીર ઝણઝણી ઉઠે છે, તેમ અસંખ્ય પ્રદેશમાં આનંદ આનંદ થઈ જાય છે. પછી શુભાશુભ વિકલ્પ આવે છે. પણ અનુભવથી છૂટવા ઇચ્છે નહિ, તોપણ છૂટી જાય છે. છૂટી જાય તો છૂટો, પણ હું તો આ ( ત્રિકાળી આત્મા ) જ છું.

( ૧૦૯ )

શાસ્ત્ર બધાં વાંચી જાય પરંતુ અનુભવ વિના તેનો ભાવ ખ્યાલમાં આવે નહિ. બધી અપેક્ષા તો જાણી લે, પરંતુ તેમાં જ ( જાણપણામાં જ ) ફસાઈ જાય છે.

( ૧૧૦ )

ત્રિકાળીનું જોર નથી તેથી ક્ષણિક શુભાશુભ ભાવમાં આખે આખો ચાલ્યો જાય છે. ક્ષણિક દુ:ખ આવ્યું ત્યાં ત્રિકાળી દુ:ખ માનવા લાગે, ક્ષણિક સુખ આવ્યું ત્યાં ત્રિકાળી સુખ માનવા લાગે. અને જો ત્રિકાળીમાં અહંપણું થયું તો ક્ષણિક પર્યાય જે યોગ્યતાનુસાર થવાવાળી છે, તે

થાઓ; હું તેમાં ખસતો નથી.

( ૧૧૧ )

( જ્ઞાતાદૃષ્ટાનું સ્વરૂપ બતાવતાં કહ્યું ) નિર્વિકલ્પ અનુભવ થતાં જ જ્ઞાતાદૃષ્ટા થઈ શકાય છે. એમ વિકલ્પથી જ જ્ઞાતા માનીને–થવાવાળું હતું તે થયું, એમ માનીને સમાધાનમાં સુખ માને છે, તે તો ( માંસ ખાવાવાળા ) માંસ ખાવામાં અઘોરી અને ભૂંડ વિષ્ટા ખાવામાં, પતંગિયું દીપકમાં સુખ માને છે, તેવું તે સુખ છે. નિર્વિકલ્પ અનુભવ વિના ધારણામાં ઠીક માને–સુખ માને, તે તો કલ્પનામાત્ર છે, વાસ્તવિક સુખ નથી.

( ૧૧૨ )

પૂ. ગુરુદેવશ્રીએ એટલું પ્રસિદ્ધ કરી દીધું છે કે કોઈ ખામી રહી નથી, પૂરેપૂરો સૂક્ષ્મ ખુલાસો કર્યો છે.

( ૧૧૩ )

યોગ્યતા હોય તો સાંભળતાં જ સીધો અંદરમાં ઉતરી જાય છે તેથી તો કહે છે કે "તેવી તેની કાળલબ્ધિ." ત્યાં ( અજ્ઞાની ) કહે અરે, પુરુષાર્થને તો ઉડાડી દીધો ! અરે ભાઈ ! પુરુષાર્થ તેનાથી જુદો થોડો છે ? કોઈ સ્વચ્છંદતા કરી લે, તેથી પુરુષાર્થ કરવો તેમ કહ્યું છે, પરંતુ ત્રિકાળીમાં અહંપણું થાય તેમાં પુરુષાર્થ તો હોય જ, છે પરંતુ આ (પુરુષાર્થની) પર્યાય જેટલો હું નથી, હું તો ત્રિકાળી દળ જ છું.

( ૧૧૪ )

જે નિર્વિકલ્પતા થાય છે તેમાં તો આખું જગત, દેહ, વિકલ્પ, ઉઘાડ વગેરે કાંઇ દેખાતું જ નથી. એક પોતે જ પોતે દેખાય છે. અંદરમાં જાય તો બહારનું કાંઇ દેખાય નહિ.

( ૧૧૫ )

અરે ભાઇ ! તું તારા અસંખ્ય પ્રદેશમાં આખે-આખો ચૈતન્યમૂર્તિ છો, તેમાં બેસી રહે ને ! ઉઠીને ક્યાં જાય છે !

( ૧૧૬ )

શાસ્ત્રથી જ્ઞાન નથી થતું એમ સાંભળે એને "બરાબર છે" એમ કહે પરંતુ અંદરમાં ( અભિપ્રાયમાં ) તો પોતે બહારથી ( શાસ્ત્ર આદિથી ) જ્ઞાન આવે છે, તેમ માને છે. વાણીથી લાભ નથી તેમ કહે પરંતુ માન્યતામાં સાંભળવાથી પ્રત્યક્ષ લાભ થતો દેખાય છે, તો થોડું તો સાંભળી લઉં, તેમાં નુકશાન શું છે ? ( અજ્ઞાનમાં એવો ભ્રમ રહે છે ) અરે ભાઇ ! તેમાં નુકશાન જ થાય છે, લાભ નહિ. ઉપરથી નુકશાન કહે અને અંદરમાં લાભ માનીને પ્રવર્તે, તે કેવી વાત ? એમાં અટકી જાય છે.

( ૧૧૭ )

પ્રશ્ન : રુચિ કેમ થતી નથી ?

ઉત્તર : જરૂરિયાત દેખાય તો અંદરમાં આવ્યા વિના રહે જ નહિ. સાંભળે છે ( તેમાં ) પ્રસન્નતા આદિ થાય છે પરંતુ સુખની જરૂરત હોય તો અંદરમાં આવે. જરૂરત ન હોય તો ત્યાં ( પ્રસન્નતા આદિમાં ) જ ઠીક માને. લાભ છે, નુકશાન તો નથી ને ! ( એવો ભાવ રહી જાય છે. )

( ૧૧૮ )

વિકલ્પની ભૂમિકામાં પણ ( જેને ) નિર્ણય થતો નથી તેને નિર્વિકલ્પ નિર્ણય થવાનો અવકાશ જ ક્યાં છે?

( ૧૧૯ )

( સ્વયંના પરિણામ બતાવતાં કહ્યું ) એટલી લગની રહે છે કે ક્યારે હું એકાંતમાં બેસું. એકાંતમાં બેસવાની લગની રહે છે. તોપણ એકાંત ન મળે, તો તે રીતે અંદરમાં જ એકાંત બનાવી લઉં છું. એકાંત ન મળે તો તેના માટે તડપતો નથી. ( આકુળતા કરતો નથી )

( ૧૨૦ )

જૈનદર્શન જ એક એવું છે કે જે વીતરાગ હોવાથી બીજાને પોતાના સમાન બનાવી લે છે, આ તેની ખાસ વિશેષતા છે. બીજા મતવાળા શિષ્યને ઘણું કંઈ આપી દે, પરંતુ પૂરું તો આપે નહિ, કેમ કે તેઓ કષાયી છે.

( ૧૨૧ )

પ્રશ્ન : દ્રવ્યલિંગી આટલું સ્પષ્ટ જાણીને 'ત્રિકાળી-

માં' અહંપણું કેમ કરતા નથી?

ઉત્તર : તેમને સુખની જરૂરત નથી. કારણ કે તેમને એક સમયની ઉઘાડ પર્યાયમાં સંતોષ છે—સુખ લાગે છે. તેથી 'ત્રિકાળી'ને કેમ પકડે?

( ૧૨૨ )

ખરેખર તો (મિથ્યાત્વમાં) તીવ્ર દુઃખ લાગવું જોઈએ. જો તીવ્ર દુઃખ લાગે તો સાચા સુખ વિના સંતોષ થઈ શકે નહિ. તેમ જ દુઃખની વેદના સુખને શોધ્યા વિના રહે જ નહિ.

( ૧૨૩ )

(સ્વયંના પરિણામ બતાવતાં કહ્યું) નિર્વિકલ્પ આનંદની તો વાત શું કરીએ! વિકલ્પના સમયમાં પણ સુખ અને શાંતિ તો વર્તતી જ રહે છે. તોપણ નિર્વિકલ્પ આનંદ તો તેનાથી પણ બહુ ઉંચા દરજ્જાનો છે. તે આનંદથી છૂટતાં તો માત્ર દુઃખ જ દુઃખ થાય છે. જેમ બરફમાં પડેલો બરફથી છૂટીને અગ્નિમાં પ્રવેશે ત્યારે જે દુઃખ થાય છે, તેમ નિર્વિકલ્પમાંથી નીકળતાં થાય છે. તેથી નિર્વિકલ્પમાં જવાની લગની રહે છે.

( ૧૨૪ )

આખરમાં ગમે તેટલું સાંભળો પણ સુખ તો અહીંથી (અંતરમાંથી) જ શરૂ થાય છે. આ થોડું સાંભળી તો લઉં, તેમાં શું નુકશાન છે? પછી અંદરમાં જઈશ, તે

વાત ઠીક નથી. વળી એક સમયની જ્ઞાનપર્યાયમાં વિચાર કરી કરીને પણ શું મળશે? ત્રિકાળીની તરફ જોર દેવાથી જ ક્ષણિક પર્યાયની એકતા છૂટીને સુખ મળશે.

( ૧૨૫ )

પ્રશ્ન : વર્તમાન જ્ઞાન-વેદન ખ્યાલમાં આવે છે, તે રીતે ત્રિકાળી સત્ ખ્યાલમાં કેમ નથી આવતું? ઉઘાડમાં તો યુક્તિ વગેરેથી આવે છે, પરંતુ અંદરથી કેમ નથી આવતું?

ઉત્તર : જે ઉઘાડમાં ન્યાયથી ખ્યાલમાં આવી તે ખ્યાલવાળી જ્ઞાનપર્યાય પણ કોઈ આધાર ઉપર ઉભી છે, તે આધારવાળી વસ્તુ શું છે, એ દેખીને તે આધારવાળી શક્તિમાં જ થંભી જવું—પ્રસરી જવું, તે જ સત સ્વભાવ છે.

( ૧૨૬ )

આ ( ચાર ) ગતિઓની વાત તો બહુ સ્થૂળ છે, અહીં તો સિદ્ધગતિ અને સિદ્ધપર્યાયથી પણ અધિકમાં ( ધ્રુવમાં ) અહંપણું કરવાની વાત છે.

( ૧૨૭ )

પ્રશ્ન : પર્યાયથી છૂટું કેવી રીતે થવું?

ઉત્તર : પર્યાયથી તો છૂટો જ છે. ત્રિકાળી તો પર્યાયમાં આવતો જ નથી. પરંતુ પર્યાયમાં એકતા કરી રાખી છે તે એકતા ત્રિકાળીમાં સ્થાપવાની છે.

( ૧૨૮ )

જ્ઞાનીને તો ત્રિકાળીમાં જ અહંપણું હોવાથી, વાંચન, શ્રવણ, પૂજન આદિમાં પણ અંદરથી વૃદ્ધિ થતી રહે છે.

( ૧૨૯ )

દેવ—ગુરુ આદિ નિમિત્તનો સાંસારિક વિષયોની અપેક્ષાએ ફરક છે. કારણ કે સાંસારિક વિષયો તો પોતાની તરફ ઝૂકાવ કરવાનું કહે છે. અને દેવાદિક નિમિત્તો પોતાની તરફ ઝૂકાવનો નિષેધ કરીને "આત્માની તરફ ઝૂકી જાઓ" એમ કહે છે. તેથી દેવાદિક નિમિત્તોમાં ફરક કહેવામાં આવે છે. પરંતુ જે જીવ પોતાની તરફ ઝૂકતા નથી, દેવાદિકની તરફ જ ઝૂકેલા રહે છે, તેમણે તો આ સાંસારિક વિષયોની જેમ આમને પણ વિષય બનાવી લીધા. તેમાં કાંઈ ફરક રહ્યો નહિ.

( ૧૩૦ )

જ્યારે મુનિઓ પોતાને માટે, શાસ્ત્રમાં રમતી બુદ્ધિને વ્યભિચાર માને છે, તો નીચેવાળાની તો વ્યભિચારી બુદ્ધિ છે જ. તેમાં ( અજ્ઞાની ) જીવ એમ લે છે કે મુનિઓ તો પોતાને માટે વ્યભિચારી માને તે ઠીક છે પણ આપણે તો થોડી શક્તિવાળા છીએ, આપણે તો શાસ્ત્ર આદિનું અવલંબન જ જોઈએ એમ બહાનું લઈને ત્યાં સંતોષ માનીને અટકી જાય છે. પહેલામાં પહેલું તો ત્રિકાળીમાં પ્રસરી જવાનું છે. તે જ સર્વ પ્રથમ કરવાનું છે.

( ૧૩૧ )

એક સમયની પર્યાયમાં જ વેદન તો આવે છે. શક્તિમાં તો વેદન નથી. તેથી આ વેદન જ પ્રસિદ્ધ હોવાથી તેને જ અજ્ઞાની 'આત્મા' માની લે છે. ખરેખર તો આત્મા ક્ષણિક પર્યાયમાં જતો જ નથી, એવો ને એવો જ ત્રિકાળ રહે છે. તેમાં અહંપણું થયા વિના સુખશાંતિ થઈ શકતી નથી.

( ૧૩૨ )

ગુરુદેવશ્રીના ઉપદેશમાં એટલો ખુલાસો છે કે આમૂળથી ધર્મ પંચમકાળ સુધી ટકશે, તેમ દેખાય છે.

( ૧૩૩ )

પરિણામમાં બેસીને ( ત્રિકાળી ) વસ્તુને દેખવાથી, વસ્તુ ભિન્ન દેખાય છે. તેથી પરિણામથી ભિન્ન થવા માટે વસ્તુમાં બેસીને દેખવાનું છે, ત્યાં વસ્તુમાં અહંપણું ( એકત્વ ) થવાથી પર્યાયનું કાર્ય ભિન્ન દેખાવા લાગશે, અને ( એવી ) ભિન્નતા દેખાવાથી પર્યાય નાશ થવા છતાં પણ અહંપણું ( દ્રવ્યમાં ) તો ત્રિકાળ જ રહે છે, તેથી પર્યાય નાશ થતાં આકુળતા નહિ થાય. અને અહીં ( ત્રિકાળીમાં ) બેસવાથી સુખશાંતિ વધશે.

( ૧૩૪ )

ખરેખર તો તીવ્ર દુઃખ ( મિથ્યાત્વનું ) થાય તો સુખ મળે જ છે. વિકલ્પમાં એકલું દુઃખ જ દુઃખ લાગે,

ત્યારે સુખની તરફ જાય છે, તો સુખ મળે છે.

( ૧૩૫ )

મને તો આ છ આવશ્યક નહીં, પરંતુ એક જ ( અંતર્મુખ થવાનું ) આવશ્યક છે, તે વાંચીને એટલો ( ઘણો ) આનંદ થયો હતો. તે મને યાદ છે.

( ૧૩૬ )

પૂ. ગુરુદેવશ્રીએ કેવો વસ્તુસ્વભાવ સ્પષ્ટ કરી દીધો છે! તે તો તૈયાર કરેલો શીરો છે. આપણે તો સીધો ખાઇએ છીએ, નહીં તો અમારી તો શાસ્ત્રમાંથી કાઢવાની એટલી શક્તિ નથી.

( ૧૩૭ )

એક સમયની જ્ઞાનપર્યાય સ્વતંત્ર છે. ( તેમાં ) પૂર્વ-પર્યાય પણ કારણ નથી, તેમાં ત્રણ કાળના પદાર્થો જાણવાની તાકાત છે એમ સાંભળીને મને તો એવી ચોંટ લાગી કે ત્યારથી મારું વાંચન ઓછું થઈ ગયું. ચાલો ને, પર્યાયનો સ્વભાવ જ જાણવાનો છે તો સહેજે જણાઈ જશે. ( જાણવા માટે ) આકુળતા શા માટે કરવી? અહીં ( અંતરમાં ) સુખ પીઓ ને! ન્યાયાદિ નક્કી કરવામાં આકુળતા થાય છે, આપણે તો સુખ જોઇએ.

( ૧૩૮ )

ખરી વાત એ છે કે બધી ધારણા ( અજ્ઞાની પણ ) સાચી કરી લે છે, પરંતુ પર્યાયમાં બેસીને દ્રવ્યને દેખે છે,

તેથી દ્રવ્ય જુદું ને જુદું પડ્યું રહે છે. પર્યાયમાં બેસીને દ્રવ્યને દેખવાનું નથી પરંતુ દ્રવ્યમાં બેસીને દ્રવ્યને દેખવાનું છે. જેથી દ્રવ્યમાં અહંપણું પ્રસરી જાય છે (અભેદતા થાય છે). પર્યાયમાં બેસવાથી (એકતા કરવાથી) દ્રવ્ય તો દૂર જ પડ્યું રહે છે.

( ૧૩૯ )

ગુરુદેવશ્રીની સિંહગર્જના એવી છે કે બીજાને નિર્ભય બનાવી દે છે, અને જંગલના સિંહની ગર્જના તો બીજાને ભયવાન બનાવે છે. તેથી આ સિંહમાં ઘણો ફરક છે.

( ૧૪૦ )

થોડું આ તો કરી લઉં, આ તો જાણી લઉં, સાંભળી તો લઉં તે બધા અટકવાના રસ્તા છે. (પોતાના) અસંખ્ય પ્રદેશમાં પ્રસરીને પૂરેપૂરા વ્યાપક થઈને સ્થિર રહો ને! સુખશાંતિ વધતી જશે. વિકલ્પાદિ તૂટતા જશે.

( ૧૪૧ )

ભૂખ-તરસ લાગે છે, તો તેને મટાડ્યા વિના ચેન પડતું જ નથી. તેમ જો વિકલ્પમાં દુઃખ લાગે તો સુખ શોધી જ લે. તેના વિના ચેન પડે જ નહિ, એવો જ સ્વભાવ છે.

( ૧૪૨ )

પ્રશ્ન : જે વિકલ્પમાં દુઃખ જ દુઃખ લાગવાનું કહ્યું તે તો નાસ્ત પક્ષમાં ગયું ?

ઉત્તર : નાસ્તિ પણ દ્રવ્યની અપેક્ષાથી છે. બાકી તો તે (પર્યાય) અંશમાં દુઃખ નીકળીને સુખ પ્રગટે છે, અને એવું દુઃખ થાય ત્યારે તો દ્રવ્યની તરફ આવશે.

(૧૪૩)

પ્રશ્ન : ત્રિકાળીમાં પ્રસરવામાં જ્ઞાન કારણ છે કે દૃષ્ટિ કારણ છે?

ઉત્તર : મુખ્યપણે તો દૃષ્ટિ જ કારણ છે, ગૌણપણે જ્ઞાનને પણ કહેવાય છે. બન્ને સાથમાં જ છે. દૃષ્ટિ પ્રસરી જાય છે, તો જ્ઞાન પણ થઇ જાય છે.

પ્રશ્ન : દૃષ્ટિ તો જાણતી નથી! જ્ઞાન જ જાણે છે?

ઉત્તર : તે અપેક્ષાએ જ્ઞાનને પણ કારણ કહીએ. પરંતુ યથાર્થમાં તો એ પ્રકારે અગિયાર અંગવાળાને જ્ઞાન તો થઈ જાય છે, દૃષ્ટિ નથી થતી. તેથી યથાર્થમાં તો દૃષ્ટિને જ કારણ કહીએ.

(૧૪૪)

નિર્વિકલ્પ ધ્યાનના પહેલાં અનેક પ્રકારનું ચિંતવન કલાકો સુધી ચાલે, તોપણ તે નિર્વિકલ્પતાનું કારણ નથી; તે તો અટક છે. નિર્વિકલ્પતા તો અંતરમાં ઉગ્ર અવલંબનથી-જ થાય છે. વિચારરૂપ ધ્યાન તો અટક છે.—થાય છે—આવી જાય છે, પરતું તે અવલંબન નથી. અવલંબન તો અંદરમાં લીધું છે, તેમાં જ ઉગ્રતા થતાં નિર્વિકલ્પતા થાય છે. જે

અટકરૂપ વિચાર આદિને કારણ માનવામાં આવે, તો વિચારથી છૂટીને અંદર આવી શકાય નહિ. અટક માનવાથી અંદર આવી શકાય. ઓછી શક્તિને લીધે પર્યાયમાં અનેક જાતના વિચાર ચાલે છે, તેમાં ઉલ્લાસ પણ થાય છે, પરંતુ તે ચિંતવન આદિ કારણ નથી, અટક છે.

( ૧૪૫ )

પ્રશ્ન :—પરિણામ અંદર જામતા નથી, બહાર કેમ દોડે છે?

ઉત્તર :—વાછરડાને બાંધીએ નહિ તો બહાર ચરવા લાગે છે. જો ખૂંટે બાંધી દઇએ તો ફર્યા કરે પણ ત્યાંથી બહાર ન જઇ શકે. તેમ ધ્રુવમાં પર્યાયને બાંધી દેવાય, તો પર્યાય ધ્રુવમાં જ ફરશે, બહાર નહિ જાય. ફરવું તો તેનો સ્વભાવ છે. પરંતુ ધ્રુવ ખૂંટામાં જ ફરશે, અને સુખ મળતું રહેશે.

( ૧૪૬ )

અમને તો સુખ પીવાની અધિકતા રહે છે, જાણવાની નહીં. અને ખરેખર વિકલ્પથી જાણીએ છીએ તે તો સાચું જાણવું જ નથી. અંદરમાં અભેદતાથી જે સહજ જાણવું થાય છે, તે જ સાચું જ્ઞાન છે. પરસત્તા અવલંબી જ્ઞાન તો હેય કહ્યું છે ને! વળી શિવભૂતિ મુનિ વિશેષ જાણતા ન હતા, તોપણ અંદરમાં સુખ પીતાં પીતાં તેમને

કેવળજ્ઞાન થઈ ગયું.

( ૧૪૭ )

દેવ, ગુરુ, શાસ્ત્ર, શ્રવણ, વિચાર, વાંચન, મનન, ઉઘાડ, અને એક સમયની પૂર્વ–ઉત્તર પર્યાય, જે જે સાધન રૂપ કહેવામાં આવે છે, તે બધું (નિશ્ચયથી) બાધકરૂપ છે, એમ ન માને ત્યાં સુધી તો ત્રિકાળીમાં આવી શકાય નહિ. વળી ઉપર ઉપરથી બાધકરૂપ કહે અને અંદરમાં સાધનરૂપ માનતા રહે, તો ત્યાં જ ઝુકાવ રહ્યા કરશે, ત્રિકાળીમાં આવી શકશે નહિ.

( ૧૪૮ )

પહેલાં તો આ વાત નક્કી કરી લ્યો કે સાંભળવાથી જ્ઞાન થતું નથી, સામાન્યથી (સામાન્ય સ્વભાવના આશ્રયથી) જ્ઞાન થશે. પછી સાંભળવાનો વિકલ્પ ઉઠે તોપણ તેમાં ખેદ થવો જોઈએ. હું તો વર્તમાનમાં જ પરિપૂર્ણ છું— વર્તમાનથી જ મારે કંઈ કરવું નથી. પરિણામમાં પુરુષાર્થ સહજ થાય છે. કરું, કરું એ તો આકુળતા છે–બોજો છે.

( ૧૪૯ )

અહીં તો પરિણામમાત્રને વ્યવહાર કહે છે. મોક્ષ અને મોક્ષમાર્ગ બધો વ્યવહાર છે. હું તો અક્રિય ધ્રુવતત્ત્વ છું.

( ૧૫૦ )

પોતાનું સુખ જોયું નથી. તેથી કોની સાથે મેળવે

કે આ દેવ, ગુરુઆશ્રિત વૃત્તિ પણ દુઃખ છે, એમ જાણે! તેથી (અજ્ઞાનીએ) એકાંત દુઃખને એકાંત સુખ માની લીધું છે.

(૧૫૧)

વસ્તુસ્વરૂપ જેવું છે તેવું છે. તો પછી અપેક્ષા લગાડીને ઢીલું થોડું થઈ શકે છે?

(૧૫૨)

સ્વદ્રવ્યમાં એકત્વ કર્યા વિના રાગથી અને શરીરથી ભિન્નતા થઇ શકતી નથી, ભલે ભિન્ન છે, ભિન્ન છે એમ કહે. અને પોતાના દ્રવ્યમાં એકત્વ થતાં સહજ જ ભિન્નતા થઇ જાય છે, વિકલ્પ ઉઠાવવો પડતો નથી, સહજ જ ભિન્નતા રહે છે.

(૧૫૩)

પ્રશ્ન : અધિક ગુણીનું બહુમાન કરવું કે નહિ?

ઉત્તર : અભિપ્રાય તો બીજાનું બહુમાન કરવાનો હોય જ નહિ અને ખેંચાણના કારણે બહુમાન આવી જાય તો તેને હીનતા માનવી જોઇએ. તેનો પણ ખેદ હોવો જોઇએ.

(૧૫૪)

દેવ–ગુરુના પ્રત્યે જે મચક થાય છે તે પણ નપું-સકતા છે અને અભિપ્રાયમાં મચક હોય તો તે અનંતી

નપુંસકતા છે.

( ૧૫૫ )

( શાસ્ત્રમાં ) મુનિને માટે એમ કહ્યું છે કે બીજા મુનિ બીમાર હોય તો વૈયાવૃત્ય કરવી. તે તો વિકલ્પ હોય તો એવો હોય એની વાત છે. ( પોતામાં ) એકાગ્ર થઈ જાય તો પહેલાં તો તે જ કર્તવ્ય છે, વિકલ્પ કર્તવ્ય નથી.

( ૧૫૬ )

અધિક પુણ્ય એ વિષ્ટાનો મોટો ઢગલો છે.

( ૧૫૭ )

કેવળજ્ઞાનની પર્યાય તે પણ જો ઉપેક્ષણીય છે ( દૃષ્ટિનો વિષય નથી ) તો પછી ક્ષયોપશમ જ્ઞાનની તો વાત જ શું ?

( ૧૫૮ )

કોઈપણ કથન સમજવા માટે જો અભિપ્રાયને છોડીને અર્થ કરવા જશે તો અર્થ પણ ખોટો થશે.

( ૧૫૯ )

શુભરાગને કર્તવ્ય માનવાની તો વાત જ શું ? મારું તો કોઈ કર્તવ્ય જ નથી, એમ પહેલાં પાકું થવું જોઈએ. ( ધ્રુવમાં કર્તવ્ય કેમ હોઈ શકે ? હું તો ધ્રુવતત્ત્વ છું. )

( ૧૬૦ )

પહેલાં વિકલ્પાત્મકમાં તો આ નિર્ણય કરી લ્યો કે

પરિણામની અપેક્ષાએ અહીં ( અંતરમાં ) જ જામવાનું છે. બીજું કંઈ કરવાનું નથી. વળી તે વિકલ્પાત્મક નિર્ણયનું પણ અવલંબન ન હોવું જોઈએ, અને હું તો અપરિણામી છું–પરિણામમાં જતો જ નથી, એવો અભ્યાસ થતાં દૃષ્ટિ જામી જશે.

( ૧૬૧ )

અહીં ( સ્વદ્રવ્યમાં ) દૃષ્ટિ જામી ગઈ, બસ તે જ મુક્તિ છે, મુક્તિ કરવી નથી.

( ૧૬૨ )

બીજી બધી જગ્યાએથી તો છૂટ્યો પરંતુ અહીં આવ્યો તો દેવગુરુને ચોંટ્યો, અહીંથી જરૂર થશે, તે તો તેનું તે જ થયું, નવી દુકાન ચાલુ કરી, માત્ર નિમિત્ત જ બદલ્યું.

( ૧૬૩ )

ગમે તેવી પણ વાત કહેવામાં આવે, પરંતુ ત્રિકાળી-ની અધિકતા ક્યારેય પણ છૂટવી જોઈએ નહિં, કથન ગમે તેવાં આવે પરંતુ તે વાત કાયમ રાખીને બીજી બધી વાત છે. ત્રિકાળીની અધિકતા ક્યારેય છૂટવી જોઈએ નહિ.

( ૧૬૪ )

દેવની સન્મુખ જુઓ તો દેવ એમ કહે છે કે હું તમારી સામે જોતો નથી. તમે પણ મારી સન્મુખ ન જુઓ, પોતાની સન્મુખ જુઓ.

( ૧૬૫ )

ષટ્ આવશ્યક કહેવામાં આવે છે, પરંતુ વાસ્તવમાં તો તે અનાવશ્યક છે. (શ્રાવકની ભૂમિકામાં) વિકલ્પ આવે છે તો કેવા પ્રકારનો આવે છે તે બતાવવા માટે કહેવામાં આવે છે. વાસ્તવમાં તો તેમાં પણ ખેદ અને દુ:ખ જ લાગે છે. સ્વભાવસુખમાં જામતાં જ વિકલ્પની આકુળતા ભાસે છે કે આ આવશ્યકાદિ પણ દુ:ખભાવ છે, ઉપાદેય કેવા ?

( ૧૬૬ )

શુદ્ધ જીવાસ્તિકાયની દૃષ્ટિ વિના, શાસ્ત્રમાં જે કથન આવે છે, તેની કેટલી હદ સુધી મર્યાદા છે, તે સમજમાં આવે નહિ. અને દૃષ્ટિ થતાં જ્ઞાનમાં સહજ જ બધી વાતો સમજમાં આવી જાય છે.

( ૧૬૭ )

સર્વાર્થસિદ્ધિના દેવો ૩૩-૩૩ સાગર સુધી ચિંતન, મનન કરે છે. તોપણ કેવળજ્ઞાન નથી થતું, અને અહીં અંતર્મુહુર્ત એકાગ્રતા થતાં કેવળજ્ઞાન થઈ જાય છે. જાણ-વાથી (જાણપણાથી) પ્રયોજન-સિદ્ધિ થતી નથી, લીનતાથી સિદ્ધિ થાય છે.

( ૧૬૮ )

જેની જે રુચિ હોય છે તેને તે જ રસની મુખ્યતા

હોય છે, તેથી મરણ સમયે પણ તે જ રસની ઉગ્રતા થઇ જાય છે.

( ૧૬૯ )

અશુદ્ધ પર્યાય ( અંશ )નું મુખ બહારની તરફ છે અને શુદ્ધ પર્યાય ( અંશ )નું મુખ પોતાની તરફ છે: બન્નેનું મુખ જ ઉલટું છે, તેથી તે સહજ જ ભિન્ન દેખાય છે.

( ૧૭૦ )

અહીં તો મહારાજ સાહેબે ભૂમિકા તૈયાર કરી દીધી છે. બસ, હવે તો થોડું સુખનું બીજ વાવી દેવું, જેથી મહાઆનંદ થાય.

( ૧૭૧ )

પ્રશ્ન : ઉપયોગને અંદરમાં વાળવાની વાત છે ને ?

ઉત્તર : તેમાં પણ ઉપયોગમાં ( પર્યાયમાં ) અહંપણું અને પોતાની ધ્રુવ ચીજમાં—પરપણું આવે છે. ઉપયોગ મારી તરફ આવશે, તેમ હોવું જોઇએ.

( ૧૭૨ )

ફૂલ બાગમાં હો અથવા જંગલમાં. તેને કોઈ સુંઘે કે ન સુંઘે ! તેની કિંમત તો પોતાથી છે. કોઇ સુંઘે તો તેની કિંમત વધી જતી નથી. અથવા ન સુંઘે તો કરમાઇ જતું નથી. તેમ કોઈ જીવ પોતાને જાણે અથવા ન જાણે. તેથી પોતાનું મૂલ્ય થોડું જ છે ? પોતાની કિંમત તો પોતાથી

જ છે. કોઈ માન સન્માન દે—ન દે બધું ધૂળ જ ધૂળ છે. તેમાં કાંઈ નથી.

( ૧૭૩ )

પૂ. ગુરુદેવશ્રી અમારા માટે અનંત તીર્થંકરથી અધિક છે. કારણ કે અમારું કાર્ય થવામાં નિમિત્ત થયા—તેથી. બીજું તેમણે એ બતાવ્યું કે ભાઈ! તું સિદ્ધ તો શું! સિદ્ધથી પણ અધિક છો. અનંત સિદ્ધ પર્યાય જ્યાંથી સદાય નીકળતી રહે એવો તું છો, એવું ઉત્કૃષ્ટ વાચ્ય પૂ. ગુરુદેવશ્રીએ બતાવ્યું.

( ૧૭૪ )

દ્રવ્યની સલામતી જોતાં પર્યાય પણ સલામત થઈ જાય છે.

( ૧૭૫ )

પ્રશ્ન : જ્ઞાન તો કરવું જોઈએ ને?

ઉત્તર : અરે ભાઈ! જ્ઞાન પોતાનો સ્વભાવ છે કે નહિ? સ્વભાવ છે તેથી જ્ઞાન તો થાય જ છે. 'કરવું જોઈએ' તેમાં તો પર્યાય ઉપર વજન ચાલ્યું જાય છે, અને આખું અક્રિય પડ્યું રહે છે. તેમ જ હું વર્તમાનમાં જ અક્રિય છું. કાંઈ કરવું છે જ નહિ—એવી દૃષ્ટિ થતાં, જ્ઞાન—ક્રિયા સહજ ઉત્પન્ન થાય છે. જાણવા વગેરેનો વિકલ્પ પણ આવે છે, પરંતુ તેના ઉપર વજન નહીં જવું જોઈએ; તે બધું ગૌણ રહેવું જોઈએ.

( ૧૭૬ )

પોતાની (કાર્ય) સીમા પરિણામ સુધી જ છે. તેનાથી આગળ જઇ શકાતું જ નથી. લાડવા વગેરે ભોગવી શકાતા જ નથી. વળી જો થોડી મચકથી રાગ થાય છે તો પોતાના સહજ સુખ આગળ તે પણ ઝેર જેવો લાગે છે.

( ૧૭૭ )

કોઈ તો ધારણા કરી રાખે છે, કોઇ ધારણા કરીને રટણ કરે છે, પરંતુ ભાઈ, ધારણા કરી કરીને તારે કોઇને દેખાડવું છે કે હું જાણકાર છું ?

પ્રશ્ન:–પણ પોતાના સ્વરૂપની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી નિર્ણય માટે તો ધારણા જોઇએ ને ?

ઉત્તર:–ધારણા સહજ થાય છે. હું આ ધારણા કરી લઉં એ તો બોજો ઉપાડવાનો છે. વળી ધારણા ઉપર વજન નહિ આવવું જોઇએ. ધારણા હોવી તો જોઇએ ને ! એવું વજન નહિ હોવું જોઇએ. સહજ હો.

( ૧૭૮ )

પ્રશ્ન:–ચિંતવન કરવું ( જોઇએ ) શું ?

ઉત્તર:–ચિંતવન પણ ભઠ્ઠી લાગવી જોઇએ. તે પણ દુ:ખભાવ લાગશે ત્યારે ત્યાંથી ઉઠશે. નહિ તો ત્યાંથી શા માટે ખસે ? માર્ગમાં આવે છે તો ઠીક છે, પરંતુ તેને પણ

દુઃખભાવ જાણવો, તેમાં એકત્વ કરવું નહિ. ચિંતવન પણ ચિંતા છે.–આકુળતા છે. ચિંતવન જ્યાંથી ઉઠે છે, તે ભૂમિમાં જામી રહો.

( ૧૭૯ )

( શ્રોતા ): સાક્ષીભાવ રહેવો જોઇએ ?

( સોગાનીજી ): અમે તો સાક્ષીભાવમાં પણ નથી આવતા. અમે તો એવી ભૂમિ-સ્થળ છીએ, જ્યાંથી એવો એક સાક્ષીભાવ તો શું, અનંતા સાક્ષીભાવ ઉઠતા રહેશે. એક સમયના સાક્ષીભાવમાં હું આખેઆખો આવી જાઉં તો મારો નાશ થઈ જાય. સાક્ષીભાવમાં ( સાક્ષીભાવના વિકલ્પ-માં પણ એકત્વ કરવું નહિ. જ્યાંથી તે ( સાક્ષીભાવ ) ઉઠે છે, તે ભૂમિ નક્કર સ્થળ તે જ હું છું.

( ૧૮૦ )

વસ્તુ વર્તમાનમાં પ્રત્યક્ષ પડી છે. વર્તમાનમાં જ મોજૂદ છે. એક સમયની પર્યાયની પાછળ આખેઆખી વસ્તુ પડી છે. લક્ષ કરે તે જ ક્ષણે દેખવામાં આવે છે.

( ૧૮૧ )

દેવ-ગુરુ-શાસ્ત્રની કદર કરે છે–કિંમત કરે છે તો તેઓ કહે છે કે તું તારી કદર કર !

( ૧૮૨ )

પોતાથી જ લાભ છે, એમ ન માને તો બીજાથી

લાભ માનવો જ પડે, તે નિયમ છે. વળી પોતાથી જ લાભ છે એમ માને તો બીજાથી લાભ માને એવું બને જ નહિ, એ પણ નિયમ છે.

( ૧૮૩ )

યોગ્યતા અને પાત્રતા ઠીક હોય તો એક જ ક્ષણમાં કામ થઈ જાય એવી વાત છે.

( ૧૮૪ )

પહેલાં વિકલ્પ ઉઠે છે. પાછળથી સમાધાન કરે કે તે સ્વતંત્ર છે–( તો તે યથાર્થ નથી ) વિકલ્પની સાથોસાથ તે જ ક્ષણે તેનાથી ભિન્નતા થવી જોઈએ.

( ૧૮૫ )

પ્રશ્નઃ–ધારણા વિના અનુભવ થઈ શકે છે શું ?

ઉત્તર:–ધારણા ન થાય અને અનુભવ થઈ જાય એ સવાલ જ અહીં નથી. અહીં તો કહે છે કે ધારણા થવા છતાં પણ અનુભવ નથી થતો. ધારણામાં "હું ચૈતન્યમૂર્તિ છું" એમ ટાંકયું છે, તે જ સ્થળ પર જામી જાય ત્યારે અનુભવ થાય છે.

( ૧૮૬ )

હું એવી ભૂમિ છું જ્યાંથી ક્ષણે ક્ષણે નવાં નવાં ફળ ઉત્પન્ન થતાં જ રહે છે. જેમ ભૂમિમાં ઋતુ–ઋતુ અનુસાર અનેક ફળ થતાં રહે છે તેમ, હું એવી ભૂમિ છું

જ્યાંથી સુખનું ફળ ઉત્પન્ન થતું જ રહે છે. હું અમૃત-રસથી જ ભરેલો છું. વળી હું એવી ભૂમિ છું જ્યાં ફળ માટે જળની પણ જરૂર નથી, કારણકે હું સ્વયં જ સુખરૂપ છું. બીજા પદાર્થોની અપેક્ષા જ નથી.

( ૧૮૭ )

પ્રશ્ન:—જામી જવું તે પણ પર્યાય જ છે ને?

ઉત્તર:—અરે ભાઈ, આખરે કાર્ય તો બધું પરિણામમાં જ આવશે. પરિણામથી ન ગભરાઓ. પરિણામ પર ઉભા ન રહો. કાર્ય તો પરિણામમાં જ આવે છે. અપરિણામીમાં જામી ગયો તો કાર્ય તો પરિણામમાં જ આવશે, અને વેદન પણ પર્યાયનું જ થશે. અપરિણામી અને પરિણામ બે અંશ થઈને આખી વસ્તુ છે.

( ૧૮૮ )

આપણે તો આપણા સુખધામમાં બેસી રહીએ—જામી રહીએ. બસ, આ જ એક વાત કાયમ રાખીને બીજી બીજી બધી વાત ખતાવી લ્યો.

( ૧૮૯ )

( અજ્ઞાની જીવને ) જ્ઞાનનો થોડો ક્ષયોપશમ થાય અને થોડો વિકાસ પણ થતો જાય તો તેમાં જ રોકાઈ જાય છે. "હું થોડો સમજદાર તો છું. વળી શાંતિ પણ થોડી પહેલાંની અપેક્ષાએ વધતી જાય છે. તેથી હું આગળ વધતો

જાઉં છું," એવો સંતોષ માનીને અટકી જાય છે.

( ૧૯૦ )

અહીં ( અંતર્મુખ ) બેસતાં જ, બસ અહીં પોતાના અસંખ્ય પ્રદેશમાં દૃષ્ટિ લગાવતાં, અહીંથી સીધા સિદ્ધલોક-માં જવાશે.

( ૧૯૧ )

"વર્તમાનમાં જ હું કૃતકૃત્ય છું" એવી પોતાની વસ્તુમાં દૃષ્ટિ થઈ ત્યાં 'કરું કરું' એવી કર્તૃત્વબુદ્ધિ છૂટી ગઇ. બસ તે જ મુક્તિ છે.

( ૧૯૨ )

પોતાના સુખધામમાં સદાય જામી રહેવું, બસ આ જ એક વાત બાર અંગનો સાર છે.

( ૧૯૩ )

દૃષ્ટિ ખુલ્યા વિના શાસ્ત્રનો અર્થ પણ યોગ્ય રીતે ખતવી શકે નહિ. ખતવણીમાં આત્માની મુખ્યતા ક્યારે પણ ગૌણ થવી જોઇએ નહિ. અહીંની મુખ્યતા કાયમ રાખીને જ બધાં કથનોની ખતવણી કરવી જોઇએ.

( ૧૯૪ )

જ્ઞાનીને ક્ષણિક વિકલ્પ ઉઠે છે, પરંતુ પહેલાંની જેમ ( વિકલ્પમાં ) અનંત જોર નથી. વિકલ્પ ઉઠે છે, પરંતુ પછડાટ ખાઇને ખતમ થઈ જાય છે.

( ૧૯૫ )

સહજ સુખનો અનુભવ ( રાગની ) સાથે સાથે વર્તે જ છે, તેથી જ્ઞાની હર્ષભાવને પણ પ્રત્યક્ષ દુઃખરૂપ જાણે છે. પરંતુ સહજ સુખ જેને પ્રગટ્યું નથી, તે કોની સાથે મેળવીને હર્ષભાવને દુઃખરૂપ માને ?

( ૧૯૬ )

જે આનંદમાં મસ્ત છે, તેની મસ્તીમાં આનંદની જ વાત આવે છે.

( ૧૯૭ )

" શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ " કેવી સુંદર વાત શ્રીમદ્‌જીએ કરી છે ! એક લીટીમાં બધી વાત આવી ગઈ. બસ ભાઈ, તું આટલો જ વિચાર કર.

( ૧૯૮ )

પરિણામનું કાર્ય પરિણામ કરશે. તમે તેની દરકાર છોડો. તમે તો પોતાના નિત્યઘરમાં જ બેસી રહો. પોતાના ઘરમાં ( દ્રવ્યસ્વભાવમાં ) બેસે તો બધું સહજ જ સહજ છે. પરિણામનાં ચશ્માં પહેર્યાં છે, તેથી પરિણામરૂપ જ ( પોતે ) ભાસે છે. અપરિણામી ભાસતો નથી.

( ૧૯૯ )

" હું અધિક છું " તે જ સ્વયંનો માહાત્મ્યભાવ છે. હું કોઈપણ ભાવમાં—વિકલ્પમાં ખસતો જ નથી—તણાતો જ

નથી. એવો ને એવો અને જ્યાંનો ત્યાં હરસમય રહું છું. વિકલ્પની સાથે–પરિણામની સાથે ખસતો જ નથી. શું દર્પણનું દળ ક્ષણિક આકારથી ખસી જાય છે? તેવું ને તેવું જ રહે છે. તેમ હું પણ તેવો ને તેવો જ સદા રહું છું.

( ૨૦૦ )

ક્યાં એક સમયનો ભાવ અને ક્યાં ત્રિકાળી સામર્થ્ય !!! ત્રિકાળી સામર્થ્યની પાસે એક સમયના ભાવની શું શક્તિ ?

( ૨૦૧ )

આ વાત સમજમાં આવવાથી 'કરું, કરું' નો બોજો તો હલકો થઈ જાય. પરંતુ આ ત્રિકાળી અપરિણામી ભાવનો અનુભવ થવો તે ખાસ વાત છે. તે અનુભવ કરો.

( ૨૦૨ )

( ચર્ચા સાંભળવાવાળાઓ પ્રત્યે ) અહીંવાળા બધાને લગની તો સારી થઈ ગઈ છે, પરંતુ અહીંની મુખ્ય વાત જે "અમારું લક્ષ છોડો" તે વાત છોડી જતી નથી. ( માનતા હશો કે ) તમે આવી સરસ વાત બતાવો છો તો તમારું લક્ષ કેમ છોડાય ? તમારી સન્મુખતા કેમ છોડાય ? અસલમાં પોતાની સન્મુખતા વિના આ વાત સમજમાં આવતી નથી.

( ૨૦૩ )

અરે ભાઈ ! તું એક સમયની પર્યાયમાં આવી જતો

નથી. તું તો અનંતી પર્યાયોનો પિંડ છો. જો તું એક પર્યાયમાં આવી જાય તો બીજી બધી પર્યાયો વિધવા થઈ જશે.

( ૨૦૪ )

અજ્ઞાનીને એકલું પરિણામનું જ વેદન આવે છે. પરિણામની સાથે આખો અપરિણામી પડ્યો છે. તેનું વેદન આવતું નથી. પરંતુ અપરિણામીમાં દૃષ્ટિ જમાવીને, તેમાં તાદાત્મ્ય કરીને, પ્રસરીને, અહંપણું થતાં એક જ ક્ષણમાં અપરિણામી અને પરિણામ બન્નેનો એકસાથે અનુભવ થાય છે. એકલા પરિણામનું વેદન મિથ્યાદૃષ્ટિને જ થાય છે. જ્ઞાનીને એકસાથે બન્ને (દ્રવ્ય અને પર્યાય)નો અનુભવ રહે છે.

( ૨૦૫ )

"હું નિષ્ક્રિય છું" આ ચશ્માં તો સદાય લગાવી જ રાખવાં જોઈએ. બીજાં ચશ્માં લગાવતી વખતે પણ આ ચશ્માં તો ચાલુ જ રહેવાં જોઈએ. તે વિના તો કાંઈ દેખાશે જ નહિ. (અહીં 'ચશ્માં' શબ્દ 'દૃષ્ટિકોણ'ના સ્થાનમાં છે.)

( ૨૦૬ )

હું એવો અપરિણામી (ધ્રુવ) પદાર્થ છું કે મને આખા ત્રણ લોકના પદાર્થો ભેગા થઈને હલાવી શકતા નથી.

( ૨૦૭ )

સાધક–બાધક તો બધું પર્યાયનું જ્ઞાન કરવા માટે છે. વળી સબળાઈ( અનંતવીર્યનાપિંડરૂપ )નાં ચશ્માં

લગાવ્યા વિના નબળાઈનું પણ ( યથાર્થ ) જ્ઞાન થતું નથી. સાધકપણું–બાધકપણું પર્યાયની વાત છે. અમને તો સાધકપણા–બાધકપણાની પણ દરકાર નથી, કેમ કે બાધકપણું ત્રિકાળીને નુકશાન કરી શકતું નથી અને સાધકપણું ત્રિકાળીને લાભ કરી શકતું નથી. પછી તેની દરકાર શા માટે ?

( ૨૦૮ )

અહીં પોતાના ( ચૈતન્ય ) ગોળામાં એવો લીન થઈ જાય કે તેના રસથી પરિણતિ બીજી જગ્યાએ જાય જ નહીં. તેને જ વૈરાગ્ય કહે છે.

( ૨૦૯ )

અહીં પોતાની તરફ આવતાં જ કર્મનો ખડખડાટ ખતમ થઈ જાય છે. કર્મધૂળ ઉડવા લાગે છે અને પર્યાયનું વાંકાપણું–ટેડાપણું પણ છૂટી જાય છે. અને સુખશાંતિ વધતી જાય છે.

( ૨૧૦ )

અપેક્ષાજ્ઞાન બરાબર હોવું જોઈએ. નહીં તો ખતવણીમાં ફેર થઈ જાય છે. કઈ અપેક્ષાએ કઈ વાત કેટલી મર્યાદા સુધી કહી છે, તેનો ખ્યાલ હોવો જોઈએ.

( ૨૧૧ )

નિશ્ચયાભાસ ( થવાનો ) ભય છોડી દેવો જોઈએ.

નિશ્ચયાભાસી ત્યારે કહેવાય કે પર્યાયમાં સ્વાભાવિક સુખ પ્રગટે નહિ. જેને સુખ પ્રગટ્યું (અનુભવ થયો) તે નિશ્ચયાભાસી નથી.

(૨૧૨)

પર્યાયને જ્યાં (અંતરમાં) જવું છે તે તો નિવૃત્તિ-પ્રવૃત્તિ બન્નેથી રહિત છે. તો પણ ત્યાં જવાવાળાને નિવૃત્તિનો જ વિકલ્પ વચ્ચે આવે છે. પ્રવૃત્તિથી ખસવાનો જ ભાવ આવે છે. આ નિયમ છે. નિયમ હોવા છતાં પણ તેના ઉપર વજન નથી. એવો જ ભાવ વચ્ચે આવી જાય છે.

(૨૧૩)

પંદર વર્ષનો સંબંધ તમે કહો છો પરંતુ અમારે તો વર્તમાન વિકલ્પ પૂરતો એક ક્ષણનો સંબંધ છે. તે વિકલ્પ છૂટ્યો પછી ખલાસ! ચક્રવર્તી(સમ્યગ્દૃષ્ટિ)ને છન્નું હજાર રાણીઓ અને વૈભવ વગેરે હોવા છતાં પણ વર્તમાન જે પદાર્થ પર લક્ષ જાય છે તેનો જ ભોક્તા કહેવાય છે, અને અભિપ્રાયમાં તો તે પદાર્થનો ભોક્તા તે જ ક્ષણે ખતમ થઈ ગયો છે.

(૨૧૪)

"આત્મધર્મ" જ્યારે મળ્યું, તેમાં "એક જ આવશ્યક છે" એવું વાંચતા જ ચોંટ લાગી. અરે! આ આઠ દ્રવ્યથી પૂજા કરવી, છ આવશ્યક, તે બધામાં તો બોજો લાગે છે. અને આ એક (નિશ્ચય) આવશ્યકમાં તો બોજો ઘટી જાય છે.

( ૨૧૫ )

( સોનગઢથી બે માઇલ એકલિયા ડેમના એકાંત સ્થાનમાં શાંત વાતાવરણને જોઇને કહ્યું) આ સ્થાન એમ બતાવી રહ્યું છે કે જો તમારે સુખ જોઇએ તો આ તમારા સાથીઓથી પણ દૂર થઈ જાઓ.

( ૨૧૬ )

"હું નિરાલંબી પદાર્થ છું" એવો ( નિર્ણય ) આવ્યા વિના, અભિપ્રાયમાં ( પરનું ) અવલંબન છૂટે જ નહિ.

( ૨૧૭ )

પ્રશ્ન:—શ્રદ્ધાનું કાર્ય શ્રદ્ધા પર જ છોડી દેવું ?

ઉત્તર:—જ્યાં સુધી યથાર્થ શ્રદ્ધા તો થઈ નથી અને શ્રદ્ધા બીજી બીજી જગ્યાએ ( પર પદાર્થોમાં ) ભટકતી થકી અહંપણું કરે છે, પછી કહે કે શ્રદ્ધાનું કાર્ય શ્રદ્ધા પર છોડી દઉં છું, તો એમ તો બની શકે નહિ. પહેલાંશ્રદ્ધા પોતાના ત્રિકાળી અસ્તિત્વમાં અભેદ થઇ જાય, પછી તો શ્રદ્ધાનું કાર્ય શ્રદ્ધાપર જ છે.

( ૨૧૮ )

જલદી મુક્તિ જોઇએ તો બસ અહીં ( ત્રિકાળીમાં ) જ બિરાજમાન થઇ જાઓ.

( ૨૧૯ )

( કર્તાબુદ્ધિના નિષેધની અપેક્ષાથી કહ્યું ) જ્ઞાન

કરવાની જરૂરત નથી, મંદ કષાય કરવાની જરૂરત નથી, નિર્વિકલ્પતા કરવાની જરૂરત નથી, કેવળજ્ઞાન કરવાની જરૂરત નથી. બધું સહજ થાય છે. કરવાનો બોજો ન રાખવો. અપરિણામી પર આવ્યો તો બધું સહજ જ થાય છે. જ્ઞાતાદૃષ્ટા રહું, તે પણ નહિ. અહીં (આત્મામાં) આવ્યો તો જ્ઞાતાદૃષ્ટાપણું સહજ રહે છે, રહું એમ નહિ.

( ૨૨૦ )

(તીર્થંકરના જન્મકલ્યાણકમાં) ઇન્દ્ર નૃત્ય કરી બહારમાં લૌકિક અપેક્ષાએ ખુશી મનાવતા હોય, પરંતુ અંદરમાં જે સહજ સુખ ચાલી રહ્યું છે તેમાં આ હર્ષભાવ પણ દુ:ખરૂપ સહજપણે માલૂમ પડે છે. અને આ સહજ-સુખ તે ભાવનો સહજ નિષેધ કરી રહ્યું છે. બહારથી તો ઇન્દ્ર પણ તે હર્ષભાવમાં ખુશી મનાવતા હોય છે.

( ૨૨૧ )

પ્રશ્ન:–(અમને આત્મામાં) સ્થિરતા કેમ થતી નથી?

ઉત્તર:–ક્ષણિક પરિણામમાં અહંપણું છે. સ્થિરતત્ત્વ-ને તો પકડ્યું નથી તો સ્થિરતા ક્યાંથી આવે? હું અપરિ-ણામી સદાય સ્થિર જ છું. એવા ત્રિકાળી સ્થિર તત્ત્વમાં અહંપણું થતાં જ પરિણામમાં સ્થિરતા સહજ આવશે, સ્થિરતા વધશે અને પૂર્ણતા પણ થશે. પહેલાં હું ત્રિકાળી સ્થિરતત્ત્વ છું એવી દૃષ્ટિ થવી જોઇએ.

( ૨૨૨ )

જેટલું પણ દેવ-ગુરુ-શાસ્ત્રની તરફ લક્ષ જાય છે, તેમાં નુકશાન જ છે. ( બહિર્મુખ ઉપયોગ હોવાથી ) લાભ નથી. આ વાત પાકી થઈ જવી જોઈએ.

( ૨૨૩ )

પ્રશ્ન:—ઉપયોગને પોતાની તરફ ઢાળવાનું જ એક કાર્ય કરવાનું છે ને ?

ઉત્તર:—પર્યાયની અપેક્ષાથી તો એમ જ કહેવાય, કેમ કે ઉપયોગ બીજી તરફ છે તો આ તરફ લાવો એમ કહેવામાં આવે છે. ખરેખર તો હું પોતે જ ઉપયોગસ્વરૂપ છું. ઉપયોગ ક્યાંય ગયો જ નથી, એવી દૃષ્ટિ થતાં ( પર્યાય અપેક્ષાથી ) ઉપયોગ સ્વસન્મુખ આવે જ છે.

( ૨૨૪ )

સાંભળવાના ભાવમાં સાંભળવાવાળાને નુકશાન છે, અને સંભળાવવાના ભાવમાં સંભળાવવાવાળાને નુકશાન છે. ( બહિર્મુખ ઉપયોગ હોવાથી ) બન્નેને નુકશાનીનો ધંધો છે. પોતપોતાની યોગ્યતાનુસાર બન્નેને નુકશાન છે.

( ૨૨૫ )

આખી દુનિયાને છોડીને અહીં આવ્યો ( સાંભળવા માટે આવ્યો ) તો અહીં થપાટ લગાવીને કહે છે કે અરે ભાઈ, તું તારી તરફ જા ! !

( ૨૨૬ )

આત્મા સંબંધી વિકલ્પ હોય કે પર સંબંધી વિકલ્પ હોય, વિકલ્પ તો વિકલ્પ જ છે.

( ૨૨૭ )

પ્રશ્ન:—વસ્તુ પકડાતી નથી તો કયાં અટકાયત થતી હશે ? શું મહિમા નહિ આવતો હોય ?

ઉત્તર:—એક સમયના પરિણામમાં અહંપણું રહે છે. બસ તે જ ભૂલ છે. મહિમા તો આવે છે, પરંતુ ઉપર ઉપરથી. વાસ્તવિક મહિમા આવી જાય ત્યારે તો છોડે જ નહિ. વસ્તુનો આશ્રય લેવો જોઇએ, તે લેતો નથી.

( ૨૨૮ )

પર્યાયમાત્રની ગૌણતા કરો. અનુભવ થયો, ન થયો તે ન દેખો. "ત્રિકાળી વસ્તુ જ હું છું," પર્યાયમાત્રને ગૌણ કરીને આ તરફનો (અંતરસ્વરૂપનો) પ્રયાસ કરો. અભિપ્રાયમાં એકવાર બધાથી છૂટી જાઓ.

( ૨૨૯ )

જેમ ભૂંગળીમાં પકડાઈ ગયેલા પોપટને એમ લાગે છે કે હું ઉલટો છું, જો સુલટો હોત તો તરત ઉડી જાત. તેમ અજ્ઞાનીને એમ લાગે છે કે હું વિકારી છું, તેથી આત્માને કઈ રીતે પ્રાપ્ત કરી શકું ? અરે ભાઈ! ઉલટા-સુલટાની વાત જ નથી. પરિણામથી છૂટ્યો તો ધ્રુવ પર જ

આવીશ. (પર્યાયબુદ્ધિ છૂટવાથી આત્મામાં આત્મબુદ્ધિ થશે) ભૂંગળીને પોપટ છોડી દે તો ઉડી જ જાય, કારણ કે ઉડવું તેનો સ્વભાવ છે. તેમ પરિણામથી ખસે તો ત્રિકાળી દળમાં જ આવશે.

(૨૩૦)

ધ્રુવતત્ત્વ પર પગ રાખો તો પર્યાયમાં બધું કાર્ય સહજ જ થશે.

(૨૩૧)

આચાર્યભગવંત તો નિરંતર અમૃતરસનું જ પાન કરતા હતા. અમૃતરસમાં જ મગ્ન હતા. પરંતુ સારું ભોજન કરતી વખતે કુટુંબીજનોની યાદ આવે છે તેમ આચાર્યદેવને કરુણા આવે છે કે ભાઈ! તમારી પાસે જ આનંદનો દરિયો પડ્યો છે, તમે તેને પીઓ, પીઓ !

(૨૩૨)

વસ્તુ સાક્ષાત્ મોજૂદ પડી છે. માત્ર કલ્પના ન કરવી, પરંતુ તે રૂપ થઈ જવું. તન્મય થઈને અસંખ્ય પ્રદેશમાં વ્યાપ્ત થઈ જવું. વસ્તુ સાક્ષાત્ છે, પછી માત્ર કલ્પના શા માટે કરવી ? તે રૂપ પરિણમી જવું.

(૨૩૩)

જ્યારે પોતાના ત્રિકાળી–ધ્રુવગુરુને ગુરુ બનાવતાં શુદ્ધ પર્યાય પ્રગટી, તો બહારમાં તે વાચ્યને બતાવનારને, ગુરુનો આરોપ દેવામાં આવે છે.

( ૨૩૪ )

પરિણામમાં ફેરફાર કરવો (તે) મારો-(ચૈતન્ય) ખાણનો સ્વભાવ નથી. પુરુષાર્થની ખાણ જ હું છું, પછી એક સમયના પુરુષાર્થમાં 'કરવાની' આકુળતા શું ?

( ૨૩૫ )

સ્વયંની અનંત પરિણતિને નિત્ય રહીને ભોગવતા રહો. ખંડ ખંડ થઇને ભોગવવામાં તો પોતાનો નાશ થઈ જાય છે.

( ૨૩૬ )

'નિરાલંબી તત્ત્વ હું છું' તેની તો પૂરી મુખ્યતા હોવી જોઇએ. અને (પરાલંબીપણું) દીનતાનું પૂરેપૂરુ દુઃખ માલૂમ પડવું જોઇએ.

( ૨૩૭ )

અહીં (ત્રિકાળીમાં) અહંપણું થતાં મોક્ષ આપો-આપ થઈ જાય છે. દૃષ્ટિ અહીં અભેદ થઈ તો તે જ મુક્તિ સમજી લ્યો.

( ૨૩૮ )

પોતાના સ્વક્ષેત્રમાં બેસી ગયા તો પરિણામ જશે પરિણામનું જોર (પરાન્મુખી જોર) પાંગળું થઈ જશે. ક્યાં ? બહિર્મુખતામાં તો પરિણામ પરની સાથે સાથે ચાલ્યાં જાય છે. દૃષ્ટિ અહીં (અંતરમાં) જામી, તો પરિણામમાં વધુ દૂર જવાની શક્તિ ન રહી.

( ૨૩૯ )

યથાર્થ રુચિ હોય તો કાળ લાગે જ નહિ. રાત-દિવસ, ખાતાં-પીતાં, સૂતાં તેની જ પાછળ પડે.

( ૨૪૦ )

( વિકલ્પાત્મક ) કૃત્રિમ પુરુષાર્થની તો વાત જ શું ? પરંતુ અક્રિય ( ચિદ્‌બિંબની ) દૃષ્ટિમાં તો સહજ પુરુષાર્થની પણ ગૌણતા છે. કારણ કે તે પણ ક્રિયા ( એક સમયની પર્યાય ) છે. અને અક્રિય ( સ્વરૂપ ) દૃષ્ટિમાં ક્રિયામાત્રની ગૌણતા છે.

( ૨૪૧ )

સાંભળવાના કાળમાં પણ "હું નિરાલંબી તત્ત્વ છું" અહીંથી જ શરૂ કરવું જોઈએ. પછી સાંભળવા કરવાનો ભાવ આવશે, તોપણ મુખ્યતા નહિ રહે.

( ૨૪૨ )

પરિણામને હઠાવી શકાય નહીં, પરિણામમાંથી એકત્વ હઠાવી શકાય છે.

( ૨૪૩ )

ઉપયોગ પોતાથી બહાર નીકળે તો જમનો દૂત જ આવ્યો, એમ દેખો ! ( બહારમાં ) ચાહે ભગવાન પણ ભલે હોય. ( ઉપયોગ બહાર જાય ) તેમાં પોતાનું મરણ થઈ રહ્યું છે. બહારના પદાર્થથી તો મારો કોઈ સંબંધ જ નથી.

પછી ઉપયોગને બહારમાં લંબાવવો શા માટે?

( ૨૪૪ )

"કાંઈ કરવું નથી". હર સમય એવો ભાવ રહેવો (કર્તાબુદ્ધિ છૂટવાથી)-તેનાથી અધિક મુક્તિ કઈ છે?

( ૨૪૫ )

બીજાથી પોતાની પ્રસિદ્ધિ થાય, તેમાં તો પોતાની પરાધીનતા આવી. ખુદ તો લંગડો રહ્યો.

( ૨૪૬ )

બહારના સતથી—દેવ, ગુરુ, શાસ્ત્રથી તને લાભ થવાનો નથી. તારા સતથી જ તને લાભ છે. બહારના સતથી લાભ થાય તો તું શું "સત્" નથી?

( ૨૪૭ )

વસ્તુ અને વસ્તુમાં એકાગ્રતા—પ્રસરણ. બસ તે જ બે વાત છે. એકાગ્રતા થતાં થતાં મુક્તિ થઈ જાય છે. (તેના સિવાય) સાંભળવું, તત્ત્વચર્ચા કરવી તે બધુંય વિષયસેવન છે. (કારણ કે બહિર્મુખ ભાવ છે) પોતાના વિષયને છોડીને તેને વિષય બનાવે છે તો પોતાનો વિષય પડ્યો રહે છે.

( ૨૪૮ )

ફક્ત બેઠક જ બદલવાની છે. પરિણામ પર બેઠા છો, તો ત્યાંથી ઉઠીને અપરિણામી પર બેસી જાઓ. બસ આટલી જ વાત છે.

( ૨૪૯ )

ક્યાશ તો ત્યારે કહેવાય કે અકચાશ-સ્વભાવની દૃષ્ટિ થઈ હોય ત્યારે. નહિ તો ક્યાશ ક્યાં છે? એકાંત પરસન્મુખતા છે.

( ૨૫૦ )

[ " આત્મપ્રાપ્તિ કેમ થાય " આ વિષયમાં જિજ્ઞાસા-પૂર્વક પૂછેલા પ્રશ્નનો આ વિસ્તૃત ઉત્તર છે. ]

રુચિમાં ખરેખર પોતાની જરૂરત લાગે, ત્યારે પોતાની વસ્તુની પ્રાપ્તિ થયા વિના રહે નહિ. ચોવીસે કલાક ચિંતનમાં—વગરચિંતનમાં એક આ જ ( સ્વરૂપનું ઘોલન ) ચાલતું રહે. જે વિષયની રુચિ હોય છે, તે વિષય, સેંકડો બાહ્યકાર્ય કરવા છતાં પણ, ચાલુ જ રહે છે. બહારનો ઉપયોગ ઉપર ઉપર ચાલે છે—તેમાં જાગૃતિ હોતી નથી. જે વિષયની રુચિ હોય છે તેમાં જ જાગૃતિ રહે છે. સેંકડો કાર્ય કરતા રહેવા છતાં પણ, તે બધાની ગૌણતા જ રહ્યા કરે છે અને રુચિનો વિષય જ મુખ્ય રહે છે.

વિકલ્પાત્મક વિચારમાં પણ, શરીરાકાર ચૈતન્યમૂર્તિને ટાંકી દો. " હું તો આ જ છું. " સુખ-દુ:ખની જે કાંઈ પર્યાય થાય તેની ઉપેક્ષા રાખો. " હું તો આ જ છું. " વિચાર ચાલે, તેની પણ ગૌણતા રાખો. " હું તો એવો ને એવો ચૈતન્યમૂર્તિ છું. " બસ આ જ દૃઢતા કરતા રહો.

સાંભળવું, શાસ્ત્ર વાંચવું વગેરે બધાની ગૌણતા થવી જોઈએ. એકાંતનો વધુ અભ્યાસ રહેવો જોઈએ. ( જેથી સ્વરૂપ–ઘોલન વધે. )

આ ( સમ્યક્ત્વ ) પ્રાપ્ત ન થયું તો જીવ નિગોદમાં ચાલ્યો જશે. એમ નિગોદના ભયથી પોતાનું કાર્ય કરવા ચાહે, ( જે યથાર્થ નથી. ) પરંતુ ( અભિપ્રાયમાં ) નિગોદની અવસ્થા હો અથવા સિદ્ધની, મારો કાંઈ બગાડ-સુધાર નથી ( હું અવસ્થારૂપ નથી ) એવી હું અચલિત વસ્તુ છું—એવી શ્રદ્ધા જામી જવી જોઈએ. પર્યાય ગમે તેવી હો, તેની ઉપેક્ષા જ રહેવી જોઈએ.

પરદ્રવ્યની સાથે તો કાંઈ સંબંધ જ નથી. એટલો આ વાતનો તો પક્ષ હોવો જોઈએ—પછી વસ્તુ ( ત્રિકાળી ધ્રુવ ) અને પરિણામ ( ઉત્પાદ વ્યય ) એ બે વચ્ચેના વિચારમાં જ બધો સમય લગાવી દેવો. ચોવીસે કલાક બસ આ જ ( સ્વરૂપનું ઘૂંટણ ) ચાલવું જોઈએ. પ્રવૃત્તિભાવને ગૌણ કરીને આ જ એકની જ મુખ્યતા હોવી જોઈએ. આ જ પ્રયાસ નિરંતર ચાલવો જોઈએ.

( ૨૫૧ )

આત્મા જ્ઞાન અને સુખથી ભરેલો છે. પછી આપણે જોઈએ પણ શું ? ( લોકો ) જન્મ-મરણથી છૂટવા ચાહે છે, પરંતુ હું તો જન્મ-મરણથી રહિત ધ્રુવ છું. ઉત્પાદ વ્યયની

સાથે પણ હું ખસતો નથી.

( ૨૫૨ )

અહીંથી ( અંતરમાંથી ) જે જ્ઞાન ખીલે છે, તે આખા નાટકને ( તટસ્થ રહીને ) દેખે છે—કેવા કેવા ભાવો ઉઠે છે, કેવો ઠગાય છે, કેવું ખેંચાણ ( પરદ્રવ્ય પ્રત્યે ) થાય છે—તે બધું નાટક જ્ઞાન દેખતું રહે છે.

( ૨૫૩ )

એટલો એટલો ખુલાસો અહીંથી ( પૂ.ગુરુદેવશ્રીથી ) બહાર આવી ચૂકયો છે કે પંચમ આરાના અંત સુધી ચાલશે.

( ૨૫૪ )

( માત્ર ) વિચાર કરવાથી વસ્તુનો પત્તો લાગતો નથી ( આત્માનો અનુભવ થતો નથી ). વસ્તુ તો પ્રત્યક્ષ મોજૂદ છે, બસ તેમાં જ પ્રસરીને બેસી જવું—બિરાજમાન થઈ જવું.

( ૨૫૫ )

હું જ પુરુષાર્થની ખાણ છું ને ! દૃષ્ટિએ પુરુષાર્થની ખાણનો કબ્જો લઈ લીધો પછી પર્યાયમાં પુરુષાર્થ, સુખ વગેરે સહજ થાય જ છે.

( ૨૫૬ )

પ્રશ્નઃ—પરિણામમાંથી એકત્વ છોડી દેવું, તે જ આપને કહેવું છે ને ?

ઉત્તર:—બસ તે જ કહેવું છે. પરિણામમાંથી એકત્વ છોડી દો. પરંતુ તે એકત્વ કેમ છૂટે? નિત્યસ્વભાવમાં એકત્વ કરે ત્યારે. નિશ્ચય નિત્યસ્વભાવમાં દૃષ્ટિ જમાવીને પરિણામમાત્રથી એકત્વ ઉઠાવી લેવું.

( ૨૫૭ )

પ્રશ્ન:—વૃત્તિ ઉઠતી જ રહે છે, તે કેવી રીતે રોકાય?

ઉત્તર:—એક સમયની વૃત્તિને તેમાં રહેવા દો. હું તો ત્રિકાળી, એક સમયની વૃત્તિમાં જતો જ નથી. ત્રિકાળીમાં અહંપણું થતાં જ વૃત્તિ પણ ખેંચાઈ આવશે.

( ૨૫૮ )

સૌથી પહેલાં અભિપ્રાયમાં નિરાલંબીપણું આવી જવું જોઈએ. વચ્ચે ( પછી ) થોડું ( પરનું ) અવલંબન આવી જાય, પરંતુ તે જ સમયે અભિપ્રાયમાં નિષેધ છે.

( ૨૫૯ )

જ્ઞાનની રાગ પ્રત્યે પીઠ હોય છે, મુખ હોતું નથી. આ તરફ ( અંતરમાં ) મુખ હોવાથી રાગ સ્વયં છૂટી જશે. રાગને ઓછો કરું—છોડું—એમ તોફાન નથી થતું. રાગને ઓછો નથી કરવો, અને લંબાવવો પણ નથી. સ્વભાવનું બળ વધતાં વધતાં રાગ ઓછો થતો જાય છે. જ્ઞાનનું પરિણમન અર્થાત્ સ્થિરતા, બસ તે જ એક રાગના નાશનો

ઉપાય છે. રાગને ઓછો કરું તે કોઈ ઉપાય નથી.

( ૨૬૦ )

હું તો આ બધું સ્વપ્ન જોઈ રહ્યો છું. શરીર શરીરમાં છે, અને હું મારામાં છું. સ્વપ્નની માફક આ બધું થઈ રહ્યું છે.

( ૨૬૧ )

પ્રશ્ન:-સીતાજી સાધર્મી હતાં, અને પત્ની પણ હતાં, તોપણ રામચંદ્રજીએ લૌકિકજનોની મુખ્યતા કરીને, વાત્સલ્ય અનુરાગને પણ ગૌણ કરી દીધો-આ કેવું?

ઉત્તર:-જુઓ, આથી એમ સિદ્ધ થયું કે (ધર્મીને) વાત્સલ્ય રાગ જ મુખ્ય હોય છે—એમ નથી. ક્યારે કેવો રાગ આવી જાય! ક્યારે શું (બીજો) રાગ આવી જાય!

( ૨૬૨ )

વાત્સલ્ય, પ્રભાવના આદિના (બધા પ્રકારના) રાગ-ને અમે તો રોગ માનીએ છીએ, પછી તેને વધારવો શું?

( ૨૬૩ )

દ્રવ્યલીંગીને વસ્તુનું માહાત્મ્ય (સાધારણ) તો આવ્યું છે. પરંતુ વસ્તુ પરોક્ષ જ રહી છે—પ્રત્યક્ષ નથી કરી.

( ૨૬૪ )

આચાર્યે દૃષ્ટિનો દોષ એટલો મોટો કહ્યો છે કે, ભાઈ! સર્પથી કરડેલો તો એક જ વાર મરે છે, પરંતુ મિથ્યાત્વથી કરડેલો અનંત ભવમાં રખડે છે. તેથી આ મિથ્યાત્વના

મહાન પાપથી બચવા માટે, લગ્ન કરવાનું કહ્યું—જે માત્ર રાગનું જ ( ચરિત્રદોષનું ) કારણ છે.

( ૨૬૫ )

પર્યાય ( ત્રિકાળી ) દ્રવ્યથી સર્વથા જ ભિન્ન છે. પ્રમાણમાં અભિન્નતા પણ કહેવામાં આવે છે, પરંતુ પ્રમાણ નિશ્ચયનયને જૂઠો કરીને કહેતું નથી. નિશ્ચયથી તો પર્યાય સર્વથા ભિન્ન છે. પ્રદેશ એક હોવાથી પ્રમાણ તેને અભિન્ન કહે છે. પ્રમાણ અભિન્ન જ કહે છે, તેમ નથી. ભિન્ન-અભિન્ન બન્ને ( પ્રમાણ ) કહે છે. પરંતુ એકાંત ભિન્ન છે એવું જોર દીધા વિના પર્યાયમાંથી દૃષ્ટિ ઉઠશે નહિ. " અનેકાન્ત પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ સિવાય અન્ય હેતુએ ઉપકારી નથી " તે સત્ય છે.

( ૨૬૬ )

હું એટલો મજબૂત સ્થાન છું કે એક સમયની પર્યાયમાં અનંત સુખ હો, જ્ઞાન હો, અથવા અનંતી ઉલ્ટી પર્યાયો હો, મારામાં તે પર્યાયોથી કાંઇ પણ હલચલ નથી થતી, અથવા સુધાર-બગાડ નથી થતો, એવી દૃઢ મજબૂત ચીજ હું છું.

( ૨૬૭ )

પ્રશ્ન:–પરિણામ કઇ રીતે સુધરે ?

ઉત્તર:–નિત્ય અપરિણામી ધ્રુવ ધામમાં દૃષ્ટિને બિરાજમાન કરવાથી પરિણામ સુધરવા લાગશે.

( ૨૬૮ )

આખરે તો એકાંત ( એકલા ) જ સદા રહેવાનું છે, તો શરૂથી જ એકાંતનો અભ્યાસ બે, ચાર, પાંચ કલાક જોઇએ.

( ૨૬૯ )

" મોતને બાઝે તો તાવથી છૂટે છે " એમ પરિણામ મારાથી સર્વથા ભિન્ન છે.–( એવું જોર દેવાથી ) દૃષ્ટિ ત્યારે જ પરિણામથી છૂટે છે.

( ૨૭૦ )

( બાહ્ય વ્યવહારમાં ) કોઇપણ કાર્યની જવાબદારી લેવી એ તો ( અમારે માટે ) મોટો પહાડ ઉપાડવા જેવું છે ( ઘણો બોજો લાગે છે. )

( ૨૭૧ )

આ જે મહારાજ સાહેબનો યોગ મળ્યો છે—તે પરમ યોગ છે, કેમકે પરમ સ્વભાવની પ્રાપ્તિનું કારણ છે. મહારાજ સાહેબ જગદ્દગુરુ છે. તેઓ એકલા સિદ્ધલોકમાં જતા નથી. ઘણા જીવોને સાથે લઇને જશે. અહીંના અધિકાંશ લોકો સાથે જવાવાળા છે.

( ૨૭૨ )

આ બધી ( તત્ત્વની ) વાત વિકલ્પાત્મક જાણી લેવાથી શાંતિ માની લેવી નહિ. અભેદ દૃષ્ટિ પ્રગટ કરવી.

( ૨૭૩ )

ખરેખર આત્મા કેવી રીતે પ્રાપ્ત થાય–તે જ એક ધ્યેય હોવું જોઈએ. બીજી બીજી વાતોથી શું પ્રયોજન?

( ૨૭૪ )

અહીં ( સ્વરૂપમાં ) દૃષ્ટિ આવતાં જ સુખનો–સ્રોતનો સ્રોત વહેવા લાગશે.

( ૨૭૫ )

જે રસની રુચિ હોય છે–તે રસની જે નિમિત્તથી કૃત–કારિત–અનુમોદનાથી પુષ્ટિ મળે છે, તેના સંગનો ભાવ આવે છે. દેવ, ગુરુ, શાસ્ત્ર શાંતરસનાં નિમિત્તો છે. તેથી તેના સંગનો ભાવ આવે છે.

( ૨૭૬ )

નિશ્ચયાભાસના નિષેધ માટે જ્યારે એમ કહેવામાં આવે છે કે સાંભળવાનો ભાવ તો ગણધરને પણ આવે છે—અધ્યયનનો ભાવ તો મુનિઓને પણ આવે છે—વગેરે કથન આવે છે. તેમાં અજ્ઞાનીને વહેવારપક્ષની પુષ્ટિ થઈ જાય છે અને નિશ્ચયાભાસ થઈ જવાનો ડર ( ભય ) લાગે છે, તેથી નિશ્ચય ઉપર જોર દઈ શકતો નથી, અને વહેવારમાં ખેંચાઈ જાય છે–રાગમાં આદરભાવ રહી જાય છે.

( ૨૭૭ )

હું એવો પદાર્થ છું કે મારામાં ભયનો પ્રવેશ જ

થઇ શકતો નથી પછી ભય કઇ બાબતનો ?

( ૨૭૮ )

લોકો દેખે કે આ ચક્રવર્તી છ ખંડવાળા છે, પણ તેની દૃષ્ટિ તો છે અખંડ ઉપર.

( ૨૭૯ )

( અભિપ્રાયમાં ) જરાક જેટલી ભૂલ તે પણ પૂરી ભૂલ છે. પર્યાય ધ્યાન કરવાવાળી છે અને હું તો ધ્યાનના વિષયભૂત વસ્તુ છું, પર્યાય મારુ ધ્યાન કરે છે. હું ધ્યાન કરવાવાળો નથી.

હું ધ્યાન કરુ તે વાતમાં અને હું ધ્યાન કરવાવાળો નથી–હું તો ધ્યાનનો વિષય છું એ વાતમાં થોડોક ફેર લાગે છે, પરંતુ રાત–દિવસ જેટલો મોટો ફેર છે. ( એકમાં પર્યાયદૃષ્ટિ રહે છે, બીજામાં દ્રવ્યદૃષ્ટિ થાય છે—એટલો મોટો ફેર છે. )

( ૨૮૦ )

પ્રશ્નઃ–( ધ્યાન કરવાના સમયે ) સોહમ્ સોહમ્—શિવોહમ્ વગેરે શબ્દ શા માટે બોલવામાં આવે છે ?

ઉત્તરઃ– તે તો સીધું ધ્યાન જામી ન શકે, ત્યારે તે શબ્દ દ્વારા થોડો કષાય વધુ પાતળો પડે છે, તેથી છે. ( જેને અંતર પુરુષાર્થ બળવાન હોય, તેને પણ એવું બોલવું પડે છે, એમ નથી. )

( ૨૮૧ )

"શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ" તેમાં પર્યાપ્ત વાત બતાવી દીધી છે, પછી જે બધી વાત આવે છે તે તો પરલક્ષી જ્ઞાનની નિર્મળતા માટે સહજ હો તો હો.

( ૨૮૨ )

દૃષ્ટિની અપેક્ષાએ ચરિત્રનો અનંતગુણુ પુરુષાર્થ છે, પરંતુ તેની પણ મુખ્યતા નથી. (કારણ કે તે પણ પર્યાય છે) દૃષ્ટિના વિષયની મુખ્યતામાં તેની પણ ગૌણુતા જ રહે છે.

( ૨૮૩ )

બહારથી તો આપણે કાંઇ પ્રયોજન છે જ નહિ. તેથી બાહ્ય પદાર્થોથી તો સહજ જ ઉદાસીનપણું રહે જ.

( ૨૮૪ )

દૃષ્ટિ પોતાને પ્રભુ જ દેખે છે. નબળાઇથી વિકલ્પ આવે તો પોતાની નિંદા–ગર્હા પણ થાય છે. હું પામર છું એવો પણ વિકલ્પ આવે છે. પરંતુ તે તો ક્ષણ પૂરતો જ વિકલ્પ છે. આવી ગયો તો આવી ગયો. (કોઇ જ્ઞાનીને તો દૃષ્ટિબળ ઉગ્ર હોવાથી નિંદા–ગર્હાનો વિકલ્પ ઓછો પણ આવે છે.)

( ૨૮૫ )

જેમ ઇંજેકશન હંમેશાં લેવાની જેને ટેવ થઇ ગઈ છે

તેને ઇંજેકશન લીધા વિના ચેન પડતું નથી, તે રીતે સાંભળવા વગેરેની જેને ટેવ થઈ ગઈ છે તેને સાંભળવા ( વગેરે ) ના વિના ચેન પડતું નથી. પરંતુ ( સાંભળવા વગેરેના ભાવમાં) તીવ્ર નિષેધ આવ્યા વિના છૂટી શકાશે નહિ. ( સ્વરૂપ-દૃષ્ટિના બળ પર, સમસ્ત પ્રકારના શુભ ભાવ—પરલક્ષીભાવનો નિષેધ આવ્યા વિના તે શુભભાવો છૂટતા નથી )

( ૨૮૬ )

પ્રશ્નઃ—સમ્યગ્દર્શનનો વિષયભૂત આત્મા કેવો છે?

ઉત્તરઃ— સમ્યગ્દર્શનનો વિષયભૂત આત્મા ધ્રુવ, અભેદ, એકરૂપ, શુદ્ધ, અખંડ, કૂટસ્થ, અપરિણામી છે.

( ૨૮૭ )

દૃષ્ટિમાં તો અમે પ્રભુ છીએ અને બહારમાં બીજો પ્રભુમાં આગળ વધેલો દેખાય તો પ્રમોદભાવ સહજ આવી જાય છે. પરંતુ તે ભાવ પણ ક્ષણ પૂરતો આવી જાય છે, વધારે લગવાડ નથી.

( ૨૮૮ )

અહીં ( આત્મસ્વરૂપમાં ) આવ્યો નહિ તો પર્યાયનો વિવેક પણ નથી થતો. તેથી કહેવું પડે કે ભાઈ! પર્યાયનો વિવેક રાખો. અહીં ( સ્વરૂપમાં ) આવ્યો ત્યાં પર્યાયનો વિવેક સહજ થાય છે.

( ૨૮૯ )

એક સમયની પર્યાયને છોડીને જે સામાન્ય વસ્તુ રહી

જાય છે તે દૃષ્ટિનો વિષય છે.

( ૨૯૦ )

અનાદિકાળથી ભટકતાં ભટકતાં જ્યારે અપરિણામીમાં અહંપણું થયું કે "હું તો સદા મુક્ત જ છું" બસ, તે જ જીવનની ધન્ય પળ છે.

( ૨૯૧ )

વીતરાગની સાથે રાગ કરવાનો પ્રયત્ન–મૂર્ખાઈ છે. તેઓ તને જવાબ પણ દેશે નહિ.

( ૨૯૨ )

પોતાના સહજસુખની પિપાસા હોવી જોઈએ. જેટલી તીવ્ર પિપાસા તેટલું કામ જલદી થાય છે.

( ૨૯૩ )

દેવ, ગુરુ પાસેથી પણ કાંઈ લેવું નથી. તેમનો સ્વભાવ જોઈને–હું પણ તે જ જાતિનો છું એમ જાણવામાં આવે છે. લેવું, દેવું કાંઈ નથી. બીજાની સાથે લેણદેણનો સંબંધ જ નથી. અશુદ્ધ પર્યાયનું બીજા તરફ લક્ષ જાય છે (એટલું જ છે) પરંતુ બીજા સાથે લેણદેણનો સંબંધ નથી.

( ૨૯૪ )

જે પર્યાય જે કાળમાં થવાવાળી છે, તે કાળમાં જ થાય છે. મુનિદશા પણ સહજ થાય છે. પહેલાં ભાવના થાય છે, પરંતુ અભિપ્રાયની પ્રધાનતા પહેલાં કરો–પછી

યોગ્યતાપ્રધાની થઇ જશો. જે પર્યાય જ્યારે થવાવાળી છે ત્યારે જ થશે. આપણે તો જ્યાં બેઠા છીએ ત્યાં કાંઇ કરવું, ફરવું નથી. અમે તો બંધ અને મુક્તિ બન્નેથી રહિત છીએ.

( ૨૯૫ )

દૃષ્ટિના વિષયની હર સમય મુખ્યતા રહેવી જોઇએ. ( બીજી ) ગમે તેટલી વાત આવો, પરંતુ તેની ( દૃષ્ટિના વિષયની ) ગૌણતા નહીં થવી જોઇએ.

( ૨૯૬ )

આખા સમયસારમાં છઠ્ઠી ગાથામાં સમ્યગ્દર્શનનો ખાસ વિષય આવી ગયો છે. છઠી ગાથામાં બધાથી ઉત્કૃષ્ટ વાત આવી ગઈ છે. હું પ્રમત્ત પણ નથી, અપ્રમત્ત પણ નથી. કઇ પર્યાય બાકી રહી ?

( ૨૯૭ )

દેવ, ગુરુ, શાસ્ત્ર તરફનું લક્ષ અને વલણમાં પણ ભઠ્ઠી જેવું દુઃખ લાગવું જોઇએ. ( જ્ઞાનીને ) બહારમાં ઉત્સાહ દેખાય છે પણ અંદરમાં ભઠ્ઠી જેવું દુઃખ લાગે છે.

( ૨૯૮ )

વિકલ્પાત્મક ભાવમાં એમ નિર્ણય આવ્યો કે કાંઇ કરવાનું જ નથી, તો તેટલું વિકલ્પાત્મક કર્તૃત્વ છૂટવાથી આકુળતા તેટલી ઓછી થાય છે. પછી વિકલ્પરહિત

( નિર્વિકલ્પ ) નિર્ણય થતાં સર્વથા કર્તૃત્વ છૂટીને વાસ્તવિક શાંતિ થાય છે.

( ૨૯૯ )

સાંભળવા વગેરેનો ભાવ જ્ઞાનીને—ગણધરને પણ આવે છે તો આપણને કેમ ન આવે? ( એવી વાતોના અવલંબનથી અજ્ઞાની જીવ ) એવા એવા પરાશ્રિત ભાવની પુષ્ટિ કરે છે.

( ૩૦૦ )

મૃત્યુ સમયે જીવને પોતાની રુચિનો વિષય જ મુખ્ય થઇ જાય છે. બીજી બધી ચીજથી રુચિ હઠીને જેની રુચિ હતી તે જ એક ચીજની મુખ્યતા થઈ જાય છે. એ રીતે જેને આત્માની રુચિ છે તેને મૃત્યુ સમયે પોતાનો આત્મા જ મુખ્ય થઇ જાય છે. તે વખતે તો બધું સમેટી લેવું છે. ( આ વાત ઉપર કોઈ જિજ્ઞાસુએ શ્રીમદ્ રાજચંદ્રજીના દેહાંત વખતે કહેલા શબ્દો: "હું સ્વરૂપમાં લીન થાઉં છું" કહ્યા—સાંભળીને સોગાનીજીએ આગળ કહ્યું કે ) એમ જ થાય છે. બીજાને કહે કે મને સંભળાવો તો તેની યોગ્યતા પણ તે જ પ્રકારની છે, ત્યારે જ તેવો વિકલ્પ આવે છે.

( ૩૦૧ )

એક ( મૂળ ) વાત યથાર્થ પકકડમાં આવતાં બધી વાતો યથાર્થરૂપમાં ગ્રહણ થાય છે.

( ૩૦૨ )

આપણે તો આપણું સમજવું. બીજો કેવી રીતે સમજે છે, કેવી રીતે નહિ, તેનું શું પ્રયોજન? બીજામાં રોકાશે તો પોતનો કાળ વ્યર્થ ચાલ્યો જશે.

( ૩૦૩ )

ક્ષયોપશમમાં બેસીને, (આત્મા) દ્રવ્ય આવું છે, દ્રવ્ય આવું છે–તેવી દ્રવ્યની વાતો કરી રહ્યો છે તે તો દૂર બેસીને દ્રવ્યની વાત કરી રહ્યો છે. (આત્મામાં બેસીને દ્રવ્યનું સ્વરૂપ બતાવવું યથાર્થ છે).

( ૩૦૪ )

જ્યારે અંતરદૃષ્ટિ જામે, ત્યારે જ (વર્તમાન પર્યાયની) યોગ્યતાનું જ્ઞાન યથાર્થ થાય છે, ત્યારે જ (જે કાળની જેવી) "યોગ્યતા" કહેવાનો અધિકાર છે.

( ૩૦૫ )

(નિર્વિકલ્પ દશામાં) વીજળીના કરંટની માફક અતીંદ્રિય સુખ પ્રદેશ-પ્રદેશમાં વ્યાપીને પ્રસરી જાય છે. ઝણઝણાટ....! કાળ થોડો છે, પણ તેથી શું? (કાળ થોડો હોવાથી તેની મહત્તા ઓછી નથી. નિર્વિકલ્પ આત્માના અતીંદ્રિય આનંદની અનુભવદશાનું માહાત્મ્ય અચિંત્ય મહિમાવંત છે).

( ૩૦૬ )

આત્મા તો ગંભીર છે. સમુદ્રની જેમ અનંત શક્તિઓ પોતામાં સંગ્રહ કરીને બેઠો છે. તેની દૃષ્ટિ થતાં જ્ઞાનમાં પણ ગંભીરતા અને વિવેક આવી જ જાય છે.

( ૩૦૭ )

બહારના સંગનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પણ પર્યાયની સાથે છે, મારી સાથે નથી. વળી જેને પર્યાયમાં જ એકત્વબુદ્ધિ છે તેને તો નિમિત્તની સાથે પણ એકત્વબુદ્ધિ લંબાય છે. જ્ઞાનીને પર્યાયમાં એકત્વબુદ્ધિ નથી, તેથી નિમિત્ત સાથે પણ એકત્વબુદ્ધિ નથી.

( ૩૦૮ )

સંસારમાં બધા વિષયમાં પ્રયત્ન કરો છો તો અહીં ( અંતર સ્વરૂપનો ) પ્રયાસ પણ કરો ને! આ પ્રયાસમાં તો ઉત્કૃષ્ટ શુભભાવ થાય છે કે જે બીજી કોઈ જગ્યાએ થતો નથી. આ પણ છે તો કૃત્રિમ પ્રયાસ, પરંતુ અકૃત્રિમ પ્રયાસ પહેલાં તે પણ આવ્યા વિના રહેતો નથી.

( ૩૦૯ )

નિત્ય પડખું અને અનિત્ય પડખું, તે બન્ને પડખાં એક વસ્તુનાં છે. હવે પ્રયોજન સિદ્ધ કરવાનો મતલબ છે, તો આ પ્રયોજન નિત્ય પડખાને મુખ્ય કરવાથી અને અનિત્ય પડખાને ગૌણ કરવાથી સિદ્ધ થાય છે.

( ૩૧૦ )

( વિકારી ) પર્યાય પર તરફ તન્મયતા કરે છે, પરંતુ પર સાથે તન્મય થઇ શકતી નથી. અંતર્મુહૂર્તથી વધારે પર તરફ ટકી શકતી નથી. જ્યારે ( શુદ્ધ ) પરિણામ ત્રિકાળી સ્વભાવની સાથે તન્મયતા કરે છે તો ત્યાં તો તન્મય થઇ જાય છે અને સદાકાળ તે તન્મયતા ( સ્વસન્મુખતા ) ટકે છે.

( ૩૧૧ )

જેટલી ધગશ ઉગ્ર તેટલું કાર્ય જલદી થાય છે.

( ૩૧૨ )

પ્રશ્ન:–મુનિને વસ્ત્રાદિ નહિ હોવાથી દુ:ખ નહિ થતું હોય ?

ઉત્તર:–મુનિઓને દુ:ખ કેવું ? તેને તો અંતરમાં આનંદનો સ્રોત વહે છે. વીજળીના કરંટની જેમ અંદર આનંદ ચાલી રહ્યો છે. તેમને તો વસ્ત્રની વૃત્તિ ઉઠવી જ દુ:ખ છે. વળી જે શુભવૃત્તિ ઉઠે છે તે પણ ભયંકર દુ:ખરૂપ લાગે છે.

( ૩૧૩ )

હું તો વિકલ્પથી શૂન્ય છું અને મારા ભાવોથી ભરપૂર છું.

( ૩૧૪ )

અધ્યયન આદિનું પૂરતું રહસ્ય પૂ. ગુરુદેવ પાસેથી

અમને તો મળી ગયું છે. ક્રમબદ્ધ પર્યાય ક્યાં લખ્યું છે એની અમારે શું દરકાર છે? સિદ્ધાંત બેસી ગયો અને અનુભવમાં આવી ગયો, પછી શું કામ? એ રીતે મહારાજ સાહેબની બધી વાતો અમને તો તૈયાર મળી ગઈ છે. જેવી રીતે પિતાની કમાયેલી મૂડી વારસામાં વગર પ્રયત્ને મળી જાય!

( ૩૧૫ )

પ્રશ્નઃ-જ્ઞાનીને વિષયોમાં આસક્તિ નથી, તેનો મતલબ શું?

ઉત્તરઃ-અન્ય મતવાળા તો તેને બીજી રીતે કહે છે, પરંતુ તેમ નથી. યથાર્થમાં તો જ્ઞાનીને પોતાના ત્રિકાળી સ્વભાવમાં એવી આસકિત થઇ ગઈ છે કે બીજા કોઈ પદાર્થમાં આસકિત થતી જ નથી. એટલા સ્વભાવમાં ( તીવ્ર ) આસક્ત છે.

( ૩૧૬ )

પ્રશ્નઃ-પહેલાં તો અવલંબન લેવું જોઇએ ને?

ઉત્તરઃ-પહેલાંથી જ હું પરિપૂર્ણ છું, તેને આલંબન શું? એમ લઇને, ( બાહ્ય ) અવલંબનથી નુકશાન જ છે, એવા નિષેધપૂર્વક થોડું અવલંબન આવી જાય છે. પરંતુ અભિપ્રાયમાં અવલંબન હોવું જોઇએ નહિ અવલંબનમાં પહેલેથી જ નિષેધભાવ હોવો જોઇએ.

( ૩૧૭ )

મૃત્યુ સમયે "મને સંભળાવો" એવો ભાવ જ્યારે ઉઠે છે ત્યારે તો સ્વયંની તૈયારી નથી. અંદરમાં (સ્વરૂપનું ઘોલન) ચાલી રહ્યું હોય તેને બીજો સંભળાવે એવો વિકલ્પ જ ઉઠતો નથી. તેને તો તે સમયે અધિક બળ હોય તો નિર્વિકલ્પતા આવી જાય છે. કદાચિત નિર્વિકલ્પતા ન આવે તો સ્વની અધિકતા તો છૂટતી જ નથી.

( ૩૧૮ )

સ્વદ્રવ્યમાં જામી જવું એક જ કર્તવ્ય છે, તે પણ પરિણામની અપેક્ષાથી. મારી અપેક્ષાએ, હું તો કૃતકૃત્ય જ છું—કાંઈ કર્તવ્ય નથી. હું તો અનંતવીર્યની ખાણ છું.

( ૩૧૯ )

બીજા બધાં પદાર્થોને તો છોડ્યા અને દેવ, ગુરુને ચોંટ્યો. હવે તેનાથી પણ ઉખડીને અહીં (સ્વરૂપમાં) ચોંટો.

( ૩૨૦ )

હું તો ચૈતન્ય પ્રતિમા છું. આ પ્રતિમા કાંઈ દેતી નથી. તેનાથી ઉપકાર થઈ શકતો નથી, (ઉપચારથી) કહેવામાં આવે છે. અસલમાં તો તેનું સ્વરૂપ, અહો! વીતરાગી શાંત મુદ્રા દેખીને, બસ હું પણ એવો જ છું. (એવું આત્મસ્વરૂપ દેખાય છે.)

( ૩૨૧ )

જેમ વીરરસવાળાને ( લડાઇ વગેરેના પ્રસંગમાં ) શરીર છૂટવાનો ડર નથી, તેમ શાંતરસવાળાને આખું જગત પ્રતિકૂળ થઇ જાય, શરીર છૂટી જાય, એવો પ્રસંગ આવી જાય તો પણ ડગતા નથી.

( ૩૨૨ )

( કૃતકૃત્ય સ્વભાવના અનુભવમાં પર્યાયમાત્રની કર્તૃત્વબુદ્ધિ મટે છે, તેના સંદર્ભમાં કહ્યું ) મારે તો શુદ્ધ પર્યાય પણ કરવી નથી, ન પુરુષાર્થ કરવો છે, ન જ્ઞાન કરવું છે, ન શ્રદ્ધા કરવી છે. તે બધાં પરિણામનાં કાર્યો છે અને હું તો અપરિણામી છું. પરિણામમાં ક્યારે પણ જતો જ નથી. તો હું તેનું ( પરિણામનું ) શું કરું ? પરિણામ જ સ્વયં પુરુષાર્થ આદિ રૂપ થાય છે.

( ૩૨૩ )

સાંભળવાવાળાને તો દીનતા છે જ, પરંતુ બીજાને સંભળાવવા ઇચ્છે તો તે ( ભાવમાં ) પણ દીનતા છે.

( ૩૨૪ )

પ્રશ્ન:-પ્રયાસ તો કરવો જોઇએ ને ?

ઉત્તર:-અરે ભાઈ ! કૃત્રિમ પ્રયાસથી શું થશે ? તેના ઉપર વજન નહિ આવવું જોઇએ. હું વર્તમાનમાં જ નિષ્ક્રિય ચૈતન્ય છું. ત્યાં ( સ્વરૂપમાં ) આવ્યો તો પર્યાયમાં સહજ

પ્રયત્ન ઉઠે જ છે. હું તો અનંત પુરુષાર્થની ખાણ છું ને! એક સમયના પ્રયાસમાં થોડો આવી જઉં છું?

( ૩૨૫ )

હું વર્તમાનમાં જ પરિપૂર્ણ છું, તો (સ્વરૂપમાં તો) મુક્તિનો પ્રયાસ પણ કરવાનો સવાલ નથી. કરવાનું શું છે? પરિપૂર્ણમાં મુક્તિ કરવી પણ શું?

( ૩૨૬ )

પ્રશ્ન:—રાગને જ્ઞાનનું જ્ઞેય તો બનાવવું ને?

ઉત્તર:—રાગને જ્ઞાનનું જ્ઞેય "બનાવવા જાય" છે તે દૃષ્ટિ જ જૂઠી છે. સ્વયંને જ્ઞેય બનાવ્યો, તો રાગ તેમાં (જુદો) જણાય જ છે. રાગને જ્ઞેય શું બનાવવું છે?

( ૩૨૭ )

પ્રશ્ન:—સ્વ-પરની પ્રતીતિ કરવાનું તો શાસ્ત્રમાં આવે છે ને?

ઉત્તર:—અરે, સ્વની પ્રતીતિ કરો! પરની પ્રતીતિ (પરમાં નહિ) તેમાં આવી જશે. પોતાની ખુદની પ્રતીતિ કરો.

( ૩૨૮ )

ત્રિકાળીનો પક્ષ કરો. એવો પક્ષ કરો કે અનંતકાળમાં ક્યારેય આવ્યો ન હોય. વર્તમાનનો પક્ષ છોડો.

( ૩૨૯ )

પ્રશ્ન:—અનુભવમાં આવે તો અહીં (સ્વરૂપમાં) બેઠો

કહેવાય ને ?

ઉત્તર:—અનુભવની ( પર્યાયની ) દરકાર છોડી દો. સ્વાદ આવવો ( પર્યાય કરવી ) તે કાંઈ ધ્યેય થોડું છે ? ધ્યેય ( ત્રિકાળી સ્વભાવ ) નો પક્ષ કરવો જોઈએ.

( ૩૩૦ )

પ્રશ્ન:—પક્ષ અહીં ( સ્વરૂપમાં ) આવ્યા વિના કઈ રીતે કરે ?

ઉત્તર:—અરે ભાઈ ! વિકલ્પાત્મક ભાવમાં ( નિર્ણયમાં ) તો આ પક્ષ કરો ! પછી અહીં ( સ્વરૂપમાં ) જામી જાઓ.

( ૩૩૧ )

( સ્વરૂપની ) એવી રુચિ થવી જોઈએ કે તેના વિના ક્ષણ પણ ચેન ન રહે.

( ૩૩૨ )

પ્રશ્ન:—રાગ જ્ઞેય છે કે દુ:ખરૂપ છે ?

ઉત્તર:—અહીં ( સ્વભાવમાં ) આવ્યો તો રાગ જ્ઞાનમાં જ્ઞેયરૂપ જાણવામાં આવે છે, અને વેદનમાં દુ:ખરૂપ લાગે છે.

( ૩૩૩ )

રાગ પણ તે સમય પૂરતો સત્ છે. તેને ઉખાડવા જઈશ તો તું ખુદ ઉખડી જઈશ. તેને તેમાં રહેવા દે. તું તારામાં રહે. તે સ્વયં જ ચાલ્યો જશે.

( ૩૩૪ )

હું તો મહારાજ સાહેબને શુદ્ધ નિષ્ક્રિય ચૈતન્યબિંબ જ દેખું છું. જે વિકલ્પ, વાણી અને શરીરની ક્રિયાઓ થઇ રહી છે, તેને મહારાજ સાહેબ માનતો નથી.

( ૩૩૫ )

મોક્ષ થાય—ન થાય તેની દરકાર નથી. ( અતીંદ્રિય ) સુખ ચાલુ થઈ ગયું, પછી પર્યાયમાં મોક્ષ થશે જ.

( ૩૩૬ )

બધા શાસ્ત્રોનો, બાર અંગનો સાર તો " હું " છું. બાકી બધી વાતો તો જાણવાની છે. સ્વયંને દૃષ્ટિમાં લીધો, પછી જે જ્ઞાન ઉઘડે છે તે બધી વાત જાણી લે છે.

( ૩૩૭ )

વિકલ્પમાં તીવ્ર દુ:ખ લાગે અને વિકલ્પમાં તણાય નહિ તેને મચક કહે છે ( કારણ કે સ્વરૂપમાં નિરંતર સ્થિર રહી શકતો નથી ). મચકમાં ( રાગમાં ) દુ:ખ જ ન લાગે તેને તો મચકમાં જ અમચક છે. અર્થાત્ મચકમાં જ ( રાગમાં જ ) આખો આવી ગયો છે. તેને મચક કહેવાનો અધિકાર પણ નથી.

( ૩૩૮ )

દૃષ્ટિની વાત મુખ્ય રાખીને બધી ખતવણી થવી

જોઇએ. આ તરફ ( અંતરમાં ) દૃષ્ટિ થતાં જે જ્ઞાન થયું તે ( જ્ઞાન ) વસ્તુ જેવી છે, તેવું જ જાણી લ્યે છે. આ દૃષ્ટિ વિના તો કોઇ વાતમાં વધારે ખેંચાઇ જાય અને કોઈ વાત ઢીલી કરી દે. વળી દૃષ્ટિ થતાં ( જ્ઞાન મધ્યસ્થ થઈ જાય છે, માટે ) જેની જેટલી જેટલી મર્યાદા છે, તે અનુસાર જ જાણે છે.

( ૩૩૯ )

શાસ્ત્રમાં બધા પ્રકારની, બધાં પડખાંની વાત ન્યાય, તર્ક આદિથી આવે છે. કારણ કે કોઈ જીવ વેદાંતમાંથી આવે, કોઇ કયાંથી આવે, કોઇનો કેવો અભિપ્રાય હોય. તો બધા પ્રકારથી ખંડન કરીને યથાર્થ વાત આવવી જોઇએ.

( ૩૪૦ )

બધા શાસ્ત્રોમાં મૂળ તો અનુભૂતિ પર જ આવવાનું છે.

( ૩૪૧ )

જેને અનુભૂતિ થઇ તે જીવ અનુભવના બળથી, કઇ વાત સાચી છે અથવા કઇ વાત અનુભવથી મળતી નથી તેથી અસત્ય છે એમ તરત જાણી લે છે.

( ૩૪૨ )

આ તરફ ( અંતરમાં ) દૃષ્ટિ થયા વિના જ્ઞાન યથાર્થ થતું નથી અને દૃષ્ટિ થતાં, ઉત્પન્ન થયેલું જ્ઞાન, પોતાનો ( પરમાં ) કેટલો અટકાવ છે, પોતાની સ્વભાવમાં

કેટલી જમાવટ છે, કેટલો રસ છે, તે બધું સહજ જાણી લે છે.

( ૩૪૩ )

મને તો જ્ઞાનનું વધારે લક્ષ નથી (ક્ષયોપશમ વધારવાની ચાહના નથી) સુખ પીવાનો ભાવ રહે છે. કેવળજ્ઞાન પડ્યું છે તો તે ઉઘડતાં જ્ઞાન તો બધું થઇ જશે.

( ૩૪૪ )

સુખ ( અતીંદ્રિય આનંદ ) નો અનુભવ થયા પછી કોઇને પૂછવું જ પડતું નથી. બીજા ના કહે તો કહે, પોતાને પ્રત્યક્ષ સુખ આવી રહ્યું છે ને !

( ૩૪૫ )

અહીં ( સ્વરૂપમાં ) વર્તમાનમાં જ મુક્તિ પડી છે. તે દૃષ્ટિમાં આવી ગઇ તો દૃષ્ટિમાં તો વર્તમાનમાં જ મુક્તિ થઈ ગઇ. તેમ જ વ્યક્તમાં પણ અંશે મુકિત થઇ. વળી તેમાં ( સ્વરૂપમાં ) મુકિત છે તેથી મુકિત પ્રગટશે જ.

( ૩૪૬ )

એકપણ વિકલ્પ, જે ઉઠે છે, ચાહે ચિંતનનો પણ વિકલ્પ હો, તેમાં એમ જાણવું જોઇએ કે હું છરાની વચ્ચે પડ્યો છું. વિકલ્પમાં દુઃખ જ દુઃખ લાગે ત્યારે સુખની તરફ ઢળવું થાય છે.

( ૩૪૭ )

શકિતમાં સુખ ભરેલું પડ્યું છે. વિકલ્પમાં દુઃખ જ દુઃખ લાગે તો સુખ પ્રગટ્યા વિના રહે જ નહિ.

( ૩૪૮ )

સ્વાધ્યાયને તપ કહ્યું છે. પરંતુ અરે ભાઈ, અહીં પોતાની તરફ ચૈતન્યમાં જામી જવું તે પરમ તપ છે. પેલો તો વિકલ્પ છે, તો ઉપચારથી તેને તપ કહીએ છીએ.

( ૩૪૯ )

પ્રશ્ન:–તેને આંગણું તો કહીએ ને?

ઉત્તર:–આ આંગણું તો છે ને, આંગણું તો છે ને! એમ વજન દઈને જીવ અટકી જાય છે. પરંતુ આંગણું ઘર તો થોડું જ છે? ઘરમાં તો તેનો અભાવ છે. (સમસ્ત પ્રકારના વિકલ્પ ચૈતન્ય ઘરમાં નથી.)

( ૩૫૦ )

જેમ વ્યાપારી માલ આપે છે અને ગ્રાહક તેને પૈસા આપે છે. બન્નેને પોતપોતાનું કારણ છે. એકબીજા માટે કરતા નથી. તેમ સંભળાવવાવાળા (જ્ઞાની) ને પોતાના કારણે મચક આવે છે અને કરુણાથી ઉપદેશનો વિકલ્પ આવે છે. તેમ જ સાંભળવાવાળાને પોતાના કારણે સાંભળવાનો ભાવ થાય છે. જેમ વેપારીને બીજા (પ્રકારથી) પૈસાનો મોટો લાભ થઈ જાય તો ગ્રાહક માટે રોકાતો નથી તેમ અહીં પણ સંભળાવવાવાળાને વિકલ્પ તૂટી જાય તો સાંભળવાવાળા માટે રોકાતા નથી.

( ૩૫૧ )

મૂળ વાતમાં અપેક્ષા લગાવે છે, તો મને તો ખટકે છે.

( મૂળ વાત પર જોર દેતી વખતે કોઈ તેની અપેક્ષા લાગવીને—બીજી અપેક્ષાએ આમ પણ છે, એ રીતે મૂળ વાતની ગૌણતા થઈ જવાથી પ્રયોજનની અસિદ્ધિ થાય છે, તેથી ખટકે છે ). ( કેમ કે ) તેમાં જે તીખાશ હોય છે તે તૂટી જાય છે. અપેક્ષા લગાવવાથી ઢીલાપણું થઈ જાય છે.

( ૩૫૨ )

પ્રશ્ન:—અનંત જ્ઞાનીઓનો એકમત હોવાથી જ્ઞાનીને નિ:શંકતા આવી જાય છે?

ઉત્તર:—અનંત જ્ઞાનીઓનો એકમત હોવાથી નહિ, પરંતુ પોતાનું સુખ પીવાથી જ્ઞાનીને નિ:શંકતા આવી જાય છે.

( ૩૫૩ )

ખાલી નિશ્ચયની વાત કરે અને અશુભમાં રસ પડે તો તે નિશ્ચયાભાસી થઈ જાય છે, પરંતુ નિશ્ચય સ્વભાવમાં જોર દેતાં પર્યાયની ગૌણતા થાય, તે નિશ્ચયાભાસી કેમ થાય?

( ૩૫૪ )

પ્રશ્ન:—ભક્તિપૂજામાં આપ ઓછા જાઓ છો, તો શું ચોવીસે કલાક થોડી નિર્વિકલ્પતા રહે છે?

ઉત્તર:—અરે! ચોવીસે કલાક નિર્વિકલ્પતા ન રહે તો તે તરફ ઢળવાનો પ્રયાસ તો થઈ શકે છે ને? શું તેમાં શુભભાવ નથી? તેમાં તો વધુ શુભભાવ છે, તેની તો ગણતરી નથી અને શરીરાદિની ક્રિયા થાય, તેની જ ગણતરી?

( ૩૫૫ )

જે અપેક્ષાએ વસ્તુનો જે સ્વભાવ છે તે અપેક્ષાએ સો એ સો ટકા એવો જ એકાંતસ્વભાવ છે. પછી તે સ્વભાવને અપેક્ષા લગાડવાથી ઢીલો થઈ શકતો નથી.

( ૩૫૬ )

ભક્તિનો રાગાંશ ક્યારેક તીવ્ર આવી જાય છે. તે સહજ આવી જાય છે. મારી તો સહજ પ્રકૃતિ છે, બળજોરી ( હઠ ) મારાથી થતી નથી.

( ૩૫૭ )

પરિણામનો વિવેક તો, જે અનંત સુખી થવા ચાહે છે, તેને સહજ હોવો જોઈએ.

( ૩૫૮ )

પુરુષાર્થ કરું, જ્ઞાન કરું, તે અભિપ્રાય પણ હઠાવી દે. તું વર્તમાનમાં જ પુરુષાર્થની ખાણ છો. વર્તમાન પરિણામ પરની દૃષ્ટિ જુઠ્ઠી છે.

( ૩૫૯ )

નિમિત્તોથી તો કિંચિતમાત્ર લાભ નથી પરંતુ ઉઘાડજ્ઞાનથી પણ કાંઈ લાભ નથી. ઉઘાડજ્ઞાનમાં તને હર્ષ આવે છે, તો ત્રિકાળ સ્વભાવની તને મહત્તા આવી નથી.

( ૩૬૦ )

દૃષ્ટિ તો અસ્થિરતા અને સ્થિરતા બન્નેને કબૂલતી

નથી.

( ૩૬૧ )

પોતાના ત્રિકાળ સ્વભાવને પકડ્યા વિના જીવને નિશ્ચય પ્રતીતિ આવશે જ નહિ.

( ૩૬૨ )

સહજ પુરુષાર્થમાં થાક લાગશે નહિ. સૂવા વગેરેના ભાવમાં પણ દુઃખ લાગશે. નિદ્રામાં પણ થાક લાગશે.

( ૩૬૩ )

ત્રિકાળ સ્વભાવ અને પરિણામ સ્વભાવ તે બન્ને સર્વથા જુદા જ છે. પરંતુ આખા દ્રવ્યની અપેક્ષાથી તેને એક કહેવામાં આવે છે.

( ૩૬૪ )

પર્યાય અપેક્ષાએ શુદ્ધભાવનો હું કર્તા છું, પરંતુ અશુદ્ધ ભાવનો કર્તા નથી.

( ૩૬૫ )

એક સમયના પરિણામ—બંધ, મોક્ષ—થી વસ્તુ શૂન્ય ( રહિત ) છે, એમ પરમાત્મપ્રકાશમાં કહ્યું છે.

( ૩૬૬ )

સાંભળવા કરવાના ( શુભભાવ ) માં થાક લાગવો જોઈએ.

પ્રશ્નઃ—તે તો ઔષધિ છે, અમૃત થોડું છે?

ઉત્તરઃ—ઔષધિ કહેવામાં પણ ઢીલાપણું થઈ જાય

છે. ઝેર જ છે. શ્રીમદ્ કુંદકુંદાચાર્યદેવે કહ્યું જ છે ને! વિષકુંભ છે. એક વાર તો જડમૂળથી કુહાડો મારી દો!

( ૩૬૭ )

પ્રશ્ન:—એક સમયનો આનંદનો અનુભવ તો પકડવામાં આવતો નથી, તો કેમ ખબર પડે?

ઉત્તર:—અરે ભાઈ! અનુભવ પોતાને ખ્યાલમાં આવે નહિ, એમ થતું જ નથી. (કેમ કે આનંદના અનુભવકાળમાં નિર્વિકલ્પ ઉપયોગ અસંખ્ય સમયનો હોય છે) પરંતુ તે પરિણામ થયા કે નહિ એવો વિચાર કરી કરીને શું તેમાં સંતોષ માનવો છે? અરે સદાય નિર્વિકલ્પ રહે તોપણ ત્રિકાળી સ્વભાવની મુખ્યતામાં તેની મુખ્યતા કરવી નથી.

( ૩૬૮ )

દૃષ્ટિ એવી પ્રધાન ચીજ છે કે સ્વભાવમાં દૃષ્ટિ જામતાં જ (બધા) પરિણામ ખીલતા જાય છે.

( ૩૬૯ )

ગુરુદેવશ્રી ઘોલનથી (નિશ્ચયથી) પર છે. પરંતુ તેમના ઘોલનમાં પરની જે કરુણા છે તેમાં ન્યાયાદિ નીકળે છે. જેમ પિતાનું ધન પુત્ર શ્રમ વગર ભોગવે છે, તેમ ગુરુદેવશ્રી પાસેથી મળેલા ન્યાયાદિને આપણે શ્રમ વગર ભોગવીએ.

( ૩૭૦ )

પરિણામથી પણ ઊંડું સૂક્ષ્માતિસૂક્ષ્મ તત્ત્વ જે છે તે

હું છું.

( ૩૭૧ )

વીજળીનો કરંટ લાગતાં જ ભય લાગે છે, અને તેનાથી હઠવા ઇચ્છીએ છીએ. પરંતુ ત્રિકાળી સ્વભાવમાં પ્રવેશ કરતાં જ એવા આનંદની સનસનાટી થાય છે કે તે આનંદથી ક્ષણ પણ હઠવા ચાહતા નથી.

( ૩૭૨ )

જ્ઞાનના ઉઘાડમાં રસ લાગે છે તો તત્ત્વરસિક જનો કહે છે કે અમને તારી બોલીમાં રસ આવતો નથી, અમને તારી બોલી કાગપક્ષી જેવી ( અપ્રિય ) લાગે છે.

( ૩૭૩ )

સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાને સદાય ત્રિકાળી આત્મા છું એમ જ માને છે. હું ધ્રુવ સિદ્ધ છું—જેમાં સિદ્ધદશાની પણ ગૌણતા રહે છે. સિદ્ધદશાનો પણ સમયે સમયે ઉત્પાદવ્યય થાય છે, હું તો સદા ધ્રુવ છું.

( ૩૭૪ )

પોતાના માપથી બીજાનું માપ કરવું, તે જ દૃષ્ટિનો સ્વભાવ છે.

( ૩૭૫ )

હું ત્રિકાળસ્વભાવ ક્યારે પણ બંધાણો જ નથી. તોપણ મને મુક્ત કહેવો તે તો ગાળ છે. પર્યાયને મુક્ત

કહે તે તો ઠીક છે કારણ કે તે બંધાયેલી હતી, તેથી મુક્ત કહેવું ઠીક છે. પરંતુ મને તો મુક્ત કહેવું પણ ઠીક નથી.

( ૩૭૬ )

પરિણતિ દ્રવ્યને કહે છે કે હું પણ સ્વયં સત્ છું- સ્વતંત્ર છું. દ્રવ્યનું અવલંબન લઉં છું તે પણ અપેક્ષાએ કહેવામાં આવે છે, કેમ કે પર તરફનું વલણ છૂટ્યું છે, તેથી કહેવામાં આવે છે. ખરેખર તો પરિણતિ પોતાના સ્વ-સતમાં જ છે.

( ૩૭૭ )

એટલી માત્ર વાત છે-જે ઉપયોગ પરમાં ઝૂકે છે, તેને સ્વમાં ઝુકાવવાનો છે.

( ૩૭૮ )

વાત એમ છે કે જેટલું તીવ્ર દુઃખ ( વિકારી ) પર્યાયમાં લાગે તેટલી જ શીઘ્રતાથી માર્ગપ્રાપ્તિ થાય, ઓછું દુઃખ લાગે તો વાર લાગે.

( ૩૭૯ )

ધ્રુવ ગુફાની અંદર ચાલ્યા જાઓ. ત્યાં આનંદ અને સુખનાં નિધાન ભર્યાં છે. તેને નિત્ય ભોગવો.

( ૩૮૦ )

પુરુષાર્થ તો ચારિત્રમાં છે, દૃષ્ટિમાં શું પુરુષાર્થ ?

પ્રશ્નઃ-શું દૃષ્ટિમાં પુરુષાર્થ નથી ?

ઉત્તરઃ—દૃષ્ટિમાં પુરુષાર્થ તો છે, પરંતુ ચારિત્રની અપેક્ષાએ બહુ ઓછો પુરુષાર્થ છે, ચારિત્રમાં તો મોટો પુરુષાર્થ છે.

( ૩૮૧ )

( બીમારીની વ્યાખ્યા આ પ્રકારે કહી ) ઉપયોગ બહારમાં ને બહારમાં ફરતો રહે છે, બસ તે જ બીમારી છે; તેને મટાડવાની છે.

( ૩૮૨ )

નિવૃત્તસ્વરૂપની તરફ જવું છે તેથી બહારમાં પણ નિવૃત્તિનું જ લક્ષ જાય છે.

( ૩૮૩ )

નિવૃત્તિમાં એકાંતમાં આચાર્યોનાં શાસ્ત્ર વાંચીએ તો તેમાંથી ઘણી વાતો નીકળે છે. તેમાં તો ઘણું ભર્યું છે. આચાર્યોના જે શબ્દ છે ને—તે આનંદનાં બુંદ—બુંદ છે. એક એક શબ્દમાં આનંદનાં બુંદ—બુંદ ભર્યાં છે. આનંદનાં બુંદ—બુંદ ટપકે છે તેથી રસ આવે છે.

( ૩૮૪ )

મને તો એવી આદત પડી ગઇ છે કે બહારમાં ગમે તેટલો ખદબદાટ હોય પરંતુ મને તો અહીં ( અંતરમાં ઘોલન ) ચાલે છે ને! તેથી તે બાજુનું લક્ષ જ નથી. તે ખદબદાટ પસંદ તો છે જ નહિ.

( ૩૮૫ )

મને તો એકાંત માટે સમય ન મળે તો ચેન જ પડતું નથી.

( ૩૮૬ )

પ્રશ્ન:-ઘરવાળાની બધી જાતની પ્રતિકૂળતા હોવાથી પોતાનું કામ કેમ કરવું ?

ઉત્તર:-પોતાની અંદરમાં બેસીને પોતાનું કામ કરો. તે પોતાનું કામ અંદરમાં બેસીને કરવામાં ન ઘરવાળા જાણશે, ન બહારવાળા જાણશે. આપણે શું કરીએ છીએ અને ક્યાં છીએ, તે પણ કોઈ નહિ જાણે. એ રીતે અંદરમાં પોતાનું કામ થઈ શકે છે.

( ૩૮૭ )

પ્રશ્ન:-સમજણ ન હોય તો ?

ઉત્તર:-અરે, તીવ્ર ધગશ હશે તો સમજણ પણ આવી જશે.

( ૩૮૮ )

દેવ આદિ અને સ્ત્રી આદિ બધાં એક અશુદ્ધતાનાં જ નિમિત્તો છે. અને શુદ્ધતાનું નિમિત્ત તો એક 'પોતે' જ છે.

( ૩૮૯ )

અમે તો, જે ભાવથી તીર્થંકરગોત્ર બંધાય છે, તે ભાવ પણ નપુંસકતા છે-એમ લઈએ છીએ.

( ૩૯૦ )

અમારે ત્યાં તો કાચી પાકી ભૂમિકાની વાત જ નથી. જે ભૂમિકા ( આશ્રયસ્થાન ) પ્રથમ છે તે જ અંતમાં છે. અર્થાત્ અમે તો એવી ભૂમિકા લઇએ છીએ, જે સદાય ટકે છે,—ત્રિકાળ છે.

( ૩૯૧ )

ત્રિકાળીમાં એકત્વ થતાં રાગ એવો ભિન્ન દેખાય છે કે જેમ બીજી ચીજ પ્રત્યક્ષ ભિન્ન દેખાય છે; તેમ જ રાગ પ્રત્યક્ષ જુદો જ દેખાય છે.

( ૩૯૨ )

ભગવાનની ભક્તિનો અર્થ ગુણાનુવાદ. શાસ્ત્રસ્વાધ્યાય-માં તો તેનાથી પણ અધિક ભક્તિ છે.

( ૩૯૩ )

વિકલ્પમાં દુઃખ જ દુઃખ લાગવું જોઇએ. ન્યાય, યુક્તિથી તો માને કે આ વિકલ્પ શાંતિને રોકે છે—અનુભૂતિને રોકે છે તેથી દુઃખરૂપ છે, પરંતુ અનુભવમાં દુઃખ લાગે તો દુઃખથી હઠીને સુખની તરફ જાય જ.

( ૩૯૪ )

બંધનરહિત સ્વભાવ માટે વાંચન, મનન, ઘૂંટણ કરું તો પકકડમાં આવે, તે વાત જ નથી. તે તો હું ત્રિકાળી જ છું—એમ વર્તમાનમાં જ તેમાં થંભી જાઓ. !

( ૩૯૫ )

પરમશુદ્ધ નિશ્ચયનયથી આત્મા બંધનનો અને મુક્તિનો કર્તા જ નથી. તેથી વિકલ્પનું જોર ( મોક્ષનું કર્તૃત્વ ) ખલાસ થઈ જાય છે. અને ત્રિકાળીમાં જામેલા રહેવાય છે, તેથી પર્યાય પણ આ તરફ ( ત્રિકાળીમાં ) સહજ જ આવશે.

( ૩૯૬ )

ત્રિકાળી શક્તિમાં અહંપણું થતાં જ ( બીજાં ) બધાં આલંબન ઉખડી જાય છે.

( ૩૯૭ )

....ચર્ચા વાર્તા થાય છે તેથી સ્પષ્ટતા થાય છે.

પ્રશ્ન:-તો પછી આપ ચર્ચા વગેરેનો નિષેધ શા માટે કરો છો ?

ઉત્તર:-નિષેધ તો હર ક્ષણે ડગલે ને પગલે કરવો જ જોઈએ. આ તરફ સ્વરૂપમાં ઢળતો જાય છે તેથી નિષેધ થતો જાય છે.

( ૩૯૮ )

પ્રશ્ન:-આપની વાતમાં ક્રમ આવતો જ નથી, એકદમ અક્રમની વાત કરો છો ?

ઉત્તર:-ક્રમ, ક્રમ શું ? અક્રમ ( સ્વભાવ )ને પકડવો, તેથી ક્રમ ( શુદ્ધતા વગેરે ) સ્વયં થાય છે.

( ૩૯૯ )

પ્રશ્ન:—આ બધું ખ્યાલમાં આવવા છતાં પણ અંદર કેમ જામી શકાતું નથી?

ઉત્તર: અંદરથી જ વાંચન, વિચાર આદિ (બધા વિકલ્પો)માં દુ:ખ જ દુ:ખ લાગવું જોઇએ. (સંતુષ્ટપણું નહિ થવું જોઇએ) તો ત્યાંથી છૂટીને અંદરમાં ગયા વિના રહી શકાતું જ નથી. યુક્તિ વગેરેથી દુ:ખ સમજ્યા તેમાં તો સહજ દુ:ખ કયાં લાગ્યું? અંદરથી તીવ્ર દુ:ખ સહજ લાગે તો ત્યાંથી થાકવાથી ત્યાં રોકાઇ શકે નહિ. તેથી સ્વરૂપમાં આવવાનું થાય જ છે.

( ૪૦૦ )

( ત્રિકાળીમાં ) ઢળણ તો નિરંતર થાય જ છે અને ( એકાંતમાં ) વિચારકાળમાં વિશેષ થાય છે. પરંતુ વિચાર તો અટક જ છે. તે ( વિચારાદિ ) વિશેષ ઢળવાનું કારણ નથી. અશુભ પ્રવૃત્તિમાં અંદરમાં ઢળણ ચાલે છે અને વૃદ્ધિ પામે છે. વિચારકાળમાં વિશેષ વૃદ્ધિ પામે છે, પરંતુ તે ( વિચારાદિ ) વિશેષ વૃદ્ધિનું કારણ નથી, તે તો અટક જ છે. તેથી વિચારમાં અધિકતા થતી નથી. ત્રિકાળીમાં ઢળણ હોવાથી પર્યાયમાત્રને અમે તો ગૌણ કરી દીધી છે. ધ્રુવદળ જ અધિક છે.

( ૪૦૧ )

દુ:ખ છે તો ખરું, પરંતુ તે દુ:ખથી કોણ

બચાવશે ? પોતે જ શરણુ છે એમ જ પૂ. ગુરુદેવશ્રી કહે છે.

( ૪૦૨ )

મુક્તશુદ્ધ પર્યાયથી દ્રવ્યને મુક્તશુદ્ધ બતાવવું તે તો કલંક છે. સ્ત્રીથી પુરુષની ઓળખાણુ કરાવવી તે પુરુષની હીનતા છે.

( ૪૦૩ )

પોતાથી ચ્યુત થવું ( તે ) જ બધાથી મોટું પાપ છે.

( ૪૦૪ )

વ્યવહારથી જે જે સાધન કહેવામાં આવે છે, તે બધા ( નિશ્ચયથી ) એકાંતે બાધક છે.

( ૪૦૫ )

( મુનિને ) વિકલ્પ અંશ ક્ષણુ પૂરતો આવે છે ત્યારે કહે છે કે આકાશ વગેરેથી પણુ ગુરુ મહાન છે. ગુરુની મહાનતામાં આકાશ તો રાઈના દાણા સમાન છે. તો એવું સાંભળીને ( વ્યવહારના પક્ષવાળો જીવ ) ત્યાં ચોંટી જાય છે કે એટલા મહાન છે તો હું વિનયાદિમાં બરાબર રહું, નહિ તો નિશ્ચયાભાસી થઈ જઇશ. પરંતુ ભાઈ! નિશ્ચય ગુરુ તો પોતાનો આત્મા છે, તે પડ્યો રહ્યો !!

( ૪૦૬ )

દૃષ્ટિનો નશો ચડી જાય તો અંતરમાં જ વારંવાર વલણુ થાય. બહારમાં ગમે નહિ.

( ૪૦૭ )

પ્રશ્ન:—તો શું નશાના જેવું દૃષ્ટિનું સ્વરૂપ છે? કાંઇ દેખતી નથી?

ઉત્તર:—હા, દૃષ્ટિનો નશો એવો જ છે. કાંઇ દેખતી નથી. પોતાની (સ્વરૂપની) તરફ જ દોડે છે. તેથી તો કહે છે કે સમ્યગ્દૃષ્ટિને બહારમાં ચર્ચા આદિમાં પણ રોકાવું ગમે નહિ. અંદર જ અંદર જવા ચાહે છે.

( ૪૦૮ )

શાસ્ત્રમાં આવે છે કે મુનિને રોગ આદિ થતાં વૈયાવૃત્ય કરવું જોઇએ. અરે ભાઇ! તે તો તે કાળમાં સહજ વિકલ્પમાં ઉભા હોય તેની વાત છે. મારે આમ કરવું--કરવું જોઇએ— એવી પ્રથમથી દૃષ્ટિ રાખે ત્યારે તો આસ્રવની ભાવના થઈ.

( ૪૦૯ )

જુદા જુદા કાળમાં ક્ષણિક શુભ વિકલ્પ યોગ્યતા અનુસાર થવાવાળા થઈ જાય છે.

પ્રશ્ન:—ભૂમિકા અનુસાર એવા વિકલ્પ થાય છે તેમ નહિ લેતાં, થવાવાળા થાય છે એમ કેમ લ્યો છો?

ઉત્તર:—ભૂમિકા અનુસાર એવા વિકલ્પ હોય છે એમ લેવામાં તેની દૃષ્ટિ તો તે પરિણામ કરવામાં ચોંટી જાય છે. અને થવાવાળા યોગ્યતા અનુસાર થાય છે—તેમાં પરિણામ કરવા ઉપર દૃષ્ટિ રહેતી નથી, પરંતુ અપરિણામી ઉપર

દૃષ્ટિનું જોર રહે છે.

( ૪૧૦ )

ખરેખર તીવ્ર રુચિ હોય તો ત્રિકાળી દળમાં જ જામી જાય. આડીઅવળી (વાત) ગમે જ નહિ, વ્યવહારના વિકલ્પમાં રોકાય જ નહિ. યોગ્યતા ઉપર છોડી દે–ત્યાં જોર ન રહે. દૃષ્ટિના વિષયમાં જ જોર રહે.

( ૪૧૧ )

સાંભળવા વગેરેના ભાવમાં જે પુણ્ય થાય છે, તે પણ મધ્યમ પ્રકારનું પુણ્ય છે. અને આ તરફ સ્વસન્મુખનો પ્રયાસ ચાલે છે, તેમાં ઉત્કૃષ્ટ પુણ્ય થાય છે.

( ૪૧૨ )

( રાગાદિના ) વેદનમાં દુઃખ લાગે, સહી ન શકે તો અવેદક સ્વભાવને પકડ્યા વિના રહે જ નહિ.

( ૪૧૩ )

સાંભળવાની રુચિ તો બધાની ( ચર્ચા સાંભળવા-વાળાને લક્ષમાં લઈને ) ઠીક છે, પરંતુ તેનાથી અનંતગુણી રુચિ અંદરની હોવી જોઈએ.

( ૪૧૪ )

પ્રશ્નઃ—સુખ તો અંદરમાં છે, પછી વૃત્તિ બહારમાં કેમ દોડે છે?

ઉત્તરઃ—સુખ અંદરમાં લાગ્યું જ નથી. તે તો નામ

નિક્ષેપથી ખ્યાલમાં આવ્યું છે કે સુખ અહીં છે, ખરેખર તો નહિ.

( ૪૧૫ )

પ્રશ્ન:—હવે તો ( સમજણ થઇ પછી ) પ્રયોગ કરવાનો રહે છે?

ઉત્તર:—ફરીને પણ એ જ વાત આવી જાય છે. પ્રયોગ જ હું નથી તો કરવું શું? ( પ્રયોગ ) પર્યાયમાં થઇ જાય છે.

( ૪૧૬ )

ખરેખર તો બળવાન વસ્તુનું બળ આવવું જોઇએ.

( ૪૧૭ )

વિકલ્પ દુ:ખરૂપ લાગવો તે પણ નાસ્તિ છે. અસ્તિમાં તો હું સુખથી ભરપૂર છું, સુખની ખાણ છું.

( ૪૧૮ )

( ચર્ચા સાંભળવાવાળાઓ પ્રત્યે ) બધાને લગની તો સારી છે પરંતુ યથાર્થ લગની લાગે તો હર સમય આ જ ( સ્વરૂપનું ઘૂંટણ ) ચાલતું રહે. ગમે તેટલો પણ સમય થાય, ખબર જ ન પડે. રુચિનું સ્વરૂપ જ એવું છે કે જ્યાં લાગે ત્યાં કાળ દેખે જ નહિ.

( ૪૧૯ )

પ્રશ્ન:—પરિણતિ અંદર કેવી રીતે વાળવી?

ઉત્તર:—પરિણતિ "વાળવી" અને "નહિ વાળવી" તે હું નથી—એવી દૃષ્ટિ થતાં પરિણતિ વળી જાય છે.

( ૪૨૦ )

કોઇના પણ પ્રત્યે અનહદ પ્રેમ થાય તો પોતાને જ ભૂલી જાય.

( ૪૨૧ )

'વાત સાંભળતાં જ ચોટ લાગે તે એક પાત્રતા છે.'

( ૪૨૨ )

બોલવામાં પોતાનો અભિપ્રાય આવ્યા વિના રહે જ નહિ. બીજાની વાત કહેવા જાય પરંતુ પોતાનો રસ સાથે આવી જાય છે.

( ૪૨૩ )

( અજ્ઞાનીની ) ધારણા તો બંધ તિજોરી માફક છે. ધારણા જવાબ દેતી નથી. પ્રસંગ આવતાં દુઃખ તો વેદી જ લે છે, પછી થોડીવાર પછી સ્મરણ કરીને સમાધાન કરે છે. ધારણામાં શું છે? અનુભવવાળાની તો તિજોરી ખુલ્લી થઈ ગઈ છે.

( ૪૨૪ )

"પક્ષ કરવો" કહેવામાં આવે છે, તો પછી જીવ પક્ષમાં બેસી જાય છે. અરે ભાઈ! ( પક્ષાંતિક્રાંત થવાવાળાને ) પક્ષ તો થઇ જાય છે. (તેને) સ્વભાવ રુચે છે તો

સ્વભાવનો પક્ષ થઈ જ જાય છે, પરંતુ પક્ષ કરવા સુધીનું જ પ્રયોજન થોડું છે?

( ૪૨૫ )

પ્રશ્ન:-પહેલાં ચિંતન તો થાય છે ને?

ઉત્તર:-અરે ભાઈ! પહેલાં-પછીની વાત જ નથી. હું જ પહેલો છું—ત્યાંથી લ્યો. ચિંતન હો, પરંતુ "પહેલાં" કહેવાથી તો તેના ઉપર વજન આવે છે. ચિંતન આદિથી આગળ વધતો જાય છે-તેમ કહેવામાં આવે છે, કારણકે પહેલાં લક્ષ યથાર્થ થઈ ગયું છે. તેથી તેનું ચિંતન ચાલે છે. (પરંતુ) તેનો (ચિંતન વગેરેનો) પણ નિષેધ કરતાં કરતાં આગળ વધે છે.

( ૪૨૬ )

પોતાથી જ કામ થશે, તે તો પહેલાં પાકું થઈ જવું જોઈએ. પોતાનું બળ આવ્યા વિના તો કોઈ આધાર જ નથી.

( ૪૨૭ )

"હું વર્તમાનમાં જ પરિપૂર્ણ છું" સાંભળતાં જ કાંઈ કરવું-કરાવવું છે જ નહિ—એવો ઉલ્લાસ તો પ્રથમથી જ આવવો જોઈએ. પછી તેની જ પૂર્તિ માટે પ્રયાસ કરવો.

( ૪૨૮ )

"પહેલાં હું સમજી લઉં. (ધારણા કરી લઉં)

પછી પ્રયાસ કરીશ." એમ તો કાર્ય થશે જ નહિ. (અંતર) પ્રયાસ તો સાંભળતાં જ ચાલુ થઈ જવો જોઈએ. પછી થોડી રુકાવટ આવે તો, તેને દૂર કરવા માટે સાંભળવા સમજવાનો ભાવ આવે છે, પરંતુ "હું વર્તમાનમાં જ પરિપૂર્ણ છું" ત્યાં ચોટ રાખીને (ચિત્ત ચોંટાડીને) જ બધો પ્રયત્ન થવો જોઈએ. ત્યાંથી તો છૂટવું જ ન જોઈએ.

(૪૨૯)

કેવળજ્ઞાનથી મને લાભ થવાનો નથી, અને શુભાશુભ ભાવોથી મને નુકશાન થવાનું નથી-એવું હું તત્ત્વ છું. (ધ્રુવ તત્ત્વ ઉત્પાદ-વ્યયથી નિરપેક્ષ છે-એવી દૃષ્ટિની વાત છે.) જેમ મેરુથી માથું ફોડે, પણ મેરુ હલતો નથી- તેમ પરિણામ મારાથી ટકરાય છે, તોપણ પરિણામથી હું હલવાવાળો નથી.

(૪૩૦)

પરિણામમાં બેઠા છો, તો દ્રવ્યમાં બેસી જાઓ! પરિણામ તો કંપી રહ્યા છે. દ્રવ્ય નિષ્કંપ છે. કાંપતા પરિણામના આશ્રયે કાંપતા જ રહેશો. નિષ્કંપ દ્રવ્યના આશ્રયે નિષ્કંપતા થશે.

(૪૩૧)

સંગ કરવાનો ભાવ આવે ત્યારે પણ, સંગ નથી

કરવો–તે ભાવ તો કાયમ (મુખ્ય) રાખીને જ સંગનો ભાવ થવો જોઈએ.

(૪૩૨)

પોતાને ભાવાકાર (પરિણામ રૂપ) નહિ બનાવો, પરંતુ ભાવોને પોતાના આકાર (રૂપ) બનાવો.

(૪૩૩)

એક સમયની પર્યાયમાં અહંપણું કરીને ઢીલાઢચ રહેવાથી તો કર્મવર્ગણાઓ ઘૂસી જાય છે, અને ત્રિકાળી નક્કર સ્વભાવમાં પોતાપણું આવતાં જ–પ્રસરતાં જ કર્માદિ ભાગવા લાગે છે.

(૪૩૪)

પ્રશ્નઃ–સામાન્ય પડખાને જ જુદું પાડવાનું છે ને?

ઉત્તરઃ–એમ કહેવામાં આવે છે. સામાન્ય પડખું જુદું જ પડેલું છે, પરંતુ પરિણામમાં એકત્વ કરી રાખ્યું છે, તેથી જુદું પાડવાનું કહેવામાં આવે છે. ખરેખર તો જુદું જ પડ્યું છે.

(૪૩૫)

(મને) દ્રવ્યનો બહુ પક્ષ થઈ ગયો છે, તેથી કથનમાં દ્રવ્યથી (દ્રવ્યની પ્રધાનતાથી) જ બધી વાત આવે છે.

(૪૩૬)

(વર્તમાનમાં) દુઃખ લાગે તો પ્રયત્ન કરી કરીને

સુખને શોધી લે છે. પરંતુ જો ધારણામાં જ સંતુષ્ટ થાય છે, તો દુઃખ લાગતું નથી, તેથી આ તરફ (અંતરમાં) શોધતો જ નથી.

(૪૩૭)

અહીંની (ત્રિકાળીની) દૃષ્ટિ થતાં જ, મુક્તિ ચાલુ થઈ જાય છે. ચાલુ થઈ જાય છે શું? મુક્તિ થઈ જ ગઈ!

(૪૩૮)

વાસ્તવમાં દ્રવ્યનો પાકો પક્ષ આવી જવો જોઈએ. પર્યાયનો અનાદિનો પક્ષ છૂટી જવો જોઈએ.

(૪૩૯)

પ્રશ્ન:—અંદરમાં તો કાંઈ દેખાતું નથી અને સ્થિરતા થતી નથી, તેથી સાંભળવાનો ભાવ રહે છે; શું કરીએ;

ઉત્તર:—આમાં તો વહેવારશ્રદ્ધા પણ ન આવી. સાંભળવાનો અભિપ્રાય જ ન હોવો જોઈએ. (સાંભળવાનો રાગ થવો અને અભિપ્રાય થવો બન્નેમાં બહુ ફરક છે) સાંભળતા જ આ તરફનો (અંતર્મુખપણાનો) પ્રયાસ ચાલુ થઈ જવો જોઈએ.

(૪૪૦)

(ભેદબુદ્ધિથી) એક એક પડખાથી જાણવામાં આવે છે, તેમાં અખંડ વસ્તુ જાણવામાં રહી જાય છે.

( ૪૪૧ )

ઉપયોગ બહારમાં જાય છે તેમાં પોતાના અનુભવમાં અંતરાય પડે છે.

( ૪૪૨ )

શું દૃષ્ટિ વસ્તુનું અવલંબન લે છે? તે તો આખી ચીજને કોળિયો કરી જાય છે. આખેઆખી ચીજમાં વ્યાપ્ત થઈ જાય છે. માલિક બની જાય છે. માલિક કહેવામાં પણ ભેદ આવી જાય છે, તે ચીજરૂપ જ સ્વયં છે.

( ૪૪૩ )

વેદાંત ન થઈ જાય તેથી જરાક પર્યાયને બતાવીએ છીએ તો ( અજ્ઞાની ) ત્યાં ચોંટી જાય છે.

( ૪૪૪ )

પર્યાયમાં પોતાપણું તે જ ખરેખર બૌદ્ધમતિ છે.

( ૪૪૫ )

સહજ સુખ ( બીજા ) બધાનો સહજ જ નિષેધ કરે છે.

( ૪૪૬ )

એક માણસે કહ્યું કે મને તો જ્ઞાનમાર્ગ કઠણ લાગે છે, ભક્તિમાર્ગ સારો લાગે છે. અરે ભાઈ! એક જ ચીજમાં ( સ્વરૂપમાં ) રસ આવવો તે જ ભક્તિ છે. ભક્તિના રાગનો અનુભવ તો અમૃતને છોડીને કીચડનો અનુભવ છે.

પોતાની ચીજમાં સ્થિર થઇને ઠરી જવું તે જ યથાર્થ ભકિત છે.

( ૪૪૭ )

રુચિ તો તેનું નામ કહેવાય છે કે જે વિષયની રુચિ હોય તેના વિના ક્ષણ પણ ચાલી શકે નહિ. પતંગિયું દીપકને જોતાં જ ચોંટી જાય છે, વિચાર નથી કરતું. તે રીતે વિચાર-વિચાર કરતા રહેવાથી શું ? વસ્તુને જ ચોંટી જાઓ. આખા ને આખા (આત્મા)માં વ્યાપ્ત થઇને ગ્રાસી લ્યો.

( ૪૪૮ )

( ઉઘાડ ઉપર જેની દૃષ્ટિ છે તેને ) ક્ષયોપશમ વધતો જાય છે, તો સાથે સાથે અભિમાન પણ વધતું જાય છે.

( ૪૪૯ )

મોઢામાં પાણીની સાથે કચરો આવતાં જ ખદબદાટ થઇને મોઢામાંથી કાઢી નાખવામાં આવે છે, તેમ રાગનું વેદન તે તો કચરો છે. જ્ઞાની તેને પોતાનો માનતા જ નથી. જ્ઞાનીને કોઇપણ ક્ષણે રાગમાં અહંપણું આવતું જ નથી.

( ૪૫૦ )

જ્ઞાનીને રાગ બોજારૂપ લાગે છે. ભારે ચીજ ઉપર હલકી ચીજ હોય તો બોજો ન લાગે, પરંતુ હલકી ચીજ પર તો ભારે ચીજનો બોજો લાગે જ. તેમ જ્ઞાનીને રાગ બોજારૂપ લાગે છે. ખટકે છે, ખૂંચે છે.

( ૪૫૧ )

વિચાર અને ધારણામાં વસ્તુને પકડવાનું સામર્થ્ય જ નથી. અજ્ઞાની વસ્તુને પકડતો નથી. વિચારમાં તો વસ્તુ પરોક્ષ અને દૂર રહી જાય છે.

( ૪૫૨ )

પ્રશ્નઃ—પ્રતિકૂળ સંયોગમાં દુઃખ લાગે છે, વિકારીભાવમાં દુઃખ નથી લાગતું ?

ઉત્તરઃ—તે તો બહુ સ્થૂળતા છે. વિકારીભાવ થયો તે જ પ્રતિકૂળ સંયોગ છે. તે જ દુઃખ છે. તેનું દુઃખ લાગવું જોઇએ.

( ૪૫૩ )

આત્માના એક એક પ્રદેશમાં અનંત અનંત સુખ ભર્યું છે. એ રીતે અસંખ્ય પ્રદેશો સુખથી જ ભરપૂર છે. ગમે તેટલું સુખ પી લો, ક્યારે પણ ખૂટશે જ નહિ. સદાય સુખ પીતા જ રહો, તોપણ ઓછું નહિ થાય.

( ૪૫૪ )

વિચારતા રહેવાથી તો જાગૃતિ આવતી નથી. ગ્રહણ કરવાથી જ જાગૃતિ થાય છે. વિચારમાં તો વસ્તુ પરોક્ષ રહે છે અને ગ્રહણ કરવામાં વસ્તુ પ્રત્યક્ષ થાય છે. સાંભળતા રહેવાથી અને વિચારતા રહેવાથી તો વસ્તુની પ્રાપ્તિ થતી નથી. ગ્રહણ કરવાનો જ અભ્યાસ શરૂ થવો જોઇએ.

( ૪૫૫ )

વસ્તુ તો શુદ્ધ ભક્તિનો ( પરિણામનો પણ ) નિષેધ કરે છે. ( અર્થાત્ વસ્તુ શુદ્ધ પર્યાયથી પણ નિરપેક્ષ છે ). શુદ્ધભક્તિ, વ્યવહારભક્તિનો નિષેધ કરે છે. વ્યવહાર-ભક્તિ અન્ય બધા પદાર્થોનો નિષેધ કરે છે.

( ૪૫૬ )

રુચિ પોતાના વિષયમાં બાધક પદાર્થોને ફટાફટ હઠાવી દે છે. તેમાં રોકાઈ જતી નથી. ( સીધી ) પોતાના વિષયને જ ગ્રહણ કરી લે છે.

( ૪૫૭ )

જેને જેની પ્રાપ્તિ કરવી છે, તે પ્રાપ્તિના વિષયમાં તેને સૂક્ષ્મતા આવી જાય છે. ( અર્થાત્ ) પ્રયોજનના વિષયમાં બુદ્ધિ વધુ સૂક્ષ્મ થઈ જાય છે.

( ૪૫૮ )

પ્રશ્ન:—નજરમાં તો પરપદાર્થ આવે છે, સ્વવસ્તુ નજરમાં આવતી નથી તો શું કરવું ?

ઉત્તર:—જે ક્ષેત્રમાં નજરનું પરિણમન થઈ રહ્યું છે, તે આખા ને આખા ક્ષેત્રમાં વસ્તુ પડી છે. નજર જ્યાંથી ઉઠે છે, તે જ વસ્તુ છે; તો નજર જ્યાંથી ઉઠે છે ત્યાં જ વસ્તુને શોધો !

( ૪૫૯ )

પ્રશ્ન:–ઉપયોગ સ્વસન્મુખ થાય છે ત્યારે જે (પરથી) ભિન્નતા ભાસે છે એવી (ભિન્નતા) વિકલ્પના કાળમાં ભાસે છે ?

ઉત્તર:–વિકલ્પના કાળમાં પણ પ્રત્યક્ષ ભિન્નતાનો અનુભવ છે. વળી ઉપયોગને મુખ્ય શા માટે કરો છો ? "હું તો ધ્રુવતત્વ છું" તેની મુખ્યતા કરવી જોઈએ. શ્રદ્ધા–જ્ઞાન, વિકલ્પના કાળમાં ધારણાની જેમ, ખાલી પડેલા જ નથી પરંતુ પરિણમનરૂપ છે.

( ૪૬૦ )

વસ્તુને ગ્રહણ કરવી, પકડવી, સન્મુખ થવું તે બધું કથનમાં આવે છે. ખરેખર તો ત્રિકાળી વસ્તુમાં અહંપણું આવી જવું તેને ગ્રહણ કર્યું, પકડ્યું, સન્મુખ થયો, આશ્રય લીધો–એમ કહેવાય છે. વાસ્તવમાં પરિણામ પણ સત્ છે, તેને અન્યનું આલંબન નથી.

( ૪૬૧ )

હરક્ષણે મૃત્યુ માટે તો તૈયાર જ રહેવું. ક્યારેય પણ થાય અને ગમે તેવી વેદના પણ થાય, સાતમી નરક જેવી વેદના થાય તોપણ શું ?

( ૪૬૨ )

વિકલ્પાત્મક નિર્ણય છૂટીને સ્વ–આશ્રિત જ્ઞાન ઉઘડે છે. જે જ્ઞાન સુખને આપે છે–તે જ જ્ઞાન છે.

( ૪૬૩ )

વ્યવહાર, વ્યવહારની અપેક્ષાએ સત્ય જ છે.

( ૪૬૪ )

જે ચીજને પકડવી છે તેને પહેલાં પૂરી સમજી લેવી જોઇએ.

( ૪૬૫ )

પરસન્મુખ ઉપયોગ થાય છે તે આત્માનો ઉપયોગ જ નથી, અણુ-ઉપયોગ છે. આત્માનો ઉપયોગ તો પરમાં જતો જ નથી, અને પરમાં જાય તે ઉપયોગ જ નથી.

( ૪૬૬ )

ધ્રુવતત્ત્વને સમજવા માટે પર્યાય સિવાય કોઇબીજો ઉપાય જ નથી. તેથી પર્યાયથી જ બધી વાત કહેવામાં ( સમજાવવામાં ) આવે છે.

( ૪૬૭ )

( એક સમયનું ) અનંત આનંદનું વેદન આવે તે પણ હું ( ત્રિકાળી તત્ત્વ ) નથી. કેમ કે વેદનનો મારામાં ( ત્રિકાળીમાં ) અભાવ છે. એટલા વેદનમાં હું આવી જાઉં તો મારો નાશ થઈ જાય. ( એક સમયની પૂર્ણ પર્યાયથી પણ હું અધિક છું એવો ભાવ છે. )

( ૪૬૮ )

વિકલ્પ ઉઠે તો એમ કહે કે હે ગુરુ ! આપ મારું

સર્વસ્વ છો. ( પરંતુ ) તે જ સમયે અભિપ્રાય તો (એમ) કહે છે કે મારે તમારી જરૂર નથી. મારું સર્વસ્વ મારી પાસે છે. એટલો વિશ્વાસ અને ( સ્વરૂપનો ) ઉલ્લાસ તો જરૂર આવી જવો જોઇએ કે ( મારા કાર્ય માટે ) મને દેવ–ગુરુની પણ જરૂર નથી, સાંભળવા કરવાની પણ જરૂર નથી, મારું કાર્ય મારાથી જ થશે.

( ૪૬૯ )

બીજામાં લાભબુદ્ધિ છે, ત્યારે તો તેમાં જોડાવાની તીવ્ર વૃત્તિ જ નિયમથી રહે છે.

( ૪૭૦ )

દૃષ્ટિ તો હરેક સમયે પોતાને પૂર્ણ જ દેખે છે. મુનિ પણ એમ કહે કે અમે પામર છીએ. તે તો પોતાની ખીલેલી પરિણતિની પૂર્ણ ( સ્વરૂપ )ની સાથે સરખામણી કરતાં પોતાની પામરતા અનુભવે છે તે અપેક્ષાએ કહે છે. દૃષ્ટિ તો સાધક–બાધકપણું જ સ્વીકારતી નથી.

( ૪૭૧ )

પર્યાય નવી ઘડવી નથી. અહીં ( અંતર ) દૃષ્ટિ થતાં, ( શક્તિરૂપ ) પડી છે તે પ્રગટ થઇ જાય છે.

( ૪૭૨ )

( અજ્ઞાનીના ) પરલક્ષી ઉપયોગમાં ( જ્ઞાનમાં ) રાગને ભિન્ન જાણવાની તાકાત જ નથી. પરલક્ષી ઉપયોગ તો

અચેતન જ ગણુવામાં આવે છે.

( ૪૭૩ )

પહેલાં તો અસલ ( નિરપેક્ષ ) વાત નક્કી કરી લો. પછી અપેક્ષિત વાતોને સમજણુમાં લો. એક બાજુ પરદ્રવ્યનું ચિંતન રાગનું કારણુ બતાવે, બીજી બાજુ કેવળીના દ્રવ્ય–ગુણુ–પર્યાયનું ચિંતન મોહક્ષયનું કારણુ બતાવે. હવે પરદ્રવ્યનું ચિંતન રાગનું કારણુ—તે તો સિદ્ધાંત છે. અને મોહક્ષયનું કારણુ તો નિમિત્તની અપેક્ષાથી કહ્યું. આ રીતે બધી જગ્યાએ નિરપેક્ષ વાત કાઢીને પછી અપેક્ષિત વાત સમજી લેવી જોઇએ.

( ૪૭૪ )

મૃત્યુ ક્યારે આવવાનું છે તે તો નક્કી ( જાણુવામાં ) નથી, પરંતુ આવવાનું છે તે તો નક્કી જ છે. તેથી હરક્ષણે તયાર જ રહેવું. શરીરના ટુકડા ટુકડા થઈ જાય, રોમ રોમ પર ધગધગતી સોય ભોંકાય, તોપણુ મારા ધ્રુવતત્ત્વમાં તેનો પ્રવેશ જ ક્યાં છે?

( ૪૭૫ )

પહેલેથી શરીરથી ભિન્નતાનો અભ્યાસ જેણે કર્યો છે તે જ મરણુ સમયે ટકી શકશે. કારણકે મરણુ સમયે તો જેની રુચિ હોય છે તે જ મુખ્ય થઈ જાય છે. અનાદિથી દેહની એકતાનો અભ્યાસ છે, તેથી પહેલેથી જેણે ભિન્નતાનો અભ્યાસ કર્યો છે તે જ ટકી શકશે.

મરણ સમયે ઉત્કૃષ્ટ પાત્ર હોય, જેની એકાદ ભવમાં મુક્તિ થવાવાળી હોય તે જ નિર્વિકલ્પ સમાધિ રાખી શકે છે. તેનાથી નીચેવાળાને વિકલ્પપૂર્વક તે જ તત્ત્વની દઢતાનું ચિંતન ચાલે છે. તેનાથી નીચેવાળાને દેવ, ગુરુ, શાસ્ત્રની ભક્તિનો વિકલ્પ આવે છે. સાધકને તો આકરી વેદના આદિ હોય, કાંઇપણ ન ચાલે તોપણ ધ્રુવતત્ત્વની અધિકતા તો છૂટે જ નહિ.

( ૪૭૬ )

પોતાથી પોતાની પાત્રતાની ખબર પડી જાય છે. બીજો કહે, ન કહે એનાથી મતલબ નથી. દ્રવ્ય સ્વતંત્ર છે ને! તેને પરની અપેક્ષા જ નથી.

( ૪૭૭ )

પ્રશ્ન:—આંશિક શુદ્ધતાનું જ્ઞાનીને ધ્યેય નથી?

ઉત્તર:—આંશિક શુદ્ધતા શું, પૂર્ણ શુદ્ધતાનું (એક સમયની ભેદરૂપ અવસ્થાનું) પણ જ્ઞાનીને ધ્યાન નથી. હું તો ત્રિકાળ શુદ્ધ જ છું.

( ૪૭૮ )

આચાર્યદેવે નિયમસારમાં કહ્યું છે કે ભાઈ! કેવળ-જ્ઞાનાદિ (ક્ષાયિક) પર્યાય પણ પરદ્રવ્ય છે, પરભાવ છે, હેય છે, તો તમે ક્ષયોપશમ જ્ઞાનમાં તો રોકાશો જ નહિ.

( ૪૭૯ )

જ્યાં સુધી પરિણામનું લક્ષ રહે છે ત્યાં સુધી હું પુરુષાર્થ કરું, અંતરમાં વળું એમ કર્તૃત્વનો બોજો રહ્યા જ કરે છે. તેથી કહીએ છીએ કે ભાઇ ! તું પરિણામમાત્રનું લક્ષ છોડ. વિકલ્પ, નિર્વિકલ્પ બધી પર્યાયોનું લક્ષ છોડ. અનુભવ થયો, ન થયો તે ન જો !

( ૪૮૦ )

મિથ્યાત્વ હો અથવા સમ્યક્ત્વ હો, તે જુઓ જ નહિ. "હું તો ધ્રુવતત્ત્વ છું" અહીં આવતાં જ મિથ્યાત્વ પર્યાય પણ નિશ્ચય–નિયમથી ચાલી જ જશે. દૃષ્ટિના નિર્ણયમાં પૂર્ણ શુદ્ધિ ભરેલી છે.

( ૪૮૧ )

આ ધ્રુવતત્ત્વ કોઇને નમતું જ નથી. પોતાની સિદ્ધપર્યાયને પણ નમતું નથી.

( ૪૮૨ )

મુનિની પાસે કોઇ શાસ્ત્ર હોય અને બીજો કોઈ તે શાસ્ત્ર માગે તો મુનિ તરત આપી દે છે, કારણ કે પોતે તો તે પરાશ્રયભાવ છોડવા ચાહે છે, તેથી બીજો માગે તો સહજ આપી દે છે.

( ૪૮૩ )

ભગવાનની રાગવાળી ભક્તિનો જ્ઞાનીને પ્રેમ હોય

છે, પરંતુ આ તરફની (આત્માની) ભક્તિમાં જેવો પ્રેમ હોય છે એવો ત્યાં હોતો નથી.

(૪૮૪)

(પોતા વિષે)....હું તો વિકલ્પોથી એકદમ થાકી ગયો હતો. તેથી ઉપરથી એકદમ નીચે પટકે એમ પર્યાયથી છૂટીને (જોરપૂર્વક ચેષ્ટાથી) અંદરમાં ઉતરી ગયો.

(૪૮૫)

(શરૂ શરૂમાં) (ધાર્મિક) પુસ્તકોનું બહુ વાંચન હતું. હજારો પુસ્તકો વાંચી લીધાં હતાં. પરંતુ દૃષ્ટિ મળી ન હતી. પૂ. ગુરુદેવથી દૃષ્ટિ મળી. પછી પુસ્તક વાંચવાનો રસ ઓછો થઈ ગયો.

(૪૮૬)

જેમ સંયોગની ઇચ્છાવાળાને ઇચ્છાનુસાર સંયોગનું મળવું એ પુણ્યનો ઉદય તો છે, પરંતુ તેમાં (ભોગવવામાં) તે પાપની જ પુષ્ટિ કરે છે. તેમ દેવ, ગુરુ, શાસ્ત્ર મળી જવાં તે પુણ્યનો ઉદય તો છે, પરંતુ તેના પ્રત્યેના ભાવમાં (શુભ ભાવમાં) મગ્નતા (એકતાબુદ્ધિ) થવી, તે મિથ્યાત્વના પાપની જ પુષ્ટિ છે.

(૪૮૭)

(અંગત) રાત્રે ઊંઘ સહજ ઓછી થઈ જાય છે. કેમ કે સાચો આરામ તો સ્વરૂપમાં જ છે. તેથી તે તરફની

એકાગ્રતામાં ઊંઘ સહેજે ઓછી થઈ જાય છે. જેને આખો દિવસ જે તે પ્રકારના વિકલ્પોનો થાક બહુ લાગે છે તેને આરામ માટે વિશેષ ઊંઘ આવે છે, પરંતુ જેને આમ તેમ કરવાનું કર્તૃત્વ જ તૂટી ગયું છે તેને થાક લાગતો નથી, તેથી ઊંઘ પણ ઓછી હોય છે. જેમ મુનિઓને અંતરની જાગૃતિના કારણે વિકલ્પોનો થાક નથી, તેથી ઊંઘ પણ ઓછી છે. મને તો ( સૂતી વખતે ) પહેલા બે કલાક ઊંઘ ન આવે, પછી છોડી ઊંઘ આવી જાય તો જાગતાં જ એમ લાગે કે શું ઊંઘ આવી ગઈ હતી !! પછી ઊંઘ ઉડી જાય છે અને આ જ ( સ્વરૂપનું ઘોલન ) ચાલતું રહે છે.

( ૪૮૮ )

જેમ તે બાજુના પંડિતોને લાગે છે કે અમે બધું જાણીએ છીએ, તેમ વાંચનકાર થઈ જાય અને ઉઘાડ થઈ જાય તો તેમાં ( લોકો ) અટકી જાય છે કે અમે સમજીએ છીએ. તેથી તે ઉઘાડ રોકાવાનું સાધન થઈ જાય છે. પંડિતોનો સંસાર–શાસ્ત્ર, કહ્યું છે ને !

( ૪૮૯ )

વાસ્તવમાં સાંભળવા વગેરેનો રસ ઓછો થઈ જવો જોઈએ. તે ઓછો ક્યારે થશે કે જ્યારે અંદરનો રસ વધતો જાય. ત્યારે તે બાજુથી રસ ઓછો થતો જાય, તો શરૂથી જ તે બાજુ જોર નહિ જવું જોઈએ.

( ૪૯૦ )

બીજાને માટે અમુક પ્રવૃત્તિ કરવી તે તો બોજો થઈ ગયો. અહીં તો સહજની આદત છે. બીજા મારા માટે ગમે તેવો અભિપ્રાય ભલે બાંધી લે.

( ૪૯૧ )

પ્રશ્નઃ—આ બધી વાત સાચી પણ વિકલ્પ તૂટતો નથી ?

ઉત્તરઃ—વિકલ્પથી શા માટે ડરો છો ? તેને પણ તેની સત્તામાં રહેવા દો, અને તમે તમારી ત્રિકાળી સત્તામાં રહો ! વિકલ્પને તોડવા કરવા જશો તો તમારી ધ્રુવ સત્તાનો ( શ્રદ્ધામાં ) નાશ થશે. તોપણ આ વિકલ્પો તો નહિ તૂટે.

( ૪૯૨ )

સાગરો સુધી બાર અંગનો અભ્યાસ કરે છે, પરંતુ તે પરલક્ષી જ્ઞાનમાં તો નુકશાન જ નુકશાન છે. જો ઉપયોગ બહારમાં જાય તો દુઃખ થાય જ. સ્વ-ઉપયોગમાં જ સુખ છે.

( ૪૯૩ )

પર્યાયને સ્વ-સન્મુખ કરું—અંતરમાં વાળું—અંતરમાં ઢળું, એવી એવી ( પર્યાયના કર્તાપણાની ) સૂક્ષ્મ ભ્રાંતિ જીવને રહી જાય છે. પર્યાયનું મુખ બદલવું છે, તે અપેક્ષાએ તે વાત સાચી છે, પરંતુ ધ્રુવ ઉપર બેસતાં જ તે ( સન્મુખપણું ) સહજ થાય છે.

( ૪૯૪ )

ગમે તેવા પરિણામ હો, પરંતુ આપણે તેના ગુલામ શા માટે? ( એક સમયના પરિણામથી હું નિરપેક્ષ ધ્રુવ તત્ત્વ છું.)

( ૪૯૫ )

સ્વચ્છંદથી ડરો નહિ. અત્યાર સુધી ( સ્વરૂપના અભાનમાં ) સ્વચ્છંદ જ ચાલતો આવ્યો છે. હવે તો "સહજ સ્વચ્છંદ ( સ્વમાં પ્રવૃત્તિરૂપ ) દશા" પ્રગટ કરો. વિવેક આપોઆપ આવી જશે.

( ૪૯૬ )

પ્રશ્ન:–ધ્રુવતત્ત્વનું માહાત્મ્ય વિશેષ છે કે ધ્રુવને પકડવાવાળી પર્યાયનું ?

ઉત્તર:–પોતપોતાની અપેક્ષાએ બન્નેનું માહાત્મ્ય છે. ખરેખર તો ધ્રુવતત્ત્વનું જ માહાત્મ્ય છે. પર્યાયનું માહાત્મ્ય આવવાથી જીવ પર્યાયમાં બેસી જાય છે.

પ્રશ્ન:–ધ્રુવતત્ત્વ તો અભવીમાં પણ છે, પરંતુ પકડયું નહિ તો શું લાભ ?

ઉત્તર:–અરે ભાઈ! ભવી અભવી બન્ને હું નથી. હું તો ધ્રુવતત્ત્વ છું–જેમાં તે બંન્નેનો અભાવ છે.

( ૪૯૭ )

રુચિ પોતાના કાર્યમાં બાધા આવવા દેતી નથી. રુચિ સંયોગને અને વિકલ્પને ગણતી નથી. ( સ્વરૂપની )

રુચિ હોય તો હર સમય આ ને આ જ ( સ્વરૂપનું જ ) ચિંતન ચાલતું રહે.

( ૪૯૭ अ )

( અંગત ) બીજાને લાગે કે હું જોઈ રહ્યો છું, પરંતુ ( ઘરમાં ) ચોરી કરી જાય તોપણ મને ખબર ન પડે, મારાં કપડાં કેટલાં છે, ઘરમાં ચીજવસ્તુ છે કે નહિ, મને કંઈ ખબર નથી. ( વ્યવહારમાં એટલું લક્ષ ઓછું થઈ ગયું હતું )

( ૪૯૮ )

રુચિ હોય તો પ્રવૃત્તિમાં પણ પોતાના કાર્યમાં વિઘ્ન આવતું નથી. બીજા પાસેથી તો કાંઈ લેવું નથી, અને (સ્વયં) સુખનું તો ધામ છે. તેથી ઉપયોગરહિત ચક્ષુની જેમ પ્રવૃત્તિમાં દેખાય અને ઉપયોગ તો આ તરફ ( અંતરમાં ) કામ કરતો હોય.

( ૪૯૯ )

( જ્ઞાનીને ) ભક્તિ વગેરેના શુભભાવ આવે ત્યારે બહારમાં તો ઉલ્લાસમાં દેખાય, પરંતુ તે જ ક્ષણે અભિપ્રાય નિષેધ કરે છે.

( ૫૦૦ )

પ્રશ્નઃ—અશુભમાં તો દુઃખ લાગે છે પરંતુ શુભમાં દુઃખ નથી લાગતું ?

ઉત્તર:–શુભને ઠીક માન્યું છે તેથી દુઃખ નથી લાગતું. પહેલાં અશુભમાં ઠીક માન્યું હતું તો ત્યાં દુઃખ લાગતું ન હતું. આ તરફ (આત્મામાં) આવે તો અંતરના સુખના અનુભવમાં શુભ, અશુભ બન્નેય દુઃખરૂપ દેખાય છે. માખી જેમ ફટકડી ઉપર બેસતાં જ તરત ઉડી જાય છે, સાકર ઉપર બેઠી હોય તો પાંખ તૂટી જાય તોપણ ઉડવા ચાહતી નથી. તેમ અહીં પણ સમજી લેવું.

(૫૦૧)

જેને પોતાનું સુખ જોઇએ છે તેને, જેને પોતાનું સુખ પ્રગટયું છે તેની પાસે જવાનો ભાવ આવે છે.

(૫૦૨)

શાસ્ત્ર અહીંથી (આત્મામાંથી) નીકળે છે. તેથી અહીંથી નીકળેલી બધી વાતો શાસ્ત્રથી મળતી આવે છે. શાસ્ત્ર જોઇને અહીંનું મેળવવું નહિ, પરંતુ અહીંથી નીકળેલી વાત શાસ્ત્રથી મેળવી લેવી.

(૫૦૩)

નિર્વિકલ્પતા ઉપર વજન ન દેવું (પર્યાય ઉપર વજન ન દેવું) તે મારાથી (ધ્રુવપદથી) થોડી મોટી છે?

(૫૦૪)

સિદ્ધ જીવોથી સંસારી જીવો અનંતગુણા છે, તોપણ સિદ્ધ જીવો સંસારી જીવોને પોતાની તરફ ખેંચે છે. સંસારી

જીવો સિદ્ધ જીવોને પોતાની તરફ ખેંચી શકતા નથી, તેમાં જ સિદ્ધ જીવોનો વિજય સિદ્ધ થઇ ગયો.

( ૫૦૫ )

પુરુષાર્થના ધામમાં પુરુષાર્થ જામી ગયો–તે જ પુરુષાર્થ છે.

( ૫૦૬ )

પ્રશ્ન:–આત્મા તો દેખાતો નથી તો પ્રત્યક્ષ કેમ થાય?

ઉત્તર:–પરિણામ તો દેખાય છે ને? તો પરિણામ જેમાંથી આવે છે એ ચીજનું પહેલાં અનુમાન કરવામાં આવે છે, પછી પ્રત્યક્ષ ( વેદનથી ) કરવો.

( ૫૦૭ )

આની તો જરૂરિયાત છે ને, તેની તો જરૂરિયાત છે ને! ( એવો ભાવ અજ્ઞાનીને રહે છે. ) અરે ભાઈ! પહેલાં હું અજરૂરિયાતવાળો છું તે તો નિર્ણય કરો!

( ૫૦૮ )

પર્યાય પૂરતું જ પોતાનું કાર્ય સીમિત છે. પરપદાર્થથી તો કાંઈ સંબંધ છે જ નહિ, એવો નિશ્ચય થઈ ગયો, પછી તો પોતામાં જ શોધ ચાલુ રહેશે.

( ૫૦૯ )

મહારાજ સાહેબે દુષ્કાળમાં સુકાળ કરી દીધો છે, તે શું ઓછી મહત્ત્વની વાત છે? આ કાળમાં જ્યાં આવી

વાત સાંભળવા મળતી નથી ત્યાં ધોધમાર વર્ષા કરી દીધી છે.

( ૫૧૦ )

પ્રશ્નઃ—અમને સમ્યગ્દર્શન થયું છે કે નહિ, તે કેવી રીતે ખબર પડે?

ઉત્તરઃ—આ પ્રશ્ન બતાવે છે કે તમને સમ્યગ્દર્શન થયું નથી. ત્યારે જ એવી શંકા થાય છે. બીજાએ માન્યું તેથી સમ્યગ્દર્શન ( છે ) એમ નથી.

( ૫૧૧ )

હું કૃતકૃત્ય ચૈતન્યધામ છું, વિકાર મને સ્પર્શ્યો જ નથી. હું ધ્રુવધામ છું એવું પોતાનું અહંપણું આવવું જોઇએ.

( ૫૧૨ )

મારો સ્વભાવ જ્ઞાન-દર્શન આદિથી ઠસોઠસ ભરેલો છે. તેમાં નવું કાંઈ કરવાનું નથી,-કાંઈ વધારવાનું પણ નથી.

( ૫૧૩ )

પૂ. ગુરુદેવશ્રીએ જે ઉપદેશ દ્વારા બતાવ્યું તે જ કાર્ય મેં કર્યું છે. જગતમાં મને માન અથવા યશ મળે તે મને પસંદ નથી.

( ૫૧૪ )

પરિણામોના ચક્કરમાં માથું દીધું તો હંમેશાં માથું ફૂટતું રહેશે.

( ૫૧૫ )

( ભવભ્રમણથી ) થાકી ગયા હો તો ( સ્વરૂપમાં )

બેસી જાઓ. ન થાક્યા હો તો ચાલ્યા જાઓ.

( ૫૧૬ )

બંધ તથા મુક્તિમાં ભેદ નથી. ( બન્ને એક સમયના પરિણામ છે. ) દ્રવ્યને મુક્ત થયેલું કહેવું કલંક છે. તત્ત્વરસિક પુરુષ આસન્નભવ્ય, વિજ્ઞાનઘનના રસીલા પુરુષ, બંધ મોક્ષનો ભેદ દેખતા નથી.

( ૫૧૭ )

પ્રશ્ન:–ગુરુદેવશ્રીની વાત પણ સારી લાગે છે અને બહારની અનુકૂળતા પણ સારી લાગે છે. પરંતુ ગુરુદેવ ફરમાવે છે કે એક મ્યાનમાં બે તલવાર રહી શકતી નથી ?

ઉત્તર:–એક શુભ છે, એક અશુભ છે. બન્ને જગ્યાએથી હટીને ત્રીજી ( શુભાશુભરહિત ) જગ્યાએ આવી જાઓ.

( ૫૧૮ )

વ્યવહારનય અભૂતાર્થ કહેવામાં આવ્યો છે જેનો સંક્ષેપ આ છે કે પરિણામમાત્ર અભૂતાર્થ છે.

( ૫૧૯ )

અજ્ઞાની ઉત્પાદ-વ્યયની સાથે ચાલ્યો જાય છે. જ્ઞાનીએ નિત્યમાં ( સ્વભાવમાં ) પોતાનું અસ્તિત્વ સ્થાપ્યું છે. તેથી ઉત્પાદ-વ્યયની સાથે ચાલ્યા જતા નથી, ( ઉત્પાદ-વ્યયને ) જાણી લે છે.

( ૫૨૦ )

( દ્રવ્યનો ) શુદ્ધ પર્યાયની સાથે વ્યાપ્ય-વ્યાપક સંબંધ આખા દ્રવ્યના ક્ષેત્રના હિસાબે છે. ( સામાન્ય, વિશેષરૂપ થઈ જતું નથી. )

( ૫૨૧ )

પહેલાં તો ધારણા બરાબર હોવી જોઇએ. પરંતુ ધારણા અંતરમાં ઉતરે ત્યારે સમ્યગ્જ્ઞાન થાય છે. ધારણામાં પણ અહીંનું ( આત્માનું ) લક્ષ હોવું જોઇએ.

( ૫૨૨ )

પર્યાયમાં તીવ્રથી તીવ્ર અશુભ પરિણામ હોય અથવા ઉત્કૃષ્ટથી ઉત્કૃષ્ટ શુદ્ધ પર્યાય હોય, મારો કાંઇપણ બગાડ-સુધાર નથી. હું તો તેવો ને તેવો જ છું. ( પર્યાયમાં ગમે એટલો ફેરફાર હોય, દ્રવ્ય એકરૂપ રહે છે, તેથી કોઇપણ પ્રકારની ક્ષણિક—અનિત્ય પર્યાયનું મૂલ્ય, ધ્રુવ—નિત્ય-સ્વરૂપની આગળ નથી. )

( ૫૨૩ )

હું પહેલાં તો બધું જાણી લઉં, સાંભળી લઉં, પછીથી પુરુષાર્થ કરીશ તો એ રીતે પાછળવાળાનું સદાય પાછળ જ પાછળ રહેશે. વર્તમાન આ જ ક્ષણથી જ પુરુષાર્થ કરવાની આ વાત છે. પહેલાં પોતાના આત્માની પ્રભાવના કરવાની વાત છે.

( ૫૨૪ )

પોતાના દ્રવ્યમાં દૃષ્ટિનું તાદાત્મ્ય થતાં જ જ્ઞાન પ્રમાણ થઈ જાય છે. તો એ રીતે પ્રમાણ થયેલું જ્ઞાન બધી વાતો જાણી લે છે. (પોતાની આંશિક શુદ્ધિ, આંશિક અશુદ્ધિ અને અશુદ્ધિનું નિમિત્ત–બધાને, પ્રમાણ જ્ઞાન જાણી લે છે.)

( ૫૨૫ )

કરોડો શાસ્ત્ર વાંચો તોપણ (અનુભવ વિના) માત્ર મનનો બોજો છે, આંબળો છે, ભાર છે.

( ૫૨૬ )

ઉલ્લાસમાં ઉલ્લાસ આવી જાય, તે યોગ્ય નથી.

( ૫૨૭ )

પરિણામની મર્યાદા દેખતા રહેવાથી અપરિણામીનું જોર છૂટી જાય છે. (અપરિણામીના જોરમાં પરિણામનું જ્ઞાન સહજ રહે છે)

( ૫૨૮ )

પર્યાયમાં બેસીને ઘૂંટણ કરવાથી તો પર્યાયમાં ઠીકપણું રહે છે. એવા કૃત્રિમ પ્રયાસનો અભિપ્રાય છોડો.

( ૫૨૯ )

ખરેખર તો વાત 'આટલી જ' છે, આ તરફ (અંતરમાં) જામી જવું જોઈએ. ત્રિકાળી અસ્તિત્વમાં પ્રસરી જવું જોઈએ.

( ૫૩૦ )

સાંભળવું, વાંચવું, ચર્ચા કરવી તે બધી ઉપર ઉપરની વાત છે. ખરેખર તો અંદરમાં જામી જવું જોઇએ. સ્વરૂપમાં ઉંડાં ઉતરી જવું જોઇએ.

( ૫૩૧ )

"ષટ્ આવશ્યક વગેરે શું ? એક જ (નિશ્ચય) આવશ્યક છે." આ વાત 'આત્મધર્મ'માં વાંચીને એવી ચોટ લાગી ! આ જ વાત ઠીક છે.

( ૫૩૨ )

પ્રશ્ન:-શરૂઆતવાળાએ કઈ રીતે અનુભવનો પ્રયત્ન કરવો ?

ઉત્તર:-"હું પરિણામ માત્ર નથી" ત્રિકાળી ધ્રુવપણામાં અહંપણું સ્થાપવું-એ જ એક ઉપાય છે.

( ૫૩૩ )

એક જ 'માસ્ટર કી' ( Master Key ) છે. બધી વાતોનો, બધા શાસ્ત્રોનો એક જ સાર છે.-"ત્રિકાળી સ્વભાવમાં અહંપણું જોડી દેવાનું છે."

( ૫૩૪ )

વિચાર આદિ તો પર્યાયનો સ્વભાવ હોવાથી ચાલતા જ રહે છે, (પરંતુ) જોર ધ્યેય સ્વભાવની તરફ રહે છે તો પરિણુતિ (અંતરમાં) ઢળી જાય છે.

( ૫૩૫ )

આ ( ધ્રુવ દૃષ્ટિ ) નું બળ આવ્યા વિના ( જીવ ) બીજી જગ્યાએ અટકશે.

( ૫૩૬ )

નિશ્ચય મહારાજશ્રીને જાણ્યા નહિ તો આ મહારાજશ્રીને પણ ઊંધા જાણ્યા. ( યથાર્થરૂપે ન જાણ્યા ).

( ૫૩૭ )

પરિણામ ( પ્રત્યે ) ના રસને જમનો દૂત જાણો.

( ૫૩૮ )

વિચાર કરવો,–નિર્વિચાર થવા માટે.

મળવું–પછી નહિ મળવા માટે.

( ૫૩૯ )

સાચા દેવ, ગુરુ, શાસ્ત્ર પણ સ્વભાવના ( સ્વભાવ અપેક્ષાએ ) અનાયતન છે.

( ૫૪૦ )

પરિણામ અવલંબન લે છે–હું નહિ.

( ૫૪૧ )

પ્રૌઢ વિવેક :–નિષ્ક્રિય ચિન્માત્ર હું વસ્તુ છું.

( ૫૪૨ )

સંસારની દુકાનદારીને છોડી શાસ્ત્રની દુકાનદારીમાં ક્યાંક લોકો ફસાઈ ગયા.

( ૫૪૩ )

અહીં તો અનુભૂતિથી જ શરૂઆત થાય છે. અનુભવ થયા વિના પર્યાયથી ભિન્નતા થતી જ નથી.

( ૫૪૪ )

ગુરુદેવશ્રીના ઉપદેશમાં એટલો ખુલાસો છે કે આ પાયાથી ( મજબૂત પાયા ) ની શરૂઆતથી ધર્મ પંચમકાળ સુધી ટકશે—એમ દેખાય છે.

( ૫૪૫ )

કાર્ય ( પર્યાય ) થી કારણને ( ત્રિકાળી દ્રવ્યને ) દેખો છો, તેમાં મને તો એવી ચોટ લાગે છે કે આ શું ? એવી દૃષ્ટિમાં તો ત્રિકાળીથી જુદાપણું જ રહે છે. તો ત્રિકાળીમાં એકતા કઈ રીતે થશે ? વર્તમાન પર્યાયમાં તો હુંપણું સ્થાપી રાખ્યું છે અને ત્રિકાળી ( સ્વરૂપ ) ની તરફ થવા ચાહો છો ! પરંતુ પર્યાયમાં અહંપણું છૂટ્યા વિના ત્રિકાળીમાં અહંપણું કઇ રીતે થશે ?

( ૪૪૬ )

પ્રશ્નઃ—તિર્યંચને તો અનુભવનું સુખ ઠીક અને રાગનું દુઃખ તે અઠીક એમ રહે છે, તેમાં ત્રિકાળી જ હું છું એમ કઇ રીતે ભાસતું હશે ?

ઉત્તરઃ—ત્રિકાળીમાં આવ્યા વિના ( ત્રિકાળી જ હું છું એવા અનુભવ વિના ) સુખ થતું જ નથી. તેથી તેમાં

ત્રિકાળી સ્વભાવનો આશ્રય આવી ગયો. પર્યાય બદલાય છે તોપણ હું નથી બદલાતો એમ ભાસે છે.

( ૫૪૭ )

વર્તમાન અંશમાં જ બધી રમત છે. તે અંતરમાં દેખશે તો ( અનંત ) શક્તિઓ દેખાશે, અને બહિર્મુખ થશે તો સંસાર દેખાશે. બસ, અંશથી ( કોઈ જીવ ) બહાર તો જતો જ નથી. આટલી મર્યાદામાં રમત છે.

( ૫૪૮ )

દેવ–ગુરુ–શાસ્ત્ર પ્રત્યેની જે મચક છે ( શુભભાવ છે ) તે પણ નુકશાન જ છે. તેમાં જીવ લાભ માની બેસે છે. કહે તો છે કે નિમિત્તથી લાભ થતો નથી, પરંતુ અભિપ્રાય તો લાભનો જ કરી રાખ્યો છે, તેથી ત્યાંથી પોતાની તરફ આવતો જ નથી.

( ૫૪૯ )

અજ્ઞાનમાં જીવ વાંચન, શ્રવણ, મનન આદિનો જે પુરુષાર્થ કરે છે તેમાં તો થાક ( બોજો ) લાગે છે. પરંતુ જેમાં થાક લાગે તે પુરુષાર્થ જ ક્યાં છે? સહજ પુરુષાર્થમાં બોજો ( થાક ) લાગતો જ નથી.

( ૫૫૦ )

જેવી રીતે બધાં નિમિત્ત છે, કોઈ વીરરસનું, કોઈ રૌદ્રરસનું, કોઈ કામરસનું–તેવી રીતે આ દેવ, ગુરુ, શાસ્ત્ર

શાંતરસનાં નિમિત્ત છે. પરંતુ પોતાનામાં શાંતરસ જગાડે નહિ, તો તેના ઉપર ઉપચાર પણ આવતો નથી.

( ૫૫૧ )

સાંભળવામાં પણ એકાંત ઉલ્લાસ નહિ હોવો જોઇએ. દીનતા લાગવી જોઇએ, ખેદ હોવો જોઇએ.

( ૫૫૨ )

દૃષ્ટિ પરિણામ ઉપર રાખી છે, પણ દ્રવ્ય તરફ મુખ બદલવાનું છે. તે મુખ પણ પરિણામ બદલે છે. મારામાં ( ધ્રુવ સામાન્યમાં ) તો મુખ પણ ક્યાં બદલવાનું છે? હું તો જ્યાં છું ત્યાં જ છું. બદલવું-ફદલવું કાંઈ મારામાં નથી.

( ૫૫૩ )

પ્રશ્નઃ—પર્યાયનો વિવેક તો જોઇએ ને!

ઉત્તરઃ—જેમ કરોડપતિ, ભિખારીને અધિકતા આપતો નથી. ( ભિખારીથી દીનતા કરતો નથી ), તેમ પર્યાયની જેટલી મર્યાદા છે એને જ્ઞાન જાણી લે છે. પર્યાયને અધિકતા આપવા જશે તો પ્રયોજન જ અન્યથા થઇ જશે. ( આ જ વિવેક છે ).

( ૫૫૪ )

બાર અંગનો સાર "નિષ્ક્રિય ચૈતન્ય—તે જ હું છું" એવો નિર્ણય કરવાનો છે. હું તો નિષ્ક્રિય છું—કાંઈ કરવાનું જ નથી. હું કાંઇ કરી શકતો જ નથી. મારામાં કાંઈ કરવાની

શક્તિ જ નથી. હું વર્તમાનમાં જ પરિપૂર્ણ છું. ( તેમાં ) કરવાનું જ શું છે? એવો યથાર્થ નિર્ણય થયો તો મુક્તિ થઈ ગઈ.

( ૫૫૫ )

વિકલ્પ સહજ થાય છે, નિર્વિકલ્પતા પણ સહજ થાય છે, અને હું પણ સહજ છું.

( ૫૫૬ )

આત્મધર્મ મળ્યું, તેમાંથી એક જ આવશ્યક છે, તે વાંચતાં જ ચોટ લાગી—અરે! આ આઠ દ્રવ્યોથી પૂજા કરવી! છ આવશ્યક! આ બધું તો બોજો લાગે છે. અને આમાં ( એક આવશ્યકમાં ) તો બોજો ઘટી જાય છે.

( ૫૫૭ )

શાસ્ત્રમાં જ્ઞાન કરવાનું કહ્યું તો કેટલાક લોકો ચિંતવનમાં જ રોકાઇ ગયા અને પુરુષાર્થ કરવાનું કહ્યું તો વિકલ્પમાં જ રોકાઇ ગયા.

( ૫૫૮ )

પહેલાં પોતાની ( નિશ્ચય ) પ્રભાવના કરીને પોતાનું સુખ પીવામાં મગ્ન રહો. પછી જેવો જેવો યોગ હોય છે તેવો વિકલ્પ આવે છે.

( ૫૫૯ )

અમારે તો નિર્વિકલ્પતા પણ કરવી નથી. ધ્રુવસ્થળમાં બેસવાથી નિર્વિકલ્પતા પણ સહજ થઈ જાય છે. પહેલાં

અભિપ્રાય બરાબર કરવો જોઈએ, પછી પરિણામ પણ બરાબર થવા લાગશે.

( ૫૬૦ )

નિષ્ક્રિયભાવ કહેવાથી, જીવને પુરુષાર્થહીનતા લાગે છે. અરે ભાઈ! તે તો પુરુષાર્થની ખાણ છે. અને જે મુક્તિ થાય છે, તેની પણ તેને દરકાર ( અપેક્ષા ) નથી.

( ૫૬૧ )

પ્રશ્નઃ–( આ બધી ) સ્વભાવને મજબૂત કરવાની વાત છે?

ઉત્તરઃ–સ્વભાવ તો મજબૂત જ છે. તેમાં બેસી જાઓ.

( ૫૬૨ )

આત્મા તો સમુદ્ર છે. સમુદ્રમાં જેમ મોજાં ઉઠે છે અને પોતામાં જ વિલીન થઈ જાય છે. સમુદ્રને મોજાંની શું દરકાર? તેમ અહીં પરિણામ ઉઠે છે અને સમાઈ જાય છે. અમને–સમુદ્રને તેની શું દરકાર?

( ૫૬૩ )

ઉપયોગ ભગવાનની તરફ જાય તોપણ તે ( અમને તો ) જમનો દૂત દેખાય છે. તો પછી બીજો કોઈ કહે કે અમારા પ્રત્યે રાગ કરો, તે કેવી રીતે બની શકે?

( ૫૬૪ )

નિત્યવસ્તુનો જ ભરોસો બરાબર કરવા યોગ્ય છે.

( ૫૬૫ )

અજ્ઞાનીને એમ રહે છે કે હું કષાયને મંદ કરતો કરતો અભાવ કરી દઈશ. પરંતુ તે રીતે તો કષાયનો અભાવ થતો જ નથી. સ્વભાવના બળ વિના કષાય ટળતો નથી. હું કષાયને મંદ કરતો જઈશ અને સહનશક્તિ વધારતો જઈશ તો કષાયનો અભાવ થઈ જશે તેમ અજ્ઞાની માને છે અને જ્ઞાનમાં જે પરલક્ષી ઉઘાડ છે તે જ વધતો વધતો કેવળજ્ઞાન થઈ જશે એમ માને છે.

( ૫૬૬ )

(કેટલાક લોકો) સમજ્યા વિના દ્રવ્યમાંપર્યાય નથી–નથી, તેમ લઈ લે છે, પરંતુ પર્યાય નથી એમ કોણ કહે છે? દૃષ્ટિનો વિષયભૂત અપરિણામી, પર્યાયથી ભિન્ન છે, તેમાં પર્યાયનો અભાવ છે, તેમાં પર્યાય નથી, એમ કહીએ છીએ.

( ૫૬૭ )

અપરિણામી એક સમયના પરિણામમાં આવી જાય તો અપરિણામી ખતમ થઈ જાય.

( ૫૬૮ )

વેદના સમુદ્ઘાતમાં જીવના પ્રદેશો શરીરની બહાર નીકળી જાય છે અને શરીરની બહાર વેદન આવે છે. તો કોઈ જીવ તેના ઉપરથી પણ શરીરથી (આત્માના) ભિન્નપણાના વિચારમાં ઉતરીને કામ કરી શકે છે.

( ૫૬૯ )

પરિણામમાંથી અહંપણું ખસવું અને ત્રિકાળ સ્વભાવમાં અહંપણું થવું તે શુદ્ધ જીવનું સ્વરૂપ છે.

( ૫૭૦ )

સ્વાધ્યાયાદિનું વિકલ્પજ્ઞાન છે, તે તો આકુળતાની સાથે અભેદ છે. અને સહજજ્ઞાન ત્રિકાળી સ્વભાવની સાથે અભેદ છે.

( ૫૭૧ )

હું ત્રિકાળીતત્ત્વ છું એમાં અહંપણું કરવું એ જ બાર અંગ ચૌદ પૂર્વનો સાર છે. અંગ પૂર્વમાં આ જ કહેવું છે.

( ૫૭૨ )

સિદ્ધ ભગવાન ખસતા જ નથી, તેનો અર્થ જ એવો છે કે તેઓ પરિપૂર્ણ તૃપ્ત તૃપ્ત થઈ ગયા છે. તેથી જ ખસતા નથી.

( ૫૭૩ )

અનુભવ થવો તો સહેલો છે, પરંતુ આટલી ઉઘાડશકિત અને ન્યાયાદિ હોવાં શ્રમવાળાં છે. અમને તો ગુરુદેવશ્રીએ જ બધું આપ્યું છે.

( ૫૭૪ )

સમ્યગ્દૃષ્ટિને એક વિકલ્પ પણ ફાંસી લાગે છે. વિકસિત સ્વભાવમાં ફાંસી લાગે છે.

( ૫૭૫ )

( જેની કર્તાબુદ્ધિ મટી ગઈ છે, એવા જ્ઞાનીને ) કેવળજ્ઞાન પણ કરવું નથી—થઈ જાય છે. તો પછી ક્ષયોપશમ આમ કરું—આમ કરું, એ તો બધું કર્તૃત્વ જ છે.

( ૫૭૬ )

આવી ( અધ્યાત્મની ) વાત સાંભળવા મળી જવાથી ( કેટલાક લોકોને ) સંતોષ થઇ જાય છે કે બીજા લોકોને આ વાત મળી નથી, આપણને તો મળી છે ને ! એ રીતે અધિકતા માનીને જીવ સંતુષ્ટ થઈ જાય છે.

( ૫૭૭ )

આખા ત્રણલોકના સર્વ પદાર્થો જ્ઞાનમાં આવી જાય, તો પણ જ્ઞાન બધાને પી જાય છે, અને કહે છે કે હવે કાંઈ બાકી હો તો આવી જાઓ !

( ૫૭૮ )

( પોતાના સુખ માટે ) આખા જગતમાં બસ, હું જ એક વસ્તુ છું અને કોઇ બીજી વસ્તુ છે જ નહિ. અરે ! બીજી કોઈ વસ્તુ છે કે નથી, એવો વિકલ્પ પણ શા માટે ?

( ૫૭૯ )

( રાગને ) જ્ઞાનનું જ્ઞેય, જ્ઞાનનું જ્ઞેય કહે છે અને લક્ષ રાગ તરફ છે તો તે સાચું જ્ઞાનનું જ્ઞેય છે જ નહિ. જ્ઞાનનું જ્ઞેય તો અંદરમાં સહજરૂપ થઇ જાય છે. લક્ષ બહાર

પડયું છે અને જ્ઞાનનું જ્ઞેય છે એમ બોલે તો મને તો ખટકે છે. એ રીતે 'યોગ્યતા', 'ક્રમબદ્ધ' વગેરે બધામાં લક્ષ બહાર પડયું હોય અને કહે, તે તો મને ખટકે છે.

(૫૮૦)

પ્રશ્ન:—અપરિણામીનો અર્થ શું? આત્મા પર્યાય વિનાનો સર્વથા કૂટસ્થ છે?

ઉત્તર:—અપરિણામી અર્થાત્ દ્રવ્યમાં સર્વથા પર્યાય નથી, એમ નથી. પરંતુ પરિવર્તનશીલ પર્યાયને ગૌણ કરીને હું વર્તમાનમાં પરિપૂર્ણ છું, અભેદ છું, એ રીતે ધ્રુવદ્રવ્ય અને ધ્રુવપર્યાય, (જેને નિયમસારમાં કારણશુદ્ધપર્યાય કહી છે) એને લક્ષગત કરવાથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. દ્રવ્ય પલટતું નથી, પર્યાય પરિવર્તન કરે છે. જો દ્રવ્ય પરિવર્તનને પ્રાપ્ત થાય, તો પલટતા એવા દ્રવ્યના આશ્રયે સ્થિરતા થઈ શકે નહિ. અને સ્થિરતા વિના સમ્યગ્દર્શન થઇ શકે નહિ. તેથી જે પરિવર્તન પામે છે તેનું લક્ષ છોડ અને ધ્રુવ અપરિણામી ચૈતન્યતત્ત્વ એક જ સારભૂત છે, તેનું લક્ષ કર! પર્યાય પરિણમે છે તેનું પરિણમન થવા દે, તેની સામે ન જો! પરંતુ તે જ કાળે તું પરિપૂર્ણ અપરિણામી ધ્રુવતત્ત્વ છે તેને દેખ!

અહો! જગતના જીવોને, હું વર્તમાનમાં જ પરિપૂર્ણ, ધ્રુવ, અપરિણામી તત્ત્વ છું તે વાત રુચતી નથી

અને પ્રમાણના લોભમાં આત્માને જો અપરિણામી માનીશું તો પ્રમાણજ્ઞાન નહિ થાય અને એકાંત થઈ જશે તેવી આડ મારીને પર્યાયનું લક્ષ છોડવા ચાહતા નથી. અને તે કારણથી જ તેઓ અપરિણામી ચૈતન્યતત્ત્વને પામતા નથી.

( ૫૮૧ )

પ્રશ્નઃ—આત્માને શાસ્ત્રમાં ભેદાભેદ-સ્વરૂપ કહ્યો છે અને આપ તો આત્માને અભેદ કહો છો, તો એમાં આપનું શું પ્રયોજન છે?

ઉત્તરઃ—પ્રમાણજ્ઞાનની અપેક્ષાએ આત્માને ભેદાભેદ-સ્વરૂપ કહેવામાં આવે છે, પરંતુ વાસ્તવમાં સમ્યગ્દર્શનનો વિષયભૂત આત્મા તો અભેદ જ છે; કારણ કે સમ્યગ્દર્શનનો વિષય ભેદ નથી. તેથી ભેદાભેદના લક્ષથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થતી નથી, માત્ર અભેદના લક્ષથી જ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે—એ જ આશય છે.

( ૫૮૨ )

પુરુષાર્થની વ્યાખ્યાઃ—સહજ ઉદ્યમ. હું તો અનાદિ અનંત મારા સ્વરૂપમાં સ્થિત છું—નિર્વિકલ્પ છું—જે સુખરૂપ છે. વિકલ્પવાળો કૃત્રિમ ઉદ્યમ ખોટો પુરુષાર્થ છે, દુઃખરૂપ છે.

( ૫૮૩ )

પરિણામમાત્ર વ્યવહાર છે. પરિણામની દૃષ્ટિથી

દીનતા આવે છે. પર્યાયમાં રોકાવાથી એકાંત દુઃખ થાય છે. પરિણામ ઉત્પાદ-વ્યય સ્વરૂપ છે, હું તો અપરિણામી છું-જેમાં ઉત્પાદ-વ્યય નથી. નિગોદથી લઇને સિદ્ધ સુધી એવો ને એવો જ છું. પરિણામમાં પ્રસરવાથી પરિણામ જેટલો થઈ જાય !!

( ૫૮૪ )

પ્રત્યેક પરિણામ સત્ છે. તેમાં ફેરફાર કરવાનો વિકલ્પ જુઠ્ઠો છે. ધ્રુવ સદા ધ્રુવરૂપ જ છે. તે ઉત્પાદ-વ્યયને શું કરે ?

( ૫૮૫ )

હું તો વિકલ્પમાત્ર અને પરિણામમાત્રથી રહિત છું.

( ૫૮૬ )

મારું અસ્તિત્વ પરિણામ અને વિકલ્પમાં નથી. હું તો વર્તમાનમાં જ ત્રિકાળી અપરિણામી છું. મારામાં ( વિકલ્પના ) કર્તાપણાનો સ્વભાવ હોય તો ક્યારેય મુક્તિ થઇ શકે નહિ.

( ૫૮૭ )

હું નિત્ય સદૃશ છું, જેમાં કાંઈ કરવાનું અથવા ફેરફાર કરવાનો નથી. નિત્ય વસ્તુને ધ્યેય બનાવવાથી મારામાં ( સાંસારિક ) સુખ દુઃખ નથી, હર્ષ શોક પર્યાયદૃષ્ટિમાં છે.

( ૫૮૮ )

પર્યાય વિનશ્વર છે. તેમાં એકત્વ કરવાથી સ્વયં વિનશ્વર થાય છે. શ્રી યોગીન્દ્રદેવ કહે છે: પર્યાયમાં ઉત્પાદ. વ્યય, બંધ, મોક્ષ છે, મારામાં નથી. ( શ્રીમદ્ રાજચંદ્રજીએ પણ કહ્યું છે:–દિગંબરના આચાર્યે એમ સ્વીકાર્યું છે કે જીવનો મોક્ષ થતો નથી; પરંતુ મોક્ષ સમજાય છે. તે એવી રીતે કે જીવ શુદ્ધસ્વરૂપી છે; તેને બંધ થયો નથી તો પછી મોક્ષ થવાપણું ક્યાં રહે છે? પરંતુ તેણે માનેલું છે કે "હું બંધાયો છું" તે માનવાપણું વિચાર વડે કરી સમજાય છે કે–મને બંધન નથી, માત્ર માન્યું હતું. તે માનવાપણું શુદ્ધસ્વરૂપ સમજાયાથી રહેતું નથી અર્થાત્ મોક્ષ સમજાય છે. આ વાત 'શુદ્ધનય'ની અથવા 'નિશ્ચયનય'ની છે. પર્યાયાર્થિકનયવાળાઓ, એ નયને વળગી આચરણ કરે તો રખડી મરવાનું છે ).

( ૫૮૯ )

અરીસામાં સમય સમયના ( પ્રતિબિંબ જેવા ) આકાર થાય છે, તોપણ અરીસાનું દળ જેમનું તેમ રહે છે. તેવી રીતે સ્વભાવ, અરીસાના દળ જેવો છે. સ્વભાવની સાથે તાદાત્મ્ય છે, આકારની સાથે નહિ. ત્રિકાળીમાં વર્તમાન પરિણામનો અભાવ છે.

( ૫૯૦ )

( લોકો ) મુક્તિને ચાહે છે, પરંતુ અભિપ્રાયમાં

કર્તાપણું પડયું છે તો મુક્તિ કેવી રીતે થાય? હું પૂર્ણ છું—એવો નિશ્ચય થવાથી કર્તાપણું નથી.

( ૫૯૧ )

સ્વભાવ સાવધાન સ્વરૂપ છે. પર્યાયમાં સાવધાની થવાથી સ્વભાવ પકડવામાં આવતો નથી.

( ૫૯૨ )

વર્તમાનમાં જ પૂર્ણ છું. સુખનું પ્રયોજન છે, જ્ઞાનનું નથી.

( ૫૯૩ )

આખું જગત જ્ઞાનનું જ્ઞેય છે—અનુકૂળ પ્રતિકૂળ કાંઇ નથી. આ અભિપ્રાયમાં દૃષ્ટિ અભેદ હોવી જોઇએ, દૃષ્ટિમાં મચક નહિ આવવી જોઇએ. અભિપ્રાયમાં પરથી લાભ-નુકશાનની માન્યતા નથી. અભિપ્રાયમાં ઇચ્છા અને દીનતા નહિ હોવાં જોઇએ.

( ૫૯૪ )

હું ત્રિકાળ અપરિણામી છું, પરિણામ માત્ર ગૌણ છે—એમ વર્તમાનમાં નિશ્ચય હોવો જોઇએ. ધ્રુવસ્વભાવ સદા પ્રસિદ્ધ છે. ઉત્પાદ-વ્યયના કાળમાં જુદો, પ્રગટ છે. દૃષ્ટિ પ્રતિસમય પર્યાયને ગૌણ કરે છે.

( ૫૯૫ )

પ્રશ્ન:—જીવનું કર્તવ્ય શું?

ઉત્તર:—પર્યાયમાં કર્તવ્ય છે. પરમાર્થે કાંઈ કર્તવ્ય

નથી. પ્રમાણજ્ઞાનનું પ્રયોજન નિશ્ચયને પ્રકાશવાનું છે.

( ૫૯૬ )

હું તો પ્રતિમા સમાન અપરિણામી છું. મારામાં પલાંઠી વાળીને બેસી જાઉં છું. અરીસાના દળની જેમ નિષ્ક્રિય છું. પરિણામ જે થવાલાયક—થાય છે. હું તો પર્યાયનિરપેક્ષ દ્રવ્ય છું—તે જ નિષ્ક્રિયતા છે.

( ૫૯૭ )

પર્યાયને તેના સ્વકાળમાં રહેવા દો, એ તે કાળનું સત્ છે. તેમાં ઉપયોગ રોકવો નહિ.

( ૫૯૮ )

દ્રવ્ય, પર્યાયને આલિંગન કરતું નથી. પર્યાય, દ્રવ્યને આલિંગન કરતી નથી. કથંચિત્–વ્યવહારથી આલિંગન કરે છે.

( ૫૯૯ )

હર સમયે દ્રવ્યસ્વભાવની અધિકતા રહેવી જોઇએ. તરણાની ઓથે ડુંગર દેખાતો નથી, તે રીતે દૃષ્ટિ પરિણામ ઉપર રોકાવાથી પરિણામી ઢંકાઇ જાય છે.

( ૬૦૦ )

ચાર અનુયોગ: ( સંક્ષેપમાં )

કરણાનુયોગ:–વિકાર અને વિકારનાં ફળ.

દ્રવ્યાનુયોગ:–સ્વભાવ અને સ્વભાવનું ફળ.

ચરણાનુયોગ:–ચારિત્રની સ્થિરતા.

કથાનુયોગ:–ઉપરના બધાની કથા.

( ૬૦૧ )

હું નિષ્ક્રિય ત્રિકાળી છું. આ ચશ્માં લગાવીને દેખવાથી બધા ગુણ પોતાનું કાર્ય કરે છે. તેમાં સહજ-જ્ઞાન અને પુરુષાર્થ આવી જાય છે. ( સહજસ્વરૂપમાં ) સાધક, બાધક કોઈ નથી. આ ચશ્માં લગાવવામાં અર્થાત્ ધ્રુવની મુખ્યતામાં બધું યથાર્થ દેખાય છે. સાધક-બાધકભાવ પર્યાયમાં છે, હું તો ધ્રુવ છું.

( ૬૦૨ )

નિશ્ચયાભાસી થવાનો ભય અને પ્રમાણજ્ઞાનનો લોભ રહેવાથી સત્યમાર્ગ દેખાતો નથી.

( ૬૦૩ )

ક્ષણિકભાવ વ્યક્ત છે, તેને ગૌણ કરવો અને ત્રિકાળી-ભાવ અવ્યકત છે તેને મુખ્ય કરવો.

( ૬૦૪ )

યથાર્થ નિશ્ચયમાં સુખ પ્રગટ થાય છે.

( ૬૦૫ )

જેમ એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઇ નથી કરતું, તેમ એક સત બીજા સતનું કાંઈ નથી કરતું. ત્રિકાળી સત્ ક્ષણિક સતને કરે નહિ; ક્ષણિક સત્ ત્રિકાળીનું કાંઈ કરતું નથી.

( ૬૦૬ )

ત્રિકાળીમાં વિકાર, અવિકાર કાંઇ નથી.

( ૬૦૭ )

પ્રમાણથી દ્રવ્ય, પર્યાયનું કર્તા છે. નિશ્ચયથી દ્રવ્ય, પર્યાયનું કર્તા નથી.

( ૬૦૮ )

વર્તમાનમાં જ અક્રિય, અપરિણામી છું; અર્થાત્ કોઈ ક્રિયા કરવાનો અભિપ્રાય નથી. કાંઇ કરું–કરુંમાં સ્વયં પરિણમતા પરિણામને કરવાનો અભિપ્રાય રહે છે.

( ૬૦૯ )

નિરાલંબી તત્ત્વમાં બેસી જવું. વર્તમાનમાં જ પરિપૂર્ણ છું, પછી કરવું શું ? જ્ઞાન કરવું ! એ તો સહજ જ છે. તેનો પણ બોજો ઉઠાવવાની જરૂરત નથી.

( ૬૧૦ )

વિકલ્પ સ્વનો અને પરનો એક જ જાતનો છે, ક્ષણિક છે. હું ત્રિકાળી નિર્વિકલ્પ છું. મારામાં વિકલ્પની નાસ્તિ છે.

( ૬૧૧ )

જ્ઞાન વધારવાની અને કષાય ઘટાડવાની જરૂરત નથી. એમ તો કેવળજ્ઞાન પ્રગટ કરવાની જરૂરત નથી. પરિણામ સાથે ખેંચાઓ નહિ. સહજસ્વભાવ રહી જશે.

( ૬૧૨ )

હું સ્થિર છું, એવો નિર્ણય કરવાથી સ્થિરતા આવે છે, ટકે છે, અને વધે છે. અને સુખ થાય છે. હું

અસ્થિર છું એવા ભાવમાં સુખ મળતું નથી, દુ:ખ થાય છે.

( ૬૧૩ )

અભિપ્રાયમાં પરિણામ, ગતિ વગેરે ગૌણ થઇ જાય છે અને મરણ સમયે ક્ષેત્રાંતર ઉપર દૃષ્ટિ નથી પરંતુ પરિપૂર્ણ ઉપર દૃષ્ટિ છે.

( ૬૧૪ )

પ્રતિસમયનું પરિણમન તે કાળે જાણેલું પ્રયોજનવાન છે. બસ, એટલી જ મર્યાદા છે.

( ૬૧૫ )

વસ્તુસ્વરૂપમાં તો સહજનો ધંધો છે. તેમાં વાદવિવાદ કરે તે આંધળો છે.

( ૬૧૬ )

જે ક્ષણિક સતને સ્વીકારતો નથી, તે ત્રિકાળી સત્‌ને કેવી રીતે સ્વીકાર કરી શકે ?

( ૬૧૭ )

એક બાજુ ત્રિકાળીનું છાબડું ( પલ્લું ), બીજી બાજુ ક્ષણિકનું છાબડું ( પલ્લું ). જેમ એક બાજુ માલ અને બીજી બાજુ બારદાન. મહત્તા માલની છે, બારદાનની નહિ.

( ૬૧૮ )

ગતિમાં વ્યવહારથી ક્ષેત્રાંતર થાય છે. નિશ્ચયથી પોતાનું ક્ષેત્ર ક્યારે પણ છૂટતું નથી.

( ૬૧૯ )

જ્ઞાનની પર્યાય જ્ઞેયની સાથે સંબંધ રાખે છે. જ્ઞાયકનો સંબંધ કોઇની સાથે નથી.

( ૬૨૦ )

પ્રશ્ન:–આ કાળે સત્‌સમાગમ લાભકારી છે?

ઉત્તર:–નિશ્ચય પોતાના આત્માનો સમાગમ કરવો તે જ સત્‌સમાગમ છે, અને લાભકારી છે. વ્યવહારથી દેવ, ગુરુ, શાસ્ત્ર અને ધર્માત્માનો સત્‌સમાગમ છે.

( ૬૨૧ )

હું ધ્યેયસ્વરૂપ છું, પરિણામ મારું ધ્યાન કરે છે.

( ૬૨૨ )

જેમાં થાક લાગે તેને હેય જાણો. શુભાશુભમાં થાક લાગે છે, શુદ્ધભાવમાં થાક નથી. પર્યાયને પર્યાયના સ્થાનમાં રહેવા દો.

( ૬૨૩ )

પોપટ ભૂંગળીમાં ઊંધો થઈ જાય છે. પડવાની બીકથી ભૂંગળીને છોડતો નથી. ભૂંગળીને છોડે તો ઊડવાનો સહજ સ્વભાવ છે; પોતાની સ્વાભાવિક શક્તિને ભૂલેલો છે. તે રીતે અજ્ઞાનીને પરિણામની પકડ છે, પોતાની શક્તિને ભૂલી જાય છે.

( ૬૨૪ )

સમ્યગ્દૃષ્ટિને રાગ પ્રત્યે પીઠ છે, મુખ નથી. હું તો સદા અંતર્મુખ છું, મારે વિકલ્પ સાથે સંબંધ નથી, તો બીજાની શું વાત? આત્મા જ નિજવૈભવ છે.

( ૬૨૫ )

હું પરિણામથી શૂન્ય છું એવું જોર આવવું જોઇએ.

( ૬૨૬ )

દ્રવ્યલિંગીને મંદ કષાયની મુખ્યતા અને દ્રવ્યની ગૌણુતા છે.

( ૬૨૭ )

મારી ભૂમિ વર્તમાનમાં જ એટલી નિષ્કંપ અને નક્કર છે કે હું વર્તમાનમાં જ નિર્ભય છું, નિરાલંબી છું, પરિપૂર્ણ છું, નિષ્ક્રિય છું, સુખરૂપ છું, કૃતકૃત્ય છું, ત્રિકાળ એકરૂપ છું, અચળ છું.

( ૬૨૮ )

( પોતાની પ્રસિદ્ધિના વિષયમાં પૂછ્યું ત્યારે કહ્યું ) કોઈ જાણે, ન જાણે તેમાં આત્માને કોઇ ફાયદો નથી. અનંત સિદ્ધો થઈ ગયા, આજકાલ કોઇ નામ પણ જાણતું નથી. તેમ જ અસંખ્ય સમ્યગ્દૃષ્ટિ અઢી દ્વીપ બહાર અત્યારે પણ મોજૂદ છે. કોણ જાણે છે? તમે કોઇના માટે બોજો ઉપાડો નહિ. હું મારી વાત મારા મુખથી કહી

શકું નહિ. કોઈ વાત બનાવી દેવી (ગોઠવી દેવી) તે મારાથી થઈ શકતું નથી.

( ૬૨૯ )

એક પલ્લામાં (છાબડામાં) આત્મા અને એક પલ્લામાં (છાબડામાં) ત્રણકાળ, ત્રણલોક. આત્માનું પલ્લું બેસી જાય છે. બીજું પલ્લું ઉલળી જાય છે.

( ૬૩૦ )

દ્રવ્યલિંગી મુનિએ ઊંધું વીર્ય બહુ લગાવ્યું છે. જેટલા જોરથી ઊંધા પડ્યા છે તેનાથી અધિક વીર્ય સમ્યક્ થવામાં લગાવવું પડશે. ત્યારે જ સમ્યક્ થશે.

( ૬૩૧ )

પૂ. ગુરુદેવના એક કલાકના પ્રવચનમાં પૂરેપૂરી વાત આવી જાય છે.

( ૬૩૨ )

(ધાર્મિક પર્વના દિવસોમાં મંદિરમાં પૂ. બેનશ્રીબેનની ભક્તિ જોઇને બોલ્યા) "આવી ભક્તિ મારામાં નથી. આ વાતમાં તો (હું) મારી ક્ષતિ જોઉં છું."

( ૬૩૩ )

(શ્રીમદ્ રાજચંદ્રજીના પત્રાંક નં. ૪૦૮ વાંચીને પ્રમોદથી ઉદ્‌ગાર નીકળ્યા) અહો! શું ચીજ આમાં રાખી દીધી છે !!

( ૬૩૪ )

આવી ( લાગણીપ્રધાન થઈને ચેષ્ટા કરવાની ) મારી પ્રકૃતિ નથી. તોપણ કોઈ યોગ્યતા પડી હશે, જે પોતાના સ્વકાળમાં બહાર આવી ગઈ. ( આ યોગ્યતાવશ સોગાનીજી રાજકોટ એરોડ્રામ ઉપર, શ્રી લાલચંદભાઈને ભેટી પડ્યા હતા. )

( ૬૩૫ )

પ્રશ્ન:-સમ્યગ્દર્શન પહેલાં આપની કેવી દશા હતી?

ઉત્તર:-નિર્વિકલ્પતા પહેલાં વિકલ્પનું એટલું દુ:ખ લાગ્યું હતું, એવી દશા થઈ હતી કે કાં તો દેહ છૂટી જશે અથવા વિકલ્પ ફાટી જશે! ત્રીજી વાત થવાવાળી ન હતી.

( ૬૩૬ )

નિશ્ચયગ્રંથ આત્મા છે, નિશ્ચયગુરુ આત્મા છે, અને નિશ્ચયદેવ પણ આત્મા છે. મૂળ વાત અહીંથી છે. પછી બહારના નિમિત્તો ઉપર ઉપચાર કરવામાં આવે છે.

( ૬૩૭ )

હું તો અત્યારે સિદ્ધ છું. ચૌદમું ગુણસ્થાન થશે અને પછી સિદ્ધાલયમાં જવાનું થશે. ક્ષેત્રાંતર વગેરે થશે પરંતુ તે બધાં કાર્યો પર્યાયમાં થશે. પર્યાયનાં કાર્યો પર્યાયમાં થાય છે, મારામાં નહિ. હું તો અત્યારે પણ સિદ્ધાલયમાં જ બેઠો છું. ક્યારેય ક્યાંય આવ્યો પણ નથી, ગયો પણ નથી.

( ૬૩૮ )

પ્રશ્ન:—પુરુષાર્થ કેમ કરવો ?

ઉત્તર:—હું વર્તમાનમાં જ અનંત વીર્યનો પિંડ છું, એ જ પુરુષાર્થ છે.

પ્રશ્ન:—દૃષ્ટિ તો ફેરવવાની છે ને ?

ઉત્તર:—હું જ ખુદ દૃષ્ટા છું; તે ભાવમાં દૃષ્ટિ ફેરવવાની નથી. વર્તમાનમાં જ કૃતકૃત્ય છું તેમાં કાંઈ કરવાનું નથી.

( ૬૩૯ )

પ્રશ્ન:—પરિણતિ અંતરમાં અભેદ રહે છે, તેથી આપ સાધક છો ?

ઉત્તર:—પર્યાયની અપેક્ષાએ મને સાધક કહો તો કહો. એમ તો હું ન સાધક છું, ન બાધક છું.

( ૬૪૦ )

આ ( ભવ ) તો મુસાફરી છે. હવે તો આખરની મુસાફરી છે.

( ૬૪૧ )

ગુરુદેવ માટે મારા હૃદયમાં શું છે તે ચીરીને કઈ રીતે બતાવું ? બસ, એ તો મારું જ્ઞાન જ જાણે છે.

( ૬૪૨ )

એક મુમુક્ષુ:—અમારે ભણવું નથી, મુનિ થવું છે !

સોગાનીજી:- અમારે તો ન ભણવું છે, ન મુનિ થવું છે. અમારામાં કાંઈ થવાનો સવાલ જ નથી. હું તો જે છું તે છું.

( ૬૪૩ )

મને એટલો થાક ( બાહ્યકાર્યમાં ) લાગે છે કે કેટલાય દિવસો એકાંતના મળે તોપણ થાક ઉતરે નહિ. એટલી એકાંતપ્રિયતા છે.

( ૬૪૪ )

( સાંજનો સમય ) પ્રસ્તાવ:-આપ અમારી સાથે ગુરુદેવ પાસે આવશો ?

ઉત્તર:-આપ જાઓ મેં તો ગુરુદેવને ( હૃદય ઉપર હાથ લગાવીને ) અહીં બેસાડી દીધા છે. ( પછી તેઓ ધ્યાનમાં બેઠા હતા. )

( ૬૪૫ )

પ્રશ્ન:-આપ કયા શાસ્ત્રનું વાંચન અત્યારે કરો છો ?

ઉત્તર:-શાસ્ત્ર વાંચનની ખાસ ટેવ રહી નથી, અને મારે ક્ષયોપશમ પણ વધારવો નથી.